# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જનાબે અબુતાલિબ બિન અબ્દુલ મુત્તલિબનું વર્ણન

(ગતાંકનું ચાલુ)

વાકદી કહે છે કે હઝરત અલી(અ.) ફરમાવતા હતા કે જ્યારે અબુ તાલિબનો ઈન્તેકાલ થયો તો મેં જનાબે રસૂલે મઆબ(સ.)ને તેના સમાચાર પહોંચાડ્યા. આપ ખૂબ જ રડ્યા અને મને ઈરશાદ કર્યો કે જાઓ, તેમને ગુસલ આપો અને કફન પહેરાવો. ખુદા તેમને બક્ષી દે.

અબ્બાસ(રઝી.)એ કહ્યું, યા રસૂલિલ્લાહ! શું આપ તેમની મગ્ફેરતની ઉમેદ ધરાવો છો ? આપે ફરમાવ્યું, અલ્લાહ કસમ, હું ઉમેદ રાખું છું અને આપ કેટલાય દિવસો સુધી ઘરમાંથી બહાર ન નીકળ્યા અને અબુતાલિબના માટે મગ્ફેરતની માગણી કરતા રહ્યા. ઈબ્ને અબ્બાસ કહે છે કે જનાબે રસૂલ(સ.)એ અબુતાલિબના જનાઝા માટે ઝઘડો ય કર્યો અને ફરમાવ્યું, અય કાકા ! હું તમારી સાથે સિલે રહમ બજાવી લાવ્યો અને અય કાકા ! તમને ખુદા જઝાએ ખૈર કરે.

જનાબે અલી કહે છે કે જ્યારે અબુતાલિબ મૃત્યુ પામ્યા તો મેં જનાબે સરવરે દુન્યા વ દીનને તેમના અવસાનની ખબર આપી. આપે મને ફરમાવ્યું, જાઓ તેમને નવડાવો અને કફન પહેરાવો અને દફન કરો. કેટલીક રિવાયતોથી એવું પણ જાણવા મળે છે કે આં હઝરત(સ.) તેમના જનાઝા ઉપર તશરીફ પણ લઈ ગયા બલ્કે તેમના જનાજાના માટે બની આમાલથી સંઘર્ષ પણ કર્યો છે. તેથી ઈબ્ને અસાકિર પોતાની તારીખમાં લખે છે : અર્થાત અલી આમિર હુઝની કહે છે કે જનાબે રસૂલિલ્લાહ(સ.) જનાબે અબુતાલિબના જનાઝા પર તેમના બની આમાલ સાથે સંઘર્ષ કરવા નીકળ્યા અને ફરમાવ્યું, અય કાકા ! હું તમારી સાથે સદવર્તન કરી ચૂક્યો.

એમાં પણ શંકાને સ્થાન નથી કે જનાબે અબુતાલિબ પોતાની ઓલાદને આં હઝરત(સ.)ની આજ્ઞાઓ મુજબ વસિયત કરતા રહ્યા. જનાબે અલી(અ.) ફરમાવે છે કે જ્યારે મેં ઈસ્લામ સ્વીકાર કર્યો તો મને અબુતાલિબ ફરમાવવા લાગ્યા, તમારા પિત્રાઈ ભાઈની આજ્ઞાઓનું પાલન કરો.

ઈમરાન બિન હસીન નકલ કરે છે કે જ્યારે જનાબે જાફર ઈસ્લામથી સન્માનિત થયા તો અબુતાલિબે તેમને કહ્યું, તારા પિત્રાઈ ભાઈના હાથ તરફ ઊભા થઈ જાઓ. જાફરે આં હઝરત(સ.)ની સાથે નમાઝ અદા કરી.

જ્યાં સુધી અબુતાલિબ જીવતા રહ્યા ત્યાં સુધી આં હઝરત(સ.)ને કોઈ પણ પ્રકારની તકલીફ નથી પહોંચવા દીધી. હિશામ બિન ઉમરૂ પોતાના પિતાથી નાકિલ છે કે જનાબે રિસાલત મઆબ(સ.) ફરમાવતા હતા કે જ્યાં સુધી અબુતાલિબ જીવતા રહ્યા ત્યાં સુધી અમને કુરૈશ તરફથી કોઈ તકલીફ પહોંચી નથી.

### જનાબે અમીર(અ.)નાં માતા જનાબે ફાતેમા બિન્તે અસદ બિન હાશિમનું વર્ણન

અલ્લામા ઈબ્ને હજર તેમના આ તરજુમામાં

લખે છે કે (ભાષાંતર) જનાબે ફાતેમા બિન્તે અસદ બિન હાશિમ, જનાબે અમીરુલ મોમિનીન અલી(અ.)નાં મહેરબાન માતા એવાં પહેલાં હાશમી સન્નારી છે કે જેમનાથી બની હાશિમના પ્રથમ ખલીફાનો જન્મ થયો અને ઝેહરા(રહે.) કે જેમણે સૌથી પહેલાં હદીસોને સંપાદિત કરી છે, તે ફરમાવે છે કે જનાબે ફાતેમા બિન્તે અસદ સૌ પ્રથમ હાશમી સન્નારી છે કે જેઓ હાશમી પુરૂષ જનાબે અબુતાલિબ દ્વારા હામેલા બનીને બાળકને જન્મ આપ્યો છે. અર્થાત જનાબે અમીર(અ.) એવા પ્રથમ હાશમી છે કે જેમનાં બન્ને મા-બાપ હાશમી હતાં.

જનાબે ફાતેમા બિન્તે અસદના ઈસ્લામ લાવવાની બાબતમાં બધા જ ઈતિહાસકારો એકમત છે કે તેઓ આં હઝરત(સ.)ની સાથે હિજરત કરવામાં પણ સાથે હતાં અને સૌ પ્રથમ ઈસ્લામ લાવનારાઓની યાદીમાં હઝરત ખદીજતુલ કુબરા પછી તેમનું નામ લખાયેલું છે. આં હઝરત(સ.) આપને પોતાની માતાની સમકક્ષ સમજતા હતા.

અનસ બિન માલિક(રઝી.) થી રિવાયત છે કે જ્યારે જનાબે ફાતેમા બિન્તે હાશિમ, જનાબે અલી(અ.)ની મહેરબાન માતાનો ઈન્તેકાલ થઈ ગયો તો જનાબે રિસાલત મઆબ(સ.) તેમના જનાઝા પર તશરીફ લઈ ગયા અને તેમના ઓશિકાવાળા ભાગ પાસે બેસી ગયા અને ફરમાવ્યું, અય મારી મા ! તમારા પર ખુદા રહમ કરે. તમે મારી માતા પછી મારી માતા હતાં. તમે પોતે ભૂખ્યાં રહેતાં હતાં અને મને ખવડાવતાં હતાં. તમે ઓછાં કપડાંથી ચલાવી લેતાં હતાં અને મને કપડાં પહેરાવ્યા કરતાં હતાં. તમે પોતે સારું ખાવાનું ખાવાથી પોતાની જાતને રોકતાં હતાં અને મને ખવડાવતાં હતાં. તો ખાસ ખુદા માટે અને આખેરતના ઘર માટે આવો સુવ્યવહાર મારી સાથે કરતાં હતાં.

અનસ કહે છે કે ત્યાર પછી જનાબે રસૂલિલ્લાહ(સ.)એ તેમના ગુસલનો હુકમ કર્યો. જ્યારે તે પાણી રેડવાનો સમય આવ્યો કે જેમાં કપૂર મિલાવેલું હતું, આપે પોતાના પવિત્ર હાથે તેમની મૈયત ઉપર પાણી રેડ્યું અને (કફન તરીકે) પોતાનું પહેરણ પહેરાવ્યું અને જનાબે ઉમર બિન ખત્તાબ અને અસ્મા બિન ઝૈદ અને અબુ ઐયુબ અન્સારી (રઝી.)ને કબર ખોદવાનો હુકમ કર્યો. જ્યારે તેઓ કબર ખોદી ચૂક્યા અને લહદ બનાવવા સુધી પહોંચ્યા તો આપે પોતાના પવિત્ર હાથથી તેને ખોદવાનું શરૂ કર્યું અને તેમાંથી માટી કાઢી અને તેમાં સૂઈ ગયા અને તેમને ખુદ હુઝૂર(સ.)એ અને જનાબે અબુબકર અને અબ્બાસે કબરમાં ઊતાર્યા. પછી તેમના માટે આવી દુઆ પઢી કે અય પરવરદિગાર ! મારી મા ફાતેમા બિન્તે અસદની મગ્ફેરત કરજે અને તેમની દલીલની તેમને તલ્કીન ફરમાવ અને તેમના માટે તેમની કબરને વિસ્તૃત કરી દેજે, તારા નબી મોહંમદ(સ.) અને અન્ય અંબિયા(અ.)ના તુફયલથી કે જેઓ મારા પહેલાં ગુઝરી ચૂક્યા છે.

ઈબ્ને અબ્બાસ(રઝી.)થી પણ આવી જ રીતે મરવી છે. તેમણે આ બાબતને પોતાની રિવાયતના વધારામાં એ બયાન કર્યું છે કે જ્યારે જનાબે સરવરે કાઈનાત(સ.) તેમની કબરમાં પોતે જ સૂઈ ગયા તો સહાબીઓએ અરજ કરી, યા રસૂલિલ્લાહ ! આપે એમની સાથે એવું કાર્ય કર્યું છે કે જેવું આ પહેલાં બીજા કોઈની સાથે કર્યું નથી. આપે ફરમાવ્યું કે અબુતાલિબના પછી આમના કરતાં વધારે મારી સાથે નેકી કરનાર કોઈ ન હતું. મેં એટલા માટે મારું પહેરણ તેમને પહેરાવ્યું કે જેથી તેઓ જન્નતનો પોષાક પહેરે અને તેમની કબરમાં હું એટલા માટે સૂઈ ગયો કે કબરના અઝાબ આસાન થઈ જાય. જનાબે અમીરે પણ આ હદીસ થોડા ફેરફાર સાથે રિવાયત કરી છે. *

# હુસૈન ઈબ્ને અલી(અ.) حُسینؑ بنِ علیؑ

| | |
|---|---|
| ચરાગે બઝ્મે હિદાયત હુસૈન'બ્ને અલી, | چراغِ بزمِ ہدایت حُسینؑ بنِ علیؑ |
| નશાને રાહે સદાકત હુસૈન'બ્ને અલી, | نشانِ راہِ صداقت حُسینؑ بنِ علیؑ |
| શરીકે નૂરે રિસાલત હુસૈન'બ્ને અલી. | شریکِ نورِ رسالت حُسینؑ بنِ علیؑ |
| અમીને રાઝે મશીયત હુસૈન'બ્ને અલી. | امینِ رازِ مشیّت حُسینؑ بنِ علیؑ |
| | |
| રિયાઝે શાહે વિલાયત હુસૈન'બ્ને અલી, | ریاضِ شاہِ ولادت حُسینؑ بنِ علیؑ |
| મુસાફિરે રહે ગુરબત હુસૈન'બ્ને અલી. | مسافرِ رہِ غربت حُسینؑ بنِ علیؑ |
| | |
| નિગાહે ઔનો મોહંમદકી બરહમી લેકર, | نگاہِ عون و محمدؑ کی برہمی لے کر |
| શુઊરે કાસિમે ગુલગૂંકી પુખ્તગી લેકર. | شعورِ قاسمِ گلگوں کی پختگی لے کر |
| શબાબે અકબરે ગાઝીકી દિલકશી લેકર, | شبابِ اکبرِ غازی کی دلکشی لے کر |
| સગીરકે લબે અફસુર્દાકી હંસી લેકર. | صغیر کے لَبِ افسردہ کی ہنسی لے کر |
| | |
| ઉઠાયા બારે શહાદત હુસૈન'બ્ને અલી, | اٹھایا بارِ شہادت حُسینؑ بنِ علیؑ |
| મુસાફિરે રહે ગુરબત હુસૈન'બ્ને અલી. | مسافرِ رہِ غربت حُسینؑ بنِ علیؑ |
| | |
| જવાન ભાઈકે શાને વફાકી નઝર હુએ, | جوان بھائی کے شانے وفا کی نزر ہوئے |
| દિલો જીગરકે ખઝાને વફાકી નઝર હુએ. | دل و جگر کے خزانے وفا کی نزر ہوئے |
| હુસૈનિયતકે તરાને વફાકી નઝર હુએ, | حُسینیت کے ترانے وفا کی نزر ہوئے |
| ગમે અતશકે ફસાને વફાકી નઝર હુએ. | غمِ عطش کے فسانے وفا کے نزر ہوئے |
| | |
| ઘટા ન જઝ્બએ નુસરત હુસૈન'બ્ને અલી, | گھٹا نہ جزبۂ نصرت حُسینؑ بنِ علیؑ |
| મુસાફિરે રહે ગુરબત હુસૈન'બ્ને અલી. | مسافرِ رہِ غربت حُسینؑ بنِ علیؑ |

| | |
|---|---|
| રહે રઝામેં બસદ શૌક હર ખુશી દે દી, | رہِ رضا میں بصد شوق ہر خوشی دیدی |
| જીગરકે ટુકડે નિગાહોંકી રોશની દે દી. | جگر کے ٹکڑے نگاہوں کی روشنی دیدی |
| હુરે જરીકે ઈરાદોંકી તાજગી દે દી. | حُرِ جری کے ارادوں کی تازگی دیدی |
| હબીબ'બ્ને મઝાહિરકી દોસ્તી દે દી. | حبیب بنِ مظاہر کی دوستی دیدی |
| | |
| હૈ બદ્રે અર્શે સખાવત હુસૈન'બ્નો અલી, | ہیں بدرِ عرشِ سخاوت حُسینؑ بنِ علیؑ |
| મુસાફિરે રહે ગુરબત હુસૈન'બ્નો અલી. | مسافرِ رہِ غربت حُسینؑ بنِ علیؑ |
| | |
| હઝાર ઝખ્મ લગે એક તને મુતહ્હર પર, | ہزار زخم لگی اک تنِ مطہّر پر |
| ચલા ગલૂએ મુબારક પે શિમ્રકા ખંજર. | چلا گلوئے مبارک پہ شمر کا خنجر |
| બુલંદ નોકે સિનાં પર હુવા સરે અનવર, | بلند نوکِ سناں پر ہوا سرِ انور |
| હુવા નસીબ ગમે બેરિદાઈએ ખ્વાહર. | ہوا نصیب غمِ بے ردائی خواہر |
| | |
| ગઈ ન રૂખકી બશાશત હુસૈન'બ્નો અલી, | گئی نہ رُخ کی بشاشت حُسینؑ بنِ علیؑ |
| મુસાફિરે રહે ગુરબત હુસૈન'બ્નો અલી. | مسافرِ رہِ غربت حُسینؑ بنِ علیؑ |
| | |
| વો ફર્કે સિબ્તે રસૂલે ખુદા વો સજ્દએ હક, | وہ فرقِ سبطِ رسولِ خدا وہ سجدۂ حق |
| વો રેગે ગર્મ, વો દશ્તે બલા, વો સજ્દએ હક. | وہ ریگِ گرم وہ دشتِ بلا وہ سجدۂ حق |
| વો જઝ્બે શૌક, વો સોઝ, વફા, વો સજ્દએ હક, | وہ جذبِ شوق وہ سوز وفا وہ سجدۂ حق |
| વો સુખે હોટોં પે હર્ફે દુઆ, વો સજ્દએ હક. | وہ سوکھے ہونٹوں پہ حرفِ دعا وہ سجدۂ حق |
| | |
| વો તેરી શાને ઈબાદત હુસૈન'બ્નો અલી, | وہ تیری شانِ عبادت حُسینؑ بنِ علیؑ |
| મુસાફિરે રહે ગુરબત હુસૈન'બ્નો અલી. | مسافرِ رہِ غربت حُسینؑ بنِ علیؑ |

**શબ્દાર્થ** **સદાકત** : સચ્ચાઈ **મશીયત** : અલ્લાહની ઈચ્છા **રિયાઝ** : અભ્યાસ, તપસ્યા **રહે ગુરબત** : પરદેશનો રસ્તો **બરહમી** : ક્રોધિત, ગુસ્સે ભરાયેલી **શુઊર** : સભ્યતા, વિવેક **ગુલગૂં** : ફૂલ જેવા **પુખ્તગી** : દ્રઢતા **દિલકશી** : મનોહરતા **અફસુર્દા** : કરમાયેલા **બારે શહાદત** : શહાદતનો વજન **તરાને** : ગીતો **બદ્ર** : પૂનમનો ચાંદ **અર્શે સખાવત** : સખાવતની ઈચ્ચતા **મુતહ્હર** : પવિત્ર **નોકે સિનાં** : ભાલાની અણી **ખ્વાહર** : બહેન **બશાશત** : ખુશી, આનંદ **રેગે ગર્મ** : ગરમ રેતી **સોઝ** : જલન, બળતરા **હર્ફે દુઆ** : દુઆના શબ્દો

હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

**બયાન નં.૮૮**

**ફિકર કા મુલ યું દુર કીજે,**
**કે કાંમ હવાલે પીયા કે રે દીજે.**

(હઝરત પીર મશાયખ(રહેમતુલ્લાહ અલયહા) બાવા ફરમાવે છે કે હે તરીકતના પથિકો! તમે ફિકરને જડ મૂળથી આવી રીતે દૂર કરી દેજો કે એ કાર્ય તમે પીયુના હવાલે કરી દેજો.)

**કે વે રે કાંમ મેં કીતા જે હુકમ રે દીયા,**
**લખીઆ કરમકા વેસા મેં રે લીયા.**

(ફિકરનું કાર્ય પીયુને એ રીતે સોંપી દેજો કે જેવો હુકમ આપવામાં આવ્યો છે એ પ્રમાણે મેં કાર્ય કર્યું છે. મારા ભાગ્યમાં જેવું લખેલું હતું એવું મેં મેળવ્યું છે.)

**ફાયદા ને ખોટ આપસું નાં જાંને,**
**એ કાંમ સબ કીતે તો પીયાસું પિછાંને.**

(ફાયદો શું છે અને ખોટ શું છે એ બધું હું કંઈ જાણતો નથી. મેં તો આ બધાં કામો પીયુ પાસેથી જાણ્યાં છે.)

**આગલા રે કાંમા મન નાં ધરના,**
**કે ઉમેદ જીવકી ઘડીએ નાં કરના.**

(અગાઉ જે કાર્યો કરી દીધાં હોય તે કાર્યોને મનમાં લાવવાં જ નહીં અને જીવની ઉમેદ એટલે કે લાંબું જીવવાનું છે એવી આશા એક ઘડી માટે પણ કરવી નહીં.)

**પીયા જ્યું રે ચા'વે ત્યું કાંમ કરાવે,**
**વે પંથી રે અજાંના એ મરમ નાં પાવે.**

(પીયુજી જેવી ઈચ્છા રાખે છે એવું કાર્ય તે પોતાના બંદાની પાસે કરાવે છે. આ બાબતથી પંથી અજાણ્યો છે અને તેનો ભેદ પામી શકતો નથી.)

**જે હે રે કામ કરના, વે એકઠે નાં કીજે,**
**જ્યું હુકમ હોવેગા, તું કરના પતીજે.**

(જે પણ કામ કરવાનાં હોય તે બધાં કાર્યો એક સાથે કરી લેતો નહીં. જેમ જેમ કામ કરવાનો હુકમ આવે તે પ્રમાણે તારે કામ પતાવવાનાં છે.)

**સુન રે પંથી એ સબ મેલ ફિકર,**
**ઉસકું યું દુર નાંખ મનમેં ના ધર.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે અય તરીકતના પંથી ! આ બધી ચિંતા અને ફિકર તું છોડી દે. આ બધી ફિકરને તું દૂર નાખી દે અને તારા મનમાં રાખતો નહીં.)

**તો કરાર દરવાંના તબ જાને પાવે,**
**જાં તું રે બેઠા વાં દોડા આવે.**

(જો તું આ મુજબ કરીશ તો તું કરારના અર્થાત શાંતિ-સુકૂનના દ્વારપાળને મેળવી શકીશ અને જ્યાં તું બેઠો હોઈશ ત્યાં તે દરવાન-દ્વારપાળ દોડતો ને દોડતો તારી પાસે આવી જશે.)

**તો કરાર તેરા હોવે દરવાંના,**
**તબ ખોલ રે તાલા જ દીયા હે ગમાંના.**

(જો તું એ રીતે વર્તીશ તો કરાર અર્થાત શાંતિનો દરવાન-દ્વારપાળ તારો પોતાનો થઈ જશે અને ગુમાને-અભિમાને જે તાળુ મારી દીધું છે તેને પેલો દરવાન ખોલી આપશે.)

**દેખો રે પંથી જે હિરસ હે રે તેરા,**
**✶ઉસ ઠાંમ કરાર બાસ અનેરા.**

---

✶ઉસ ઠામ બાસ કરાકા ના હોવે રે અનેરા.

(અય તરીકતના પંથી ! તું જો જે કે તારામાં જો હિરસ કે લોભ લાલચ રહેલ હશે તો તે જગ્યાએ કરાર-શાંતિનો વાસ રહેશે નહીં.)

**જબ જીવ પંથીકા શીશ ચઢ જાવે,**
**સુખ કરારકા તબ જા બોત વે પાવે.**

(જયારે તરીકતના પંથીનો જીવ તેના મસ્તકમાં ચઢી જશે ત્યારે જ તે શાંતિના સુખનો પુષ્કળ અનુભવ કરશે.)

**વે કે'વે ઉસકું નીંદ કા નાંમા,**
**જે કરાર જીવકા નાં બુઝે ઠાંમા.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે આ અવસ્થાને નિંદ અર્થાત ઊંઘ એવું નામ આપવામાં આવ્યું છે. આવી શાંતિ - આવો કરાર જીવને બીજે કોઈ ઠેકાણે નહીં મળે.)

**ઉસ વખત જીવડા સુખ એસા પાવે,**
**જો સર કોઈ કાટે તો દરદ નાં આવે.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે એ વખતે પંથીનો જીવ એટલું બધું સુખ પામશે કે જો એ અવસ્થામાં તેનું માથુ કોઈ કાપી નાખે તો પણ તેને દરદ અથવા વેદનાનો અનુભવ નહીં થાય.)

**જો પંથી કે ઢુંઢા પાવે રે કરારા,**
**નાંખ ફિકર તો બેઠે કરાર કે આધારા.**

(જો તરીકતનો પંથી આ પ્રકારનો કરાર, આ પ્રકારની શાંતિ મેળવે તો તે ફિકરને દૂર ફેંકી દઈને કરારના આધારે બેસી રહેશે.)

**તબ તુજ તન એસા નેહ જ આવે,**
**કીલી રે તાલેકી વે રે તુજે પાવે.**

(હે તરીકતના પંથી ! જો તું કરાર રૂપી તાળાની ચાવીને પ્રાપ્ત કરી લે તો તારા તન બદનમાં સ્નેહ ખૂબ જ ઉભરાશે.)

**તબ તાંએ તેરા પીયાસું રે નેહા,**
**કે કરાર તુજકું નાં દેવે રે છેહા.**

(એ વખતે તે જગ્યાએ તને તારા પીયુ પ્રત્યેના પ્રેમના લીધે એટલો બધો કરાર-એટલી બધી મનની શાંતિ મળશે કે તે કરાર તને દગો દઈને ચાલ્યો નહીં જાય.)

**નેહ પીયાકા તો પંથી તન લાગે,**
**જો મકાંન કરાર કે બેઠે ને માગે.**

**-: રે તુંહી :-**

(તરીકતના પંથીને તેના તન બદનમાં ખૂબ જ પ્રેમનો અનુભવ થશે કેમકે તે વખતે તે કરારના મકાનમાં-શાંતિધામમાં બેઠેલો હશે.)

**મકાંન કરારકા તુજ તના, જાંના જીવને બાસ રે,**
**જાંના જીવને બાસ;**
**તો નેહ લાગે પીયુંસું જો કરાર હોય તેરે પાસ રે,**
**જો કરાર હોય તેરે પાસ.**

(કરારના મકાનમાં તારા શરીરે વાસ કર્યો અને જીવે અનુભવ કર્યો. જો તારી પાસે કરાર હોય, શાંતિ હોય તો તારા દિલને પીયુના સ્નેહનો જ અનુભવ થાય.)

**બયાન નં.૮૯**

**પહેલા તો કીજે અપના કરારા,**
**તો રે ખુલે પંથી પંથ કમારા.**

(હઝરત પીર મશાયખ(રહેમતુલ્લાહ અલયહા) બાવા ફરમાવે છે કે હે તરીકતના પંથી! સૌ પ્રથમ તો તું કરારને હસ્તગત કરી લે. હે પંથી ! ત્યાર પછી જ તારા પંથનાં કમાડ-તારા પંથનો દરવાજો ખુલશે.)

**પવન કું રાખ કર ચાબુક અપની,**
**પંથી એ તરીકત યું મન ધરની.**

(હે પંથી ! પવન રૂપી ચાબુકને તું તારા હાથમાં રાખજે. હે પંથી ! તરીકતને તું તારા મનમાં આ રીતે ધારણ કરજે.)

**એ આઠ કરોડ રૂઆં જે હે રે તુ જ તંના,**
**વે સબકું મું હે એ પંથી રાખ મંના.**

(તારા શરીર ઉપર આઠ કરોડ જેટલાં રૂંવાડાં છે, બાલ છે અને આ બધાં જ રૂંવાડાંને મોઢાં છે

એટલે કે આ બધાં રૂંવાડાંને અલ્લાહે વાચા આપી છે. હે પંથી ! આ બાબત તું ધ્યાનમાં રાખજે.)

**ઉંગલીયાં તુજ તન હાથ પગું કહીએ,**
**મુંહ ભી ઉનું કું પંથી સુન લહીએ.**

(હે તરીકતના પંથી ! એ પણ સાંભળી લે કે તારા હાથની અને પગની જે આંગળીઓ છે તે બધાયને પણ મોઢાં છે, વાચા છે.)

**સબ તનું મુખ હેં સો પંથી તુજ દેહા,**
**તો ખેંચ દમ અપના ✶ઉનું કર નેહા.**

✶અને

(હે તરીકતના પંથી ! તારા શરીરના જેટલા પણ અવયવો છે એ બધા જ અવયવોને મોઢાં છે તેથી જ્યારે પણ તું શ્વાસ લે ત્યારે પ્રત્યેક શ્વાસે તેમની સાથે સ્નેહ કરજે.)

**તુજ તન રાજા, સો જીવ હે કેરા,**
**તખત રે જીવકા સો તનમેં અનેરા.**

(હે પંથી ! તારા શરીરમાં જે જીવ છે તે તારા તનનો એટલે કે શરીરનો રાજા છે અને તારા શરીરની અંદર આ જીવ માટેનું વિશિષ્ટ પ્રકારનું તખત-અનેરું સિંહાસન આવેલું છે.)

**વે જીવ હે રે કે'તા હર દમ અલ્લા',**
**જો બુઝે વે રે પંથી તો પહોંચે રે કમલ્લા.**

(શરીરમાં જે જીવ છે તે હરદમ **'અલ્લાહ, અલ્લાહ'**નો ઝિક્ર કર્યે જાય છે. જો પંથી એની એટલે કે અલ્લાહની માઅરેફતને જાણી લે તો તે કમાલના-પરિપૂર્ણતાના દરજ્જે પહોંચી જાય.)

**જો ચાબુક દમકી બોત ફિરાવે,**
**તો ચોરૂંકું માર કર કબજેમેં લાવે.**

(જો તરીકતનો પંથી પોતાના શ્વાસ રૂપી ચાબુકને ખૂબ ઘુમાવતા રહે તો તે (પોતાના શરીરમાં રહેલા દુર્ગુણોરૂપી) ચોર ડાકૂઓને પોતાના કબજામાં રાખી શકે.)

**તો સબ તન દેખે જે કે'તા હે પીયા,**
**વે હુકમમેં રાજા કે જેતે તન જીયા.**

(જો બધા જ અવયવો તેમના રાજાને પીયુનું રટણ કરતા જુએ તો જીવ રૂપી રાજાના હુકમમાં એ બધા જ અવયવો (કાબૂમાં) રહેશે.)

**કોડ લુવારે જબ રે સંવારી,**
**ભીતર કોયલે ભરે રે અપારી.**

(લુહાર જ્યારે પોતાની કોડને - પોતાની ભઠ્ઠીને તૈયાર કરે છે ત્યારે તે ભઠ્ઠીની અંદર ખૂબ જ કોલસા ભરી દે છે.)

**આતશ છોડી થોડી ઉસ માંહાં,**
**આપસું રે સિલગે કોયલે રે તાંહાં.**

(લુહાર તે ભઠ્ઠીમાં થોડીક જ આગ મૂકે છે અને ત્યાર પછી તો તે કોલસા તેની અંદર આપમેળે જ સળગવા માંડે છે.)

**સબ તન આતશ કોયલે હુવે,**
**જીવતે હા બેઠે નાં રહે રે મુવે.**

(લુહારની ભઠ્ઠીમાં બધા જ કોલસા આગનું સ્વરૂપ ધારણ કરી લે છે. બધા જ કોલસા આગથી જીવતા થઈ જાય છે, એક પણ કોલસો મરેલો અર્થાત સળગ્યા વગરનો રહેતો નથી.)

**પણ મેલ બોત રાખકા ઉનું પર આયા,**
**તેજ તો ઉનુંકા રહા રે છુપાયા.**

(કોલસા સળગી જાય ત્યાર પછી તેમના ઉપર રાખ રૂપી મેલ જામી જાય છે અને તેના લીધે કોલસાનું જે તેજ છે તે રાખની અંદર છુપાઈ જાય છે.)

**જબ લુહાર કારીગર ઉસ ઠાંમ આવે,**
**તો ધમણ પવનકી વે રે મંગાવે.**

(જ્યારે લુહાર રૂપી કારીગર એ જગ્યાએ આવે છે ત્યારે ભઠ્ઠીમાં કોલસા ઉપર જામેલી રાખને ઉડાડવા માટે પવનની ધમણ મંગાવે છે.)

**જું પવનકા જોરા હોવે એક ઠાંહાં,**
**પણ આતશ ઝબુકે સબ કોડ માંહાં.**

(લુહારની ધમણના પવનનું જોર જેવું એક જ જગ્યાએ પેદા થાય છે કે તરત જ આગ પોતાના

પૂર્ણ સ્વરૂપે ઝબુકવા લાગે છે.)

**યું ચાબુક રે પવના પંથી રે ફિરાવે,**
**તો સબ તન દેહા જોત જગાવે.**

**-: રે તુંહી :-**

(બસ એવી જ રીતે જો તરીકતનો પંથી પોતાના શરીરમાં પવનરૂપી ચાબુકને ફેરવ્યે રાખે તો શરીરના બધા જ અવયવોમાં જ્યોતો જાગી જાય.)

**સબ તન પીયુજી અપના, રૂં રૂં જાંણે જીયુ રે,**
**રૂં રૂં જાંણે જીયું;**
**જો તખત જીયુકા દેખીઆ, તો તુજે પાવે પીયુ રે,**
**તો તુજે પાવે પીયુ.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે હે તરીકતના પંથી ! તારા શરીરના પ્રત્યેક અવયવમાં પીયુજીનો વાસ છે અને તારૂં રૂંવે રૂંવું જીવને ઓળખે છે. જો એક વખત જીવના તખતને તેં જોઈ લીધું તો તું સમજી લેજે કે તેં પીયુજીને પ્રાપ્ત કરી લીધો.) ✻



## લગ્ન વિષયક

❖ દમણ નિવાસી
❖ છોકરો ડિપ્લોમા મિકેનીકલ એન્જિનિયરીંગ
❖ ઉંમર-૨૪ વર્ષ, ઊંચાઈ-૫.૬
❖ મોબાઈલ નં. : ૮૧૪૧ ૪૬૫૦ ૧૮
❖ છોકરાની સર્વિસ ચાલુ છે.
❖ Email : siraj.engimech@gmail.com

ઉપર મુજબની વિગતવાળા છોકરા માટે છોકરી જોઈએ છે. છોકરી નીચે મુજબ હોવી જોઈએ.

❖ ભણેલી(વેલ એજ્યુકેટેડ)
❖ સંસ્કારી
❖ ગ્રેજ્યુએટ કન્યાને પ્રથમ પસંદગી
❖ શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતની હોવી જોઈએ.

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

# ? ઈસ્લામી કવીઝ નં. ૨૦૮

**(૧) જમીન અને આસમાન કોના નૂરમાંથી પેદા કરવામાં આવ્યાં છે ?**
(A) જનાબે ફાતેમા ઝેહરા(અ.)ના નૂરમાંથી
(B) હઝરત અલી મુર્તઝા(અ.)ના નૂરમાંથી
(C) હઝરત ઈમામ હસન(અ.)ના નૂરમાંથી

**(૨) ગદીરે ખુમમાં મૌલા અલી(અ.)ની વિલાયતનો ઈન્કાર કરનાર પ્રથમ માણસ કોણ હતો ?**
(A) અબુ લહબ (B) અબુ સુફિયાન
(C) હારિસ બિન નોઅમાન ફેહરી

**(૩) 'શઆએરીલ્લાહ'નો અર્થ શું થાય ?**
(A) અલ્લાહની નિશાનીઓ
(B) અલ્લાહનો રંગ (C) અલ્લાહની શરીઅત

**(૪) એવા કયા નબી થઈ ગયા કે જેમની સત્તા માણસો, જિન્નાતો, પક્ષીઓ, હવા, વગેરે ઉપર ચાલતી હતી ?**
(A) હઝરત દાઉદ(અ.)
(B) હઝરત સુલયમાન(અ.)
(C) હઝરત ઓઝૈર(અ.)

**(૫) મૌલાના રૂમ જલાલુદ્દીન રૂમી કયા પીરના મુરીદ હતા ?**
(A) પીર સૈયદ શમ્સુદ્દીન(રહે.)
(B) પીર સૈયદ કબીરૂદ્દીન(રહે.)
(C) પીર સૈયદ સલાહુદ્દીન(રહે.)

**(૬) હઝરત રસૂલે ખુદા(સ.)ની વફાત પછી મૌલા અલી(અ.)એ જે પ્રથમ જંગ જંગે જમલ લડવો પડ્યો તે કઈ જગ્યાએ લડાયો હતો?**
(A) નહેરવાનમાં (B) સિફ્ફીનમાં
(C) બસરામાં

**(૭) બાળકનો જન્મ થયા પછી તેને જે ગુસલ આપવામાં આવે છે તે કયા નામથી ઓળખાય છે ?**
(A) ગુસલે વિલાદત (B) ગુસલે તવલ્લુદ
(C) ગુસલે નજાસત

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## Life (જિંદગી/જીવન)

هر دم از عمر میرود نفسی
چون نگه می کنم نمانده بسی
ای که پنجاه رفت و در خوابی
مگر این پنج روزه دریابی
خجل آن کس که رفت و کار نساخت
کوس رحلت زدند و بار نساخت

**હર દમ અઝ ઉમ્ર મીરૂદ નફસી**
**ચૂન નિગાહ મી કનમ નમાનદા બસી**
**અય કે પંજા રફત વ દર ખ્વાબી**
**મગર ઐન પંજ રોઝા દરયાબી**
**ખજલ આન કસ કે રફત વ કાર નસાખત**
**કૂસ રહલત ઝદનદ વ બાર નસાખત**

(દરેક ક્ષણે જીવનનો એક શ્વાસ ખર્ચાઈ જાય છે. જ્યારે હું તેનું અવલોકન કરું છું તો મને એવું લાગે છે કે તેમાંનું હવે કંઈ બાકી રહ્યું નથી. અય તું કે જે અડધી સદી વટાવી ચૂક્યો છે ! અને હજુ ય તારે જાગવાનું છે, તું ચોક્કસ માન કે તારી જિંદગીના બાકીના વધેલા પાંચ દિવસોનો ફાયદો ઉઠાવી લે. માનભંગ થયેલો છે તે કે જે કોઈ સત્યકૃત્ય બજાવી લાવ્યા વગર જ આ દુનિયાથી કૂચ કરી ગયો. દુનિયાથી વિદાય થવાનો ઢોલ વાગી ગયો છે અને તેણે આખેરત માટે કોઈ ભાથું તૈયાર કર્યું નથી.)

کوسِ رحلت بکوفت دستِ اجل
ای دو چشمم وداعِ سر بکنید
ای کفِ دست و ساعد و بازو
همه تودیعِ یکدگر بکنید
بر منِ اوفتاده دشمن کام
آخر ای دوستان گذر بکنید
روزگارم بشد به نادانی
من نکردم، شما حذر بکنید

**કુસો રહેલત બાકુફત દસ્ત અજલ**
**અય દો ચશમમ વિદાએ સર બાકનીદ**
**અય કફ દસ્ત વ સાઅદ વ બાઝૂ**
**હમા તૂ દીએ યકદદિગર બાકનીદ**
**બાર મનો અવ ફતાદા દુશ્મન કામ**
**આખર અય દોસ્તાન ગુઝર બાકનીદ**
**રોઝગારમ બશદ બો નાદાની**
**મન નકરદમ સામા હઝર બાકનીદ**

(મોતના પંજાએ દુનિયાથી વિદાય થવાનું નગારું વગાડી દીધું છે. અય મારી આંખો ! તમે મસ્તકને વિદાય આપી દો. અય મારી હથેળીઓ ! કાંડાઓ, ભૂજાઓ ! તમે બધા એક બીજાને છેલ્લી સલામ કરી લો. અય મિત્રો ! આવો અને હવે મારી મુલાકાત કરી લો કેમકે હું મારા દુશ્મન (મોત) સામે હારી ગયો છું. મેં મારું આખું જીવન અજ્ઞાનતામાં વેડફી નાખ્યું છે અને મેં મારા સમયનો ચતુરાઈપૂર્વક સદુપયોગ કર્યો નથી. મારા નિરથર્ક જીવન ઉપરથી તમે સબક લો.)

بدین امید بسر شد دریغ عمر عزیز
که آنچه در دلم است، از درم فراز آید
امید بسته برآمد، ولی چه فایده زانک
امید نیست که عمر گذشته بازآید

**બદીન ઉમીદ બસર શદ દરીગ ઉમર અઝીઝ**
**કે આંચા દર દિલમ અસ્ત, અઝ દરમ ફરાઝ આયદ**
**ઉમીદ બસ્તા બરામદ વલીચે ફાયદા ઝાન્ક**
**ઉમીદ નીસ્ત કે ઉમર ગુઝિશ્તા બાઝ આયદ**

(અફસોસ ! કિંમતી જીવન એવી આશામાં ને

આશામાં પસાર થઈ ગયું કે જે મારું દિલ ઈચ્છા રાખે છે તે હું પ્રાપ્ત કરી લઈશ. મારી ઈચ્છા પરિપૂર્ણ થઈ ગઈ પરંતુ તે શું કામની? કારણ કે હું મારા ભૂતકાળની જિંદગીને પાછી મેળવવા માટે આશાવાદી નથી.)

**Lineage (વંશ/ખાનદાન)**

چو کنعان را طبیعت بی هنر بود
پیمبرزادگی قدرش نیفزود
هنر بنمای اگر داری، نه گوهر
گُل از خار است و ابراهیم از آزر

**ચૂ કિન્આન રા તબીયત બી હુનર બૂદ**
**પયગમ્બરઝાદગી કુદરશ નીફઝૂદ**
**હુનર બનુમાઈ અગર દારી, ન ગૌહર**
**ગુલ અજ ખાર અસ્ત વ ઈબ્રાહીમ અઝ આઝર**

((નૂહ(અ.)નો પુત્ર) કિન્આન સદ્‌ગુણી ન હોવાને કારણે પયગમ્બરઝાદો હોવા છતાં પોતાની લાયકાતમાં વધારો કરી ન શક્યો. તમારી પોતાની કોઈ સિધ્ધિઓ જો હોય તો બતાવો, અને તમારું ખાનદાન ન બતાવો કેમકે ગુલાબનું ફૂલ કાંટાઓમાંથી આવે છે અને ઈબ્રાહીમ પયગમ્બર(અ.) આઝર(ના ઘરમાં)થી આવે છે.)

નોંધ : પયગમ્બર ઈબ્રાહીમ(અ.) મહત્વના પયગમ્બરોમાંથી છે કે જેમને યહૂદીઓ, ખ્રિસ્તીઓ અને મુસ્લિમો બધા જ સરખી રીતે સન્માનની દૃષ્ટિએ જુએ છે.

**Loan (કર્ઝ)**

وامش مَده آنکه بی نماز است
گرچه دهَنش ز فاقه باز است
کو فرضِ خدا نمی گزارد
از قرضِ تو نیز غم ندارد

**વા મશ મદા આંકે બી નમાઝ અસ્ત**
**ગરચે દહનશ ઝ ફાકા બાઝ અસ્ત**
**કૂ ફરજે ખુદા નમી ગુઝારદ**
**અઝ કર્ઝે તવનેઝ ગમ નદારદ**

(જે નમાઝ ન પઢતો હોય તેને પૈસા ઉછીના આપશો નહીં ભલેને પછી તે ભૂખે મરતો હોય. તે અલ્લાહ પ્રત્યેની પોતાની ફરજ બજાવતો નથી અને તેથી જ તે તમારું કર્ઝ ભરપાઈ કરવાની કાળજી નહીં લે.)

**Love (મોહબ્બત/ઈશ્ક)**

هر کجا سلطان عشق آمد، نماند
قوّت بازوی تقوی را محل
پاک دامن چون زیَد بیچاره ای ؟
اوفتاده تا گریبانَ در وحل

**હર કુજા સુલ્તાન ઈશ્ક આમદ નમાનદ**
**કુવ્વત બાઝૂઈ તકવી રા મહલ**
**પાકદામન ચૂન ઝૈદ બીચારા અઈ ?**
**ઔફ તાદા તા ગરીબાન દર વહલ**

(જ્યારે જ્યારે ઈશ્કનો સુલતાન બહાર નીકળે છે ત્યારે ત્યારે ધર્મનિષ્ઠાનો હાથ તેનો પ્રતિકાર કરવાની શક્તિ ગુમાવી દે છે. બીચારો કંગાળ માણસ કે જે ગળા સુધી કિચડમાં ખૂપી ગયો હોય તે પોતાના સંયમને કેવી રીતે જાળવી શકે?)

دلی که حور بهشتی ربود و یغما کرد
کی التفات کند بر بُتانِ یغمایی؟

**દિલી કે હૂર બેહિશ્તી રબૂદ વ યગમા કર્દ**
**કી ઈલ્તેફાત કુનદ બર બુતાને યગમાયી ?**

(જેણે જન્નતની હૂરનું દિલ જીતી લીધું હોય અને તેના ઉપર વિજય મેળવ્યો હોય તે માણસ યગ્માની લાવણ્યમય તરૂણી તરફ કેવી રીતે કદી આકર્ષિત થઈ શકે?)

નોંધ : **'યગ્મા'** તુર્કસ્તાનમાં આવેલ એક શહેરનું નામ છે કે જે શહેર તેના રહેવાસીઓના સૌંદર્ય માટે પ્રખ્યાત છે. (ક્રમશઃ)

# તોહીદ

લેખન

મોલ્વી અકબરઅલી મીયાંજી સુણસરા (ભાંગરોડીયા)

(ગતાંકનું ચાલુ)

અલ્લાહ તઆલાએ વિચાર કર્યો કે તેનો રસૂલ તે બાતિલ માણસથી વાદવિવાદ કરે કે જે એવું કહે છે કે આવું કેવી રીતે બની શકે કે સડેલાં હાડકાં ફરીથી જીવતાં કરવામાં આવે ? તેથી ફરમાવ્યું,

**કુલ યોહયિલ્લઝી ઈન્શઅહા અવ્વલ મર્રહ.**

હે મોહંમદ(સ.) ! તે માણસને કે જે ફરીથી જીવતા થવાનો ઈન્કાર કરે છે,કહી દો કે સડેલાં હાડકાંને તે જ જીવતાં કરી શકે છે કે જેણે તેમને પહેલી વખત પેદા કર્યાં છે. શું તે કે જેણે કોઈ પણ વસ્તુ વગર તેને શરૂઆતમાં પેદા કર્યાં છે તેના સડી જવા પછી તેને ફરીથી પેદા કરવાથી લાચાર થઈ શકે છે ? પરંતુ તે તો તમારા નજીક તેની શરૂઆત કરવી તે, તેને બીજી વખત પેદા કરવા કરતાં વધારે મુશ્કેલ છે.

તે પછી અલ્લાહે કુરઆનમાં ફરમાવ્યું,

**નિલ્લઝી જઅલ લકુમ મેનશ્શરજિલ અખ્ઝરે નારન.**

તે ખુદા કે જેણે લીલા ઝાડથી આગને તમારા માટે પેદા કરી છે એટલે કે જે લીલા ઝાડથી ગરમ આગને કાઢવા પર શક્તિમાન છે તે એક સડી ગયેલી વસ્તુને સારી રીતે પેદા કરી શકે છે.

**અવલય્યલ્લઝી ખલકસ્સમાવાતે વલ અર્ઝ.**

શું તે ખુદા કે જેણે આસમાનો અને જમીનને પેદા કર્યાં...

**બે કાદેરીન અલા અય્યખ્લોક મિસ્લહુમ.**

તે શું આ વાત પર શક્તિમાન નથી કે એમને માણસો જેવા પેદા કરે ? હા, તે શક્તિમાન છે.

**બલા વહોવલ ખલ્લાકુમ અલીમ.**

અને તે બધું પેદા કરવાવાળો છે અને સારી રીતે જાણવાવાળો છે.

આ આયતથી સાબિત થાય છે જમીન અને આસમાનને પેદા કરનાર અલ્લાહ છે. માટી બની ગયેલા હાડકાઓને પણ અલ્લાહ સજીવન કરે છે. આપણને પેદા કરનાર અલ્લાહ છે. કુલ કાએનાતને પેદા કરવાવાળો અલ્લાહ છે. આગને પેદા કરનાર અલ્લાહ છે. જે અલ્લાહને ન માને તે કાફિર છે, નાસ્તિક છે.

ઈમામ જાફર સાદિક(અ.) કહે છે કે મારા પિતાએ તેમના પિતાઓથી મને રિવાયત કરી છે કે હઝરત અમીરૂલ મોમિનીન હઝરત અલી(અ.)એ ફરમાવ્યું છે કે એક દિવસ હઝરત રસૂલે ખુદા(સ.)ની પાસે પાંચ મઝહબના માણસો અરજ કરવા માટે ભેગા થયા.

યહૂદી, નસારા, નાસ્તિક, મજૂસી અને અરબના મુશરિક. યહૂદીઓએ અરજ કરી, અમે લોકો માનીએ છીએ કે ઓઝેર ખુદાનો દીકરો છે. તમે આ બાબતમાં શું કહો છો ? જો અમારું અનુકરણ કર્યું તો અમે તારાથી વધારે સારા અને જો અમારો વિરોધ કર્યો તો અમે તારાથી વાદ વિવાદ કરીશું. પછી નસારા બોલ્યા, મસીહ ખુદાનો દીકરો છે અને તેની સાથે ભળેલો છે. તમે આ બાબતમાં શું કહો છો? જો અમારી વાત માની તો અમે અમારા માર્ગમાં તારાથી આગળ વધેલા અને અફઝલ છીએ અને જો અમારો વિરોધ કર્યો તો અમે તારાથી વાદ વિવાદ કરીશું. પછી નાસ્તિકોએ અરજ કરી કે અમે એ વાતને માનીએ છીએ કે દુનિયાના જીવનની કોઈ શરૂઆત નથી. આ તો કાયમી છે અને હંમેશાં એમ જ રહેશે અને અમો તારી પાસે એટલા માટે આવ્યા છીએ કે તમે આ બાબતમાં શું કહો છો. અગર જો અમારી તાબેદારી કરી તો સમજી લો કે અમે તારાથી આગળ વધી ગયેલા છીએ અને તારાથી અફઝલ છીએ અને જો વિરોધ કર્યો તો અમે તારાથી ચર્ચા કરીશું.

પછી મજૂસીએ કહ્યું કે નૂર અને અંધકાર બન્ને દુનિયાની મુખ્ય વસ્તુઓ છે અને તમારી પાસે એટલા

માટે આવ્યા છીએ કે તમે શું કહો છો. જો અમારો વિરોધ કર્યો તો અમો ચર્ચા કરીશું.

પછી અરબના મુશરિકોએ અરજ કરી કે અમે એ વાતને માનીએ છીએ કે અમારા બુત અમારા માઅબૂદ છે, અમારા ખુદા છે. અમે તારી પાસે એટલા માટે આવ્યા છીએ કે તમે આ વિશે શું કહો છો. જો અમારી તાબેદારી કરી તો અમે તારાથી આગળ અને અફઝલ છીએ અને જો અમારો વિરોધ કર્યો તો તારાથી ચર્ચા કરીશું. જ્યારે તે બધા પોત પોતાની માન્યતા રજૂ કરી ચૂક્યા તો અલ્લાહના રસૂલ હઝરત મોહંમદ(સ.)એ ફરમાવ્યું, હું એક ખુદા પર ઈમાન રાખું છું. **લાઈલાહા ઈલ્લલ્લાહ.** નથી અલ્લાહ સિવાય બીજા કોઈ અલ્લાહના, જેનો કોઈ ભાગીદાર નથી અને તેના સિવાય બધા ખુદાઓનો ઈન્કાર કરું છું. પછી ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ મને બધા માણસો તરફ ખુશખબરી આપનાર અને ડરાવનાર બનાવીને મોકલ્યો છે.

અલ્લાહના પ્યારા હબીબે યહૂદીઓને કહ્યું કે તમે મારી પાસે એટલા માટે આવ્યા છો કે હું તમારી વાતને વગર દલીલે કબૂલ કરી લઉં ? એમણે અરજ કરી કે નહીં. નબીએ ફરમાવ્યું, તો પછી તમે ઓઝેર ખુદાનો દીકરો છે એમ કયા કારણથી માનો છો ? યહૂદીઓ બોલ્યા, એ કારણથી કે તેણે બની ઈસરાઈલ માટે તૌરેતને તેના વિનાશ પછી ફરીથી તૈયાર કરી તેનાથી આ કામ એ જ કારણે થઈ શક્યું કે તે અલ્લાહનો દીકરો છે.

નબીએ ફરમાવ્યું, અય યહૂદીઓ ! ઓઝેર કેવી રીતે ખુદાનો દીકરો બની ગયો ? તો પછી મૂસા(અ.) તેના દીકરા કેમ ન થયા ? મૂસા(અ.) તો તૌરેતને ખુદા પાસે લાવ્યા હતા અને તેમનાથી ઘણા મોઅજિઝાઓ જાહેર થયા કે જે તમે જાણો છો. જો ઓઝેર તે કારણે ખુદાનો દીકરો છે કે તૌરેતને ફરીથી તૈયાર કરવાથી તેની મહાનતા જાહેર થઈ તો મૂસા(અ.) તો તેનો દીકરો હોવાના તેના કરતાં વધારે લાયક થશે. એટલા માટે કે જો તમે આ દીકરો હોવાથી તે જ દીકરાના અર્થમાં લો છો જે દુનિયામાં જુઓ છો કે માતા પિતાથી પેદા થાય છે તો તમે કાફિર થઈ ગયા. તમે તો અલ્લાહને પેદા કરેલી વસ્તુ જેવો બનાવી દીધો. દુનિયાના સંભવિત ગુણોને તમે અલ્લાહમાં સાબિત કર્યા. તમારા કહેવા પ્રમાણે તો તે પણ બીજાનો બનાવેલો થયો અને તેનો બીજો ખાલિક છે. હવે જો આજ કારણથી ઓઝેર ખુદાનો દીકરો હોય તો તે (મૂસા)ને પણ આ રૂત્બો મળવો જોઈએ અને આ જરૂરી કાર્ય છે કે અલ્લાહ દરેક બાતિલ લોકોને તેમની જ માન્યતાથી બદનામ કરે છે અને તેની દલીલને તેમના ઉપર ફેરવી દે છે. અલ્લાહ તમારી ખૂબ દુર્દશા કરશે. યહૂદીઓએ જ્યારે આ વાત સાંભળી તો હેરાન થઈ ગયા અને વિચારવા લાગ્યા અને અરજ કરી કે હે મોહંમદ(સ.)! અમને સમય આપો તમે જે કહ્યું છે તેના ઉપર અમે વિચાર કરીએ. નબીએ ફરમાવ્યું, ન્યાયની રીતે તેમાં વિચાર કરજો ખુદા તમને હિદાયત આપશે. (ક્રમશ:)


**રહેમત સેલ્સ**

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ સમી, હારીજ, શંખેશ્વર, મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

संકલન : મુલ્લા ફૈઝ અલ કાશાની

# મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત

(ગતાંકનું ચાલુ)

**ઈમામ જાફર સાદિક(અ.)નો વાર્તાલાપ**

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું,

'કદી પણ કોઈ માણસ પયગમ્બરે ઈસ્લામ (સ.)ના કરતાં વધારે ઉમદા થયો નથી કે જેણે આટલી બધી નિકટતાવાળું સન્માન પ્રાપ્ત કર્યું હોય.'

પયગમ્બરે ઈસ્લામ(સ.)એ અલ્લાહ તઆલાને પોતાની ઉમ્મત માટે આવું પૂછ્યું,

'અય અલ્લાહ ! જે કંઈ વિશેષતાઓ તેં તારા પયગમ્બરોને આપી હોય, તે મને પણ અર્પણ કર.'

અલ્લાહે જવાબ આપ્યો,

'હું તમને નીચેની બે દુઆઓ આપું છું કે જે મારા અર્શની નીચે (લખેલી) છે' :

لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ۔ لَا مُنْجَا مِنْکَ اِلَّا اِلَیکَ

ભાષાંતર : 'નથી કોઈની પાસે સત્તા અને શક્તિ સિવાય અલ્લાહ પાસે - તેના સિવાય તમારા માટે કોઈ બીજો બચાવનાર નથી.'

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૯, બાબ-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

**દુઆ :**

મેઅરાજ દરમિયાન એક ફરિશ્તાએ મને નીચેની દુઆ શીખવી હતી અને તે દુઆ સવારે અને સાંજે પઢવાની મને સૂચના આપી હતી :

اَللّٰهُمَّ اِنَّ ظُلْمِی اَصْبَحَ مُسْتَجِیراً بِعَفْوِکَ وَذَنْبِی مُسْتَجِیراً بِمَغْفِرَتِکَ وَذُلِّی مُسْتَجِیراً بِوَجْهِکَ اَلْبَاقِی اَلَّذِی لَا یَفْنیٰ

ભાષાંતર : 'અય અલ્લાહ ! તારી ક્ષમા દ્વારા મારા ઉપરના અત્યાચારમાંથી રાહત મેળવવા હું આજીજીભરી વિનંતી કરું છું અને તારી માફી દ્વારા મારા ગુનાહોમાંથી રાહત મેળવવા માટે હું આજીજીભરી વિનંતી કરું છું અને મારી પોતાની તુચ્છતામાંથી રાહત મેળવવા માટે હું તારા કાયમી પીઠબળ દ્વારા કે જે કદી પણ સ્થગિત થવાનું નથી, હું આજીજીભરી વિનંતી કરું છું.'

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૯-૩૩૦, બાબ-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી)

**અઝાન :**

ત્યાર પછી મેં અઝાનનો અવાજ સાંભળ્યો. જન્નતોમાં એક ફરિશ્તો અઝાન પોકારવામાં વ્યસ્ત હતો અને અત્યાર સુધી મેં જન્નતોથી અઝાન પોકારાતી સાંભળી ન હતી. જ્યારે તેણે કહ્યું,

اَللّٰهُ اَکْبَرُ اَللّٰهُ اَکْبَرُ

ભાષાંતર : તેનું શબ્દોથી વર્ણન થઈ શકે તેના કરતાં ય અલ્લાહ વધારે મહાન છે.

તેનું શબ્દોથી વર્ણન થઈ શકે તેના કરતાં ય અલ્લાહ વધારે મહાન છે.

અલ્લાહે ફરમાવ્યું,

'મારા બંદાએ સાચું જ કહ્યું, હું મહાનતમ છું.'

પછી ફરિશ્તાએ કહ્યું,

اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ

ભાષાંતર : હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ માઅબૂદ ઈબાદતને લાયક નથી.

હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ

માઅબૂદ ઈબાદતને લાયક નથી.

અલ્લાહે ફરમાવ્યું,

'મારા બંદાએ સાચી વાત કરી, મારા સિવાય બીજો કોઈ માઅબૂદ નથી.

ત્યાર પછી આ સાદ સંભળાયો :

اَشهَدُ انَّ مُحَمَّدًا رَّسُوْلُ اَللّٰهُ

ભાષાંતર : હું ગવાહી આપું છું કે મોહંમદ (સ.) અલ્લાહના રસૂલ છે.

હું ગવાહી આપું છું કે મોહંમદ (સ.) અલ્લાહના રસૂલ છે.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું,

'મારા બંદાએ સાચી વાત કરી. મોહંમદ મારો બંદો અને પયગમ્બર છે. મેં તેને પયગમ્બર તરીકે નિયુક્ત કરેલ છે.

ત્યાર પછી અઝાન પોકારનારે કહ્યું,

حَيَّ عَلَى الصَّلاَةِ

ભાષાંતર : નમાઝ માટે તૈયાર થા.

નમાઝ માટે તૈયાર થા.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું,

'મારા બંદાએ સાચી વાત કરી. તેણે મારી ઈબાદત કરવા માટે બીજા લોકોને બોલાવ્યા. જે કોઈ સંપૂર્ણ મોહબ્બત અને સંપૂર્ણ જવાબદારી સાથે નમાઝ તરફ આવે છે તો (નમાઝ) તેના પહેલાંના ગુનાઓનો કફ્ફારો બનશે.'

ત્યાર પછી બાંગીયાએ કહ્યું,

حَيَّ عَلَى الْفَلاَحِ

ભાષાંતર : નેકી અને સલામતી માટે તૈયાર થા.

નેકી અને સલામતી માટે તૈયાર થા.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું,

'નમાઝ મારા બંદાઓ માટે સફળતાનું સાધન છે. નમાઝ મારા બંદાઓ માટે સફળતા, નજાત અને સચ્ચાઈની ચાવી છે.*

**નમાઝ (સલાત) :**

જેવી રીતે બૈતુલ મુકદ્દસમાં મેં અગાઉના પયગમ્બરોની નમાઝમાં આગેવાની કરી હતી એ રીતે અહીં પણ મેં જન્નતના ફરિશ્તાઓને નમાઝે જમાઅત પઢાવી. જ્યારે હું સિજદામાં ગયો તો અલ્લાહે ફરમાવ્યું,

'મેં દરરોજની પચાસ રકાત નમાઝો તમારા પહેલાં જે નબીઓ આવ્યા હતા તેમના ઉપર વાજિબ કરી હતી અને તમારા ઉપર અને તમારી ઉમ્મત ઉપર પણ આમને ફરજિયાત બનાવું છું કેમકે આ પચાસ રકાતોને મેં મંજૂર કરી દીધી છે.'

નમાઝ પછી હું મૂસા ઈબ્ને ઈમરાનને મળ્યો. તેમણે મને પૂછ્યું,

'અય મોહંમદ ! તમે ત્યાં શું કર્યું ?'

મેં જવાબ આપ્યો, 'મારા પરવરદિગારે મને જણાવ્યું કે તેણે મારી પહેલાંના પયગમ્બરો ઉપર દરરોજની પચાસ રકાતોવાળી નમાઝ વાજિબ કરેલ છે અને મારા ઉપર અને મારી ઉમ્મત ઉપર પણ, તેણે આ આંકડો વાજિબ કર્યો છે.'

પયગમ્બર મૂસા(અ.)એ મને કહ્યું,

'અય મોહંમદ ! તમારી ઉમ્મત છેલ્લી છે અને બધી ઉમ્મતોમાં નબળામાં નબળી છે. જો કે તમારી

* આ હદીસમાં જેમ ઉલ્લેખ કર્યો છે તે મુજબની અઝાન, કે જે વિષેની હદીસ બિહારૂલ અન્વાર સહિતની વિવિધ કિતાબોમાં પણ જોવા મળે છે તે (અઝાન) પયગમ્બર(સ.)ની અને ઈમામોની હદીસો અનુસાર તો અપૂર્ણ છે. તેમણે આપણને અઝાન કેવી રીતે પોકારવી તે શીખવ્યું છે અને જેવી રીતે ફિકહની અને અહેકામની વિવિધ કિતાબોમાં વિદ્વાનોએ વિગતવાર વર્ણન આપેલું છે. બિહારૂલ અન્વારની ઘણી બધી નકલો ચકાસવામાં આવી અને બધાએ આ પ્રસંગની સમાન રીતે રિવાયત કરેલી છે. તેથી શક્ય છે કે પયગમ્બર(સ.) તરફથી આ સમગ્ર હદીસ સંપૂર્ણપણે રિવાયત થયેલી નથી અથવા તો એહલેબયતની હદીસોની કિતાબો ઉપર સતત આક્રમણ અને તેમને ભ્રષ્ટ કરવાની ક્રિયા ભૂતકાળની જાલિમ હુકૂમતો દ્વારા થતી આવી છે તેથી સમગ્ર હદીસ કદાચ નાશ પામી હોય (ભાષાંતરકાર : મહાન મર્જા આયતુલ્લાહ અલ-ઉઝમા હજન નસીર મકારિમ શિરાઝીની ઑફિસ દ્વારા જવાબ આપાયા મુજબ)

ઉમ્મત પાસે પચાસ રકાતો નમાઝ પઢવાની સમર્થતા નથી તેમ છતાં અલ્લાહના હુકમોનું તો પાલન કરવું જ રહ્યું, આથી અલ્લાહ પાસે પાછા જાઓ અને તમારી ઉમ્મત ઉપરના બોજને હળવો કરવાની તેને વિનંતી કરો.'

હું સિદ્રતુલ મુન્તહા પાછો ગયો અને સિજદામાં ઝૂકી ગયો. મેં કહ્યું, યા અલ્લાહ ! તેં મારી ઉમ્મત ઉપર અને મારા ઉપર રોજિંદી પચાસ રકાતની નમાઝો વાજિબ કરી દીધી છે. તેમ છતાં મારી ઉમ્મત પાસે અને મારી પાસે આટલું બધું બજાવી લાવવાની શક્તિ નથી. તારી પવિત્ર બારગાહમાં હું આમાં ઘટાડો કરવાની તને વિનંતી કરું છું.'

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ નમાઝોની સંખ્યામાં દસ નમાઝોનો ઘટાડો કર્યો.

હું પાછો ગયો અને મૂસા(અ.)ને જે કંઈ બન્યું હતું તેની માહિતી આપી. તેમણે જવાબ આપ્યો,

'પાછા જાઓ કેમકે તેમનામાં આટલું પણ બજાવી લાવવાની શક્તિ નથી.'

હું ફરી એક વાર પાછો ગયો અને અલ્લાહે નમાઝોની સંખ્યામાં દસનો ઘટાડો કર્યો.

હું પાછો જતો હતો ત્યારે મૂસા(અ.)એ કહ્યું,

'હજુ પણ આટલું પણ બજાવી લાવવાની તેમનામાં શક્તિ નથી.'

હું ફરી વાર પાછો ગયો, સિજદામાં પડ્યો અને નમાઝોમાં ઘટાડો કરવાની માગણી કરી.

અલ્લાહે ફરી એક વાર સંખ્યામાં દસનો ઘટાડો કર્યો.

જ્યાં મૂસા(અ.) હતા ત્યાં હું પાછો આવ્યો અને જે કંઈ બન્યું હતું તે જણાવ્યું. ફરીથી તેમણે કહ્યું, 'પાછા જાઓ કેમકે તેઓ આ પણ સંભાળી શકશે નહીં.'

હું ફરી વાર પાછો ગયો, સિજદામાં પડી ગયો અને ફરીથી નમાઝમાં ઘટાડો કરવા માટે અલ્લાહ સમક્ષ માગણી કરી. મેં કહ્યું, અય અલ્લાહ ! મારી ઉમ્મત નબળી છે અને આટલું પણ સંભાળી શકવાની તેમનામાં શક્તિ નથી.'

અલ્લાહે બીજી વધારે દસ નમાઝો ઓછી કરી દીધી. કુલ પચાસ નમાઝોમાંથી માત્ર દસ નમાઝોને ફરજિયાત બનાવી.

ફરીથી હું મૂસા(અ.) પાસે થઈને પસાર થયો અને તેમણે કહ્યું, 'તમારી ઉમ્મત દસ રકાતો પણ સંભાળી શકે તેવી શક્તિ ધરાવતી નથી.'

છેલ્લી વાર હું પાછો ગયો અને સિજદામાં પડી ગયો. અલ્લાહે નમાઝો ઘટાડીને પાંચ કરી.

હું એ જગ્યાએ ગયો કે જ્યાં મૂસા(અ.) હતા અને તેમણે મને કહ્યું, 'તમારી ઉમ્મતમાં તો દરરોજની પાંચ નમાઝો પઢવાની પણ શક્તિ નથી.'

મેં તેમને કહ્યું, 'ફરી વાર અલ્લાહ પાસે પાછા જવામાં હું મુંઝવણ(શરમ) અનુભવું છું. આ પાંચ નમાઝોના બારામાં હું ધૈર્યવાન જ બનીશ.'

ત્યાર પછી મને એક અવાજ સંભળાયો કે છે જેણે કહ્યું, 'તમે ધીરજ ધરાવો છો એ કારણે પાંચ નમાઝોને પચાસ નમાઝો તરીકે ગણવામાં આવશે. દરેક નમાઝને દસ નમાઝ ગણવામાં આવશે એ જો તમારી ઉમ્મતમાંથી કોઈ માણસ એક સારું કાર્ય બજાવી લાવશે તો (તેના આ'માલનામામાં) દસ સારાં કાર્યો લખવામાં આવશે. પરંતુ જો તે કોઈ એક ખરાબ કાર્ય કરશે તો માત્ર તે એક જ ખરાબ કાર્ય તેના ખાતામાં લખવામાં આવશે.'

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે,

'અલ્લાહ તઆલા મૂસા(અ.)ને મહાન બદલો અર્પણ કરે કેમકે તેમના કારણે દૈનિક (વાજિબ) નમાઝો ઘટાડીને માત્ર પાંચ કરવામાં આવી હતી.'

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૩૦-૩૩૧, બાબ-૩, ઈત્બાતુલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી) *

# શિખામણ આપવાની રીત

આપણા ત્રીજા ઈમામ.

ઈમામ હુસૈન(અ.).

એક વાર ઈમામ હુસૈન(અ.)એ એક વૃધ્ધ માણસને ખોટી રીતે વુઝૂ કરતો જોયો. તેને સાચી રીતે બતાવવાની આપને જરૂર જણાઈ. પરંતુ પોતાનાથી ઉંમરમાં મોટા માણસને કેવી રીતે કહેવું કે તમારી વુઝૂ કરવાની રીત ખોટી છે. વૃધ્ધ માણસને પોતાની ભૂલ બાબતે ખોટું ન લાગે તેવી રીતે ભૂલ સુધારવાની જરૂર હતી. તેથી આપે વિશિષ્ટ રીતે શિખામણ આપીને વુઝૂની સાચી રીત બતાવી દીધી.

કેવી રીતે બતાવી ?

ઈમામ હુસૈન(અ.)એ પોતાના મોટા ભાઈ ઈમામ હસન(અ.)ને આ અંગે વાત કરી. બન્ને ભાઈઓ પેલા વૃધ્ધ માણસ પાસે ગયા અને કહ્યું,

'અય બુઝુર્ગ ! અમારા બન્ને ભાઈઓમાં વુઝૂ કરવાની ખરી રીત વિષે મતભેદ પડ્યો છે. માટે તમે અમારા બન્નેની વુઝૂ કરવાની રીત જોઈને ફેંસલો કરી આપો.'

પછી તો બન્ને ભાઈઓએ વુઝૂ કરવાનું શરૂ કર્યું. તે વૃધ્ધ બન્ને ભાઈઓને વુઝૂ કરતાં જોતો રહ્યો. જ્યારે તેઓ બન્ને વુઝૂ કરી રહ્યા તો વૃધ્ધ માણસે કહ્યું,

'શાહઝાદાઓ ! તમે બન્નેએ સાચી રીતે વુઝૂ કર્યું છે પરંતુ હું જ ખોટી રીતે વુઝૂ કરતો હતો. હવે આપ બન્નેની વુઝૂ કરવાની રીત જોઈને હું સાચી રીત શીખી ગયો છું.'

શિખામણ આપવાની કેવી રીત ! વૃધ્ધને ખોટું પણ ન લાગ્યું અને બન્ને ભાઈઓએ તેને વુઝૂ કરવાની સાચી રીત પણ બતાવી દીધી.

(માઅસૂમીન(અ.)ની જીવનશ્રેણી, ભાગ-૨, પેજ-૨૧૯)

હવે જરા કુરઆનની આ આયતના ભાવાર્થ તરફ નજર કરો.

**'અય તે લોકો કે જેઓ ઈમાન લાવ્યા છો ! કોઈ કોમ બીજી કોમની હાંસી ઉડાડે નહીં કે કદાચને તેઓ (પરિણામમાં) તેમના કરતાં બેહતર હોય, તેમ સ્ત્રીઓ પણ (બીજી) સ્ત્રીઓની (હાંસી ઉડાડે નહીં) કે કદાચને તે તેમનાથી બેહતર હોય અને તમે ન તો આપસમાં ટાંણા મારો કે ન એક બીજાને બૂરા નામે બોલાવો.....'**

(સૂરએ હુજરાત, આયત-૧૧)

બન્ને ઈમામોએ ઉપરોક્ત આયત મુજબ જ વર્તન કર્યું અને વૃધ્ધને ઉતારી પાડ્યા વગર જ જે કહેવાનું હતું તે સુંદર રીતે કહી દીધું. આ છે ઈમામોનો તરીકો.

શિષ્ટ આચરણ વિષેની કેટલીક હદીસો પણ જોઈએ :

રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું છે,

**'જે કોઈ અમારા બાળકો તરફ દયા ન બતાવે અને અમારા બુઝુર્ગોનું સન્માન ન કરે તે અમારામાંથી નથી.'**

જ્યારે રસૂલિલ્લાહ(સ.)ને એવું પૂછવામાં આવ્યું કે અલ્લાહના સૌથી પ્રિયપાત્ર લોકો કોણ છે? તો આપ(સ.)એ જવાબમાં ફરમાવ્યું,

**'એ લોકો કે જે બીજાઓને સૌથી વધારે મદદ કરે છે.'**

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું,

**'હુસૈન(અ.) (ઉંમરમાં નાના હોવાથી) હસન(અ.) (કે જે ઉંમરમાં મોટા છે) તેમની આગળ કદી પણ ચાલતા નહીં અને જ્યારે તેઓ બન્ને મળતા ત્યારે તેઓ (હુસૈન(અ.)) તેમના (હસન(અ.)ના) સન્માનમાં વાતચીત કરવાની શરૂઆત કરતા નહીં. ***

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### તકબ્બુર, રિયા, ઉજ્બ

- માણસના ચારિત્ર્યમાં કેટલાક મોટા દોષો રહેલા હોય છે. તેમાંના કેટલાક આ મુજબ છે :

**તકબ્બુર**

- **તકબ્બુર** એટલે અભિમાન જેનો અર્થ થાય પોતાની જાતને બીજાના કરતાં વધારે સારી ગણવી.

**રિયા**

- **રિયા** એટલે આડંબર, પોતાને અન્યની સમક્ષ ભપકાદાર બતાવવું, દરેક કાર્ય લોકોને બતાવવા ખાતર કરવું.

**ઉજ્બ**

- **ઉજ્બ** એટલે ઘમંડ, પોતાના વિષે ઊંચો અભિપ્રાય ધરાવવો તે.
- ઉપરોક્ત ત્રણેય મુદ્દાઓ એક જ બાબત સાથે સંબંધિત છે અને વ્યક્તિના એક જ પાસા સાથે સંકળાયેલ છે અને તે છે માણસનો અહમ્.
- જેવી રીતે આપણે કોઈ સારી બાબત સિધ્ધ કરીએ અથવા તો જેવાં આપણાં ગુણગાન ગવાય કે તરત જ આનંદની એક લાગણી આપણને સ્પર્શી જાય છે. જો આપણે સાવધ ન રહીએ તો આ લાગણી આપણને સ્પર્શી જાય છે. જો આપણે સાવધ ન રહીએ તો આ લાગણી ખૂબ ઝડપથી અભિમાનમાં પરિણમે છે.
- પવિત્ર પયગમ્બર(સ.)એ ફરમાવ્યું છે :

**'અભિમાન માણસના હૃદયમાં એવી રીતે પ્રવેશે છે કે જેવી રીતે કાળા રંગની કીડી અતિ મંદગતિએ રાતના સમયે કાળા રંગના ખડક ઉપર સરકતી હોય છે.'**

- આ બાબત બતાવે છે કે અભિમાન કેટલી સરળતાથી આપણને આંબી લે છે.
- અભિમાન રૂહના રોગોમાંના એક રોગ તરીકે જાણીતો છે. અલ્લાહમાં ઈમાનના અભાવને કારણે તે રોગ લાગુ પડતો હોય છે. આપણે જોઈએ છીએ કે જ્યારે આપણે અભિમાની બની જઈએ છીએ ત્યારે આપણને એવી લાગણી થાય છે કે બધાં જ કાર્યોને આપણે જાતે જ સિધ્ધ કર્યાં છે. એ વખતે આપણે એ બાબત તો ભૂલી જ જઈએ છીએ કે અલ્લાહના માર્ગદર્શનના કારણે જ આ બધું શક્ય બન્યું હોય છે.
- જો કદાચ આપણે કોઈ સારી સિધ્ધિ પ્રાપ્ત કરીએ તો આપણે ખુશ થવું જોઈએ પરંતુ એક અગત્યનો મુદ્દો નોંધવા જેવો એ છે કે આપણે જે સિધ્ધિ પ્રાપ્ત કરી તેના પરિણામોથી આપણે ખુશ થવું જોઈએ, નહીં કે એ બાબતથી કે તે સિધ્ધિ આપણે જાતે જ પ્રાપ્ત કરી છે. કુરઆન શરીફના આ શબ્દો **'હાઝા મિન ફઝલે રબ્બી'** આ કાર્ય મારા રબના ફઝલથી-કૃપાથી થયું છે એ બાબત યાદ આવી જ જવી જોઈએ.
- આમ છતાં ય આપણો નફ્સ આપણા દિલમાં એવો વસવસો પેદા કરે છે કે મેં એક મહાન કાર્ય કરી નાખ્યું છે અને તે આપણને જણાવે છે કે આપણે કેટલા બધા અદ્‌ભુત છીએ અને આપણી પ્રશંસા કરતાં આપણો નફ્સ થાકતો જ નથી, વગેરે, વગેરે. આને લીધે આપણે આપણી મહાનતા બીજાને બતાવવા મંડી જઈએ છીએ. (આપણે આડંબર દર્શાવવા મંડી જઈએ છીએ.) આપણે લોકોને એવું બતાવીએ છીએ કે જુઓ, હું કેવો (હોંશિયાર) છું.

રિયાકારની ઝાટકણ કાઢતી હોય તેવી ઘણી બધી હદીસો છે :

રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું છે :

**'આડંબર કરનારા લોકોને કયામતના દિવસે (પોકારીને) કહેવામાં આવશે, અય બેશરમ, જૂઠ્ઠા! અય દગાબાજ ! અય રિયાકાર ! તારા આ'માલ અકારત ગયા અને તારા આ'માલનો સવાબ એવા લોકો પાસેથી મેળવી લે કે જેમને તું તારાં કાર્યો દ્વારા ખુશ કરવાનો ઈરાદો રાખતો હતો.'** (મુન્યાત અલ મુરીદ, પેજ-૩૧૮)

બીજી એક જગ્યાએ રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું છે :

**'ખરેખર અલ્લાહ એવા કોઈ અમલને કબૂલ કરતો નથી કે જે અમલમાં રતિભાર બરાબર પણ આડંબર હોય.'**

(તન્બિહુલ ખવાતિર, ભાગ-૧, પેજ-૧૮૭)

એક વાર રસૂલે ખુદા(સ.)ને પૂછવામાં આવ્યું, **'નજાત શામાં રહેલી છે ?'** તો તેના જવાબમાં આપે ફરમાવ્યું, **'એમાં રહેલી છે કે બંદાએ અલ્લાહની ફરમાબરદારીનું એવું કોઈ કાર્ય બજાવવું જ ન જોઈએ કે જ્યારે તે બીજા લોકોને બતાવવાનો ઈરાદો કરી રહ્યો હોય.'**

(તન્બિહુલ ખવાતિર, પેજ-૧૮૬)

ઈમામ અલી(અ.)એ ફરમાવ્યું છે,

**'એ માણસ કેવો કદરૂપો છે કે જે અંદરથી બીમાર હોય અને બહારથી સુંદર હોય.'**

(ગુરર અલ હિકમ, નં.૯૬૬૧)

ઈમામ અલ બાકિર(અ.)એ ફરમાવ્યું છે,

**'એ માણસ કે જેનો બાહ્ય દેખાવ તેની આંતરિક જાત કરતાં ચઢિયાતો હોય તેની નેકીઓનું પલ્લુ (વજનમાં) ખૂબ હલકું હશે.'**

(અમાલી અલ સદુક, પેજ-૩૯૮, નં.૮)

વળી ઈમામ અલ સાદિક(અ.) ચેતવણી આપતાં આ રીતે ફરમાવે છે,

**'આડંબર કરવાથી ચેતતા રહેજો કેમકે જે કોઈ અલ્લાહ સિવાય બીજા કોઈના માટે નેક કાર્યો બજાવી લાવે છે તો તેને એવાની તરફ હડસેલી દે છે કે જેના માટે તેણે તે કાર્યો બજાવ્યાં હોય.'** (અલ કાફી, ભાગ-૨, પેજ-૨૯૩, નં.૧)

રિયાકારી કરવી, અમલમાં દેખાવ કરવો તે કાર્ય અલ્લાહની જાતમાં બીજાને ભાગીદાર બનાવવા બરોબર છે.

ઈમામ અલી(અ.)એ ફરમાવ્યું છે,

**'જાણી લો કે નાનામાં નાની રિયાકારી પણ શિર્ક બરાબર છે.'** (તુહાફુલ ઉકૂલ, નં.૧૫૧)

કયામતના દિવસે રિયાકારનું પરિણામ કેવું આવશે તેનું ચિત્ર નીચેની હદીસ ઉપરથી જોવા મળે છે.

ઈમામ અલ સાદિક(અ.)એ ફરમાવ્યું, **'જે દિવસે કબરોમાંથી ઉઠાડવામાં આવશે તે દિવસે**

**જબ મૈં થા તો મૌલા નહીં, જબ મૌલા તો મૈં નહીં,**
**પ્રેમ ગલી અતિ સાંકડી, તામેં દો ન સમાય.**

(જ્યારે 'હું' હતો તો મૌલા ન હતા અને જ્યારે મૌલા હતા તો 'હું' ન હતો,
પ્રેમની ગલી ખૂબ સાંકડી છે તેમાં બે જણ સમાઈ જ ન શકે.)
(અહીં 'હું'નો અર્થ **અહમ્** થાય છે.)

**એક બંદો કે જે નિયમિત નમાઝ પઢતો હતો તેને આગળ લાવવામાં આવશે અને તે આવી રીતે વિનંતી કરશે : અય પરવરદિગાર ! મેં તારી ખુશનૂદી પ્રાપ્ત કરવા માટે નમાઝો પઢી હતી.'** ત્યારે તેને કહેવામાં આવશે, **'ના. તેં એટલા માટે નમાઝો પઢી હતી કે જેથી લોકો એવું કહે કે તારી નમાઝો કેવી સુંદર હતી.'** (પછી હુકમ થશે) **'આને (જહન્નમની) આગમાં લઈ જાઓ.'**

(બિહારૂલ અન્વાર, ભાગ-૭૨, પેજ-૩૦૧, નં.૪૪)

રિયાકારો કેવા વિશિષ્ટ પ્રકારની ખાસિયતો ધરાવતા હોય છે તે બાબત નીચેની હદીસ વાંચવાથી જાણવા મળશે.

ઈમામ અલી(અ.)એ ફરમાવ્યું,

**'ત્રણ ખાસિયતો રિયાકારને અન્ય લોકોથી અલગ પાડે છે : (૧) જ્યારે તે લોકોની હાજરીમાં હોય છે ત્યારે ઉત્સાહી અને કાર્યશીલ હોય છે (૨) જ્યારે તે એકલો હોય છે ત્યારે તે આળસુ હોય છે અને (૩) તે દરેક બાબતમાં પોતાનાં વખાણ થાય એવું ઈચ્છે છે.**

(અલ કાફી, ભાગ-૨, પેજ-૨૯૫, નં.૮)

- લગભગ દરેકના જીવનમાં આવો એકાદ પ્રસંગ તો બનતો જ હોય છે અને જે માણસો આવા માણસ તરફ જોતા હોય તે આવું જ કહેતા હોય છે : 'પેલો માણસ તો બીજું કંઈ નહીં પરંતુ આડંબરી છે.'
- જો આપણે ભવિષ્યમાં પણ સફળ થતા રહેવાનું ચાલુ રાખવું હોય તો પ્રથમ બાબત કે જે આપણે કરવાની છે તે અલ્લાહને યાદ રાખવાની છે. આપણે હંમેશાં એ યાદ રાખવાનું છે કે જે કંઈ સદબુધ્ધિ આપણી પાસે છે તે અલ્લાહ તરફથી જ આપણને મળેલી છે.
- જો આપણે નમ્ર રહેવાની ઈચ્છા રાખીએ તો આપણે ઉપરનું વાક્ય યાદ રાખવું જોઈએ અને જ્યારે પણ આપણે કંઈક ભલાઈનું કાર્ય કરીએ અથવા તો કોઈ સિધ્ધિ પ્રાપ્ત કરીએ તો અલ્લાહે આપેલી સદ્‌બુધ્ધિથી તે થયું છે એવું જ કહીએ. આ રીતે આપણે આપણા નફસને આપણી પ્રશંસા કરતો રોકી શકીશું અને તેને અલ્લાહનાં ગુણગાન ગાતો કરી દઈશું. વળી આપણે એ પણ સમજવું જોઈએ કે આડંબર કરવા માટે આપણું પોતાનું કશું નથી કેમકે જે કંઈ કાર્ય આપણે સિધ્ધ કરીએ છીએ તે અલ્લાહની મદદથી જ થાય છે. (ક્રમશઃ)

## નુસ્ખા

### જીવજંતુના ડંખ

(ગતાંકનું ચાલુ)

* વિંછીના ડંખ ઉપર કાંદો કાપી બાંધવાથી વિંછીનું ઝેર ઉતરે છે.
* વિંછી કરડ્યો હોય તો સૂંઠને પાણીમાં ઘસી સૂંઘવાથી વિંછીનું ઝેર ઉતરે છે.
* વિંછી કરડ્યો હોય તો ફુદીનાનો રસ પીવાથી કે ફુદીના પાન ખાવાથી ઝેર ઉતરે છે.
* વિંછીના ડંખવાળો ભાગ મીઠાના પાણીથી વારંવાર ધોવાથી તથા તથા સહેજ મીઠુ નાખેલા પાણીના ટીપાં બન્ને આંખોમાં નાખવાથી વિંછીનું ઝેર ઉતરે છે.
* તાજણીયાનો રસ સાકર સાથે પીવાથી વિંછીનું ઝેર ઉતરે છે.
* આમલીનો ચીંચોડો સફેદ થાય ત્યાં સુધી પાણીમાં ઘસી એ સફેદ થયેલો ચીંચોડો વિંછીના ડંખ ઉપર ચોપડવાથી ઝેર શોષી લે છે અને પોતાની મેળે ખરી પડે છે અને વિંછીનું ઝેર ઉતરે છે.

# હુસૈન હી ને કીયા

નબીકે દીનકો ઝિંદા હુસૈન હી ને કિયા,
યે કામ બનકે મસીહા હુસૈન હી ને કિયા.

શહીદ હો કે બુઝાયે ઝલાલતોં કે ચિરાગ,
ન કર સકા જો ઝમાના હુસૈન હી ને કિયા.

ખુદાકા નામ રહે, કુછ રહે, રહે ન રહે,
યે હૌસલા, યે ઈરાદા હુસૈન હી ને કિયા.

શિકસ્ત માન લી બાતિલકી આજ દુન્યાને,
હકીકતોંસે શનાસા હુસૈન હી ને કિયા.

ખુદા ગવાહ હૈ ઐસા જિહાદે રાહે ખુદા,
હુસૈન હી કે લિયે થા, હુસૈન હી ને કિયા.

નઝર ભી કુફ્રકી અબ ઈસ તરફ નહીં ઉઠતી,
ખલીલ, કા'બાકો કા'બા હુસૈન હી ને કિયા.

યઝીદિયતકી ઝબરદસ્તીયાં મઆઝઅલ્લાહ,
સરે ગુરૂરકો નીચા હુસૈન હી ને કિયા.

યે હી નમાઝ રહેગી નિગાહે કુદરતમેં,
લહુમેં ડૂબકે સજદા હુસૈન હી ને કિયા.

મૈં એક કત્રએ બેઆબો તાબ થા અય 'કૈફ',
નિગાહે લુત્ફસે દર્યા હુસૈન હી ને કિયા.

-'કૈફ' ઈતરોલવી

:::::::::::::::::::::: શબ્દાર્થ ::::::::::::::::::::::

ઝલાલતોંકે : ગુમરાહીના, શનાસા : પરિચિત, વાકેફ ખલીલ : દોસ્ત (અહીં હઝરત ઈબ્રાહીમ(અ.)ના સંદર્ભમાં છે) ગુરૂર : અભિમાન કત્રા : ટીપુ બેઆબો તાબ : પાણી અને શક્તિ વગરનું નિગાહે લુત્ફ : રહેમની નજર

# General Knowledge Corner

**118**

**(૧) પ્લાસ્ટર ઓફ પેરિસ તરીકે જાણીતો પદાર્થ કયો રાસાયણિક પદાર્થ છે ?**

(A) ગ્રેફાઈટ (B) કેલ્શિયમ સલ્ફેટ
(C) રેનિસીન (D) આરસપહાણ

**(૨) પાંચ વર્ષની ઉંમરના બાળકને શું કહેવાય ?**

(A) કિશોર (B) કુમાર
(C) તરૂણ (D) શિશુ

**(૩) રાસાયણિક ભાષામાં સોડિયમ ક્લોરાઈડને સામાન્ય ભાષામાં શું કહેવાય છે ?**

(A) મીઠું (B) ફટકડી
(C) મોરથુથુ (D) નવસાર

**(૪) ગ્રામ પંચાયતના પદાધિકારીને કયા નામથી ઓળખવામાં આવે છે ?**

(A) મામલતદાર (B) કલેકટર
(C) નગરપતિ (D) સરપંચ

**(૫) STD એટલે ........... ટ્રંક ડાયલિંગ ?**

(A) સ્ટેન્ડીંગ (B) સેન્સિટીવ
(C) સ્ટેટ (D) સબસ્ક્રાઈબર

**(૬) હિન્દી ભાષા કઈ લિપિમાં લખાય છે ?**

(A) ગુરૂમુખી (B) ફારસી
(C) દેવનાગરી (D) બ્રાહ્મી

**(૭) મહા કવિ કાલીદાસ કયા સમ્રાટની સભાનું રત્ન હતા ?**

(A) સમ્રાટ અશોક (B) સમુદ્ર ગુપ્ત
(C) ચંદ્રગુપ્ત (D) ચંદ્રગુપ્ત(બીજો)

**(૮) ત્રીજી જુલાઈએ કયા દેશનો સ્વાતંત્ર્ય દિન હોય છે ?**

(A) આર્મિનિયા (B) કેન્યા
(C) ઈરાન (D) અલ્જિરિયા

# આપણા ઘરની વાતો

**● મેતા મુકામે બોસ્તાને તિફ્લાનના નવીન મકાનનું ખાત મુહૂર્ત :**

મેતામાં શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતનાં ભૂલકાંઓ માટે બોસ્તાને તિફ્લાનના નવીન મકાનનું ખાત મુહૂર્ત આકાએ નામદાર હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની જે જગ્યાએ રહેમ અને કરમની નજર છે ત્યાં મસ્જિદની સામે ઈમાન ચોકમાં તા.૨૫-૫-૨૦૧૧ને બુધવારે (ખાતૂને જન્નત જનાબે ફાતેમા ઝહરા(અ.)ની વિલાદતના દિવસે) સવારે ૮-૦૦ કલાકે **મો.ગુલામભાઈ શરીફભાઈ નાંદોલીયા** અને જમાઅતના પ્રમુખ **હાજી ગુલામભાઈ નુરમદ પટેલ**ના શુભ હસ્તે ઈસ્લામી નાઅરાઓના બુલંદ અવાજો વચ્ચે કરવામાં આવ્યું હતું.

સૌ પ્રથમ **મોલ્વી સાહેબ આદમભાઈ**એ હદીસે કિસાઅનું વાંચન કર્યું હતું. ખાત મુહૂર્ત વખતે એક મોમિન ભાઈ તરફથી આપેલ અત્તરનાં પુમડાંથી વાતાવરણ સુવાસિત બની ગયું હતુ અને શ્રીફળ અને ગોળના ટુકડા દ્વારા સૌએ મોં મીઠાં કર્યાં હતાં અને એકબીજાને હાથ મુસાફહા કરીને મુબારકબાદી પાઠવી હતી. નાનાં ભૂલકાઓમાં પ્રિય અને મોટેરાઓમાં **'માર્શલ'** ઉપનામથી જાણીતા મો.ગુલામભાઈ નાંદોલીયાના અવિતરત પ્રયત્નો અને નાણાંકીય સહાયથી આ કાર્ય સાકાર બન્યું હતું. આ પ્રસંગે હરિપુરાના વતની અને ગાંધીનગર સચિવાલયમાં નોકરી કરતા મો.ગુલામઅબ્બાસ લોઢાની હાજરી સૂચક હતી. સેવાના આ કાર્યમાં જે મોમિન ભાઈ-બહેનોએ નાણાંકીય અને શારીરિક પરિશ્રમ દ્વારા સહકાર આપેલ છે તેમનો મેતા શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત જાહેર આભાર વ્યક્ત કરે છે.

**● ઝહીરાબાદમાં તથા મહેરપુરામાં બોસ્તાને તિફ્લાન માર્ગદર્શન શિબિર :**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાના નેજા હેઠળ તથા તન્ઝીમે ઝયનબીયાના સંકલનથી તા.૧૨-૬-૨૦૧૧ને રવિવારના રોજ ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદ ખાતે તન્ઝીમે ઝયનબીયાની બહેનો તથા સાબરકાંઠાના મોમિન સમાજના ગામોમાં બોસ્તાને તિફ્લાન તેમજ આંગણવાડી ચલાવતી બહેનો માટે પ્રોત્સાહન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિષય નિષ્ણાત તરીકે **શ્રી ભરતસિંહ ચૌહાણ** તથા **મો.ગુલામમહંમદ વિજાપુરા(માસ્ટર)** ઉપસ્થિત રહીને તમામ બહેનોને બાળમાનસ અને બાળ કેળવણી અંગે સુંદર માર્ગદર્શન પૂરું પાડીને આ દિશામાં આગામી પેઢીના સર્વાંગી વિકાસ માટે આહ્વાન કર્યું હતું. આ શિબિરના તમામ લાભાર્થીઓ માટે વિકાસ મંડળે જમવાની વ્યવસ્થા કરી હતી.

ઉપરોક્ત શિબિરના વિષયવસ્તુને કેન્દ્ર સ્થાને રાખીને તા.૧૯-૬-૨૦૧૧ને રવિવારના રોજ ફરીથી અઝાખાન એ ઝહરા, મહેરપુરા મુકામે બોસ્તાને તિફ્લાન માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મંડળના કારોબારી સભ્યો, મંડળની મહિલા પાંખની બહેનો, બોસ્તાને તિફ્લાનની સંચાલક બહેનો તથા દરેક ગામમાંથી પધારેલ બોસ્તાને તિફ્લાન મેનેજમેન્ટ કમિટીના સભ્યો તેમજ મહેરપુરાના મોમિન ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ માર્ગદર્શન શિબિરમાં પણ **શ્રી ભરતસિંહ ચૌહાણ** તથા **મો.ગુલામમહંમદ(માસ્ટર)**એ સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને તમામ ગામોના બોસ્તાને તિફ્લાનનું સંકલન કરવાનો એક સૂર જોઈને હવે પછી અમલીકરણનો એક્શન પ્લાન ઘડવા માટે સર્વ સંમતિ સધાઈ હતી. આ શિબિરમાં મહેરપુરા ગામ તરફથી ચા-નાસ્તા-ઠંડા પીણાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

**● શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાની સાધારણ સભા અને હોદ્દેદારોની વરણી:**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાની વાર્ષિક સાધારણ સભા તા.૫-૬-૨૦૧૧ને

રવિવારના રોજ ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદ ખાતે રાખવામાં આવી હતી. ત્યાર પછી તે જ સ્થળે રાખેલ કારોબારી સમિતિની મિટીંગમાં મંડળના હોદ્દેદારોની નીચે મુજબ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

**પ્રમુખ :** મો.વજીરઅલી અલીભાઈ ખરોડીયા **ઉપ પ્રમુખ :** મો.મહંમદઅલી ઈબ્રાહીમભાઈ ખણુશીયા **મંત્રી :** મો.શેરઅલી હાસમભાઈ વિજાપુરા **સહમંત્રી :** મો.અલીભાઈ નુરભાઈ વિજાપુરા **આંતિરક ઓડીટર:** મો.શબ્બીરઅલી વલીભાઈ રાજપુરા

● **ઈન્નાલિલ્લાહે :**



શેરપુરા નિવાસી **મર્હૂમ મો.રહીમભાઈ ઈબ્રાહીમભાઈ પટેલ** મુ.તા.૨૬, જમાદીઉલ અવ્વલ-૧૪૩૨, તા.૧-૫-૨૦૧૧ને રવિવારના રોજ ૮૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નમ્ર, એહલેબયતના ચાહક હતા. તેમણે ૧૫ વર્ષથી જાફરી કાઉન્સીલમાં ઉપપ્રમુખ પદે સેવા આપી હતી તથા તાજિયા કમિટીમાં પ્રમુખપદે ૩૦ વર્ષ સુધી સેવા આપી હતી તેમજ ગામમાં આગેવાન તરીકે પણ સેવા આપતા હતા. --->



<--- દસાવાડા નિવાસી **મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ જમાલભાઈ મુખી** મુ.તા.૨૫, રબી.અવ્વલ-૧૪૩૨, તા.૧-૩-૨૦૧૧ને મંગળવારના રોજ ૬૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ નમાઝી, બાંગી, ભોળા, સાચાબોલા તથા શાંત સ્વભાવના હતા. મર્હૂમ ગામમાં મુખી તરીકે સેવા બજાવતા હતા. તેઓ ઈમામ હુસૈન(અ.)ની ઝિયારતથી મુશર્રફ થયેલા હતા. મર્હૂમ પીરો મુરશિદ અને એહલેબયત(અ.)ના ચાહક હતા.



મેતા નિવાસી **મર્હૂમા મો.સકીનાબેન અલીજી શરીફ સુણસરા** (મો.મોલ્વી યુસુફભાઈ નુરમદ શેલીયાની દીકરી) મુ.તા. ૨૪, જમાદીઉલ આખર-૧૪૩૨, તા.૨૯-૫-૨૦૧૧ને રવિવારના રોજ ૬૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. તેઓ સ્વભાવે માયાળુ, હસમુખાં, નિખાલસ, નમાઝી, મજલિસોનાં ચાહક અને મોહંમદ વ આલે મોહંમદ તથા પીરો મુરશિદનાં આશિક હતાં. --->



<--- કાકોશી નિવાસી **મર્હૂમા મો.કલીબેન સુલેમાનભાઈ પટાવટ** મુ.તા.૧૯, જમા.અવ્વલ-૧૪૩૨, તા.૧૧-૫-૨૦૧૧ને બુધવારના રોજ ૮૦ વર્ષની વયે લાંબી માંદગી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક, ઈમાનદાર અને નિખાલસ હતાં. તેઓ પીરો મુરશિદ પ્રત્યે ઊંડી અકીદત ધરાવતાં હતાં અને મોહંમદ વ આલે મોહંમદનાં મોહિબ હતાં.



પીરોજપુરા-મુંબઈ નિવાસી **મર્હૂમા મો.સુગરાબેન યાકુબઅલી ફત્તેહ** મુ.તા.૧૫, જમાદીઉલ આખર-૧૪૩૨, તા.૧૯-૫-૨૦૧૧ને ગુરૂવારના રોજ ૫૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નમ્ર અને માયાળુ હતાં. તેઓ આશિકે હુસૈન અને મોહંમદ વ આલે મોહંમદનાં ચાહક હતાં. --->



<--- કેસીમ્પા નિવાસી **મર્હૂમા મો.રઝીયાફાતેમા હસનઅલી આસુંદ** મુ.તા. ૬, રજબ-૧૪૩૨, તા.૯-૬-૨૦૧૧ને ગુરૂવારના રોજ ૩ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.



←--- મહેરપુરા નિવાસી **મર્હૂમા મો.હુરીબેન ઈબ્રાહીમભાઈ ધાંગા** મુ.તા.૫, જમાદીઉલ આખર-૧૪૩૨, તા.૧૦-૫-૨૦૧૧ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.



જેઠીપુરા નિવાસી **મર્હૂમા મો.મરીયમબેન નસીરભાઈ ભટ્ટ** મુ.તા.૧૬, જમા.આખર-૧૪૩૨, તા.૨૦-૫-૨૦૧૧ને શુક્રવારના રોજ ૭૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે હસમુખાં નમ્ર, લાગણીશીલ, માયાળુ, નેક દિલ, નમાઝી તેમજ રોઝેદાર, કુરઆનની તિલાવત કરનાર, ઈબાદતગુઝાર, પાક એહલેબયત(અ.) અને પીરો મુરશિદનાં ચાહક હતાં. ---➔


અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

**અખબારી યાદી** ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કારોબારી સભ્યોની બેઠકમાં મળેલ મંજુરી મુજબ ગુજરાત રાજ્યમાં વસતા અને રાજ્યનાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અને વડોદરા/સીબીએસસીના મુસ્લિમ સમુદાયના તેજસ્વી તારલાઓને માર્ચ-એપ્રિલ ૨૦૧૧માં **ધો.૧૦માં છોકરાઓ માટે ૮૫% તેમજ છોકરીઓ માટે ૮૦% કે તેથી વધુ ગુણ મેળવનારને રૂા.૩૦૦૦ અને ધો.૧૨માં છોકરાઓ માટે ૮૦% તેમજ છોકરીઓ માટે ૭૫% કે તેથી વધુ ગુણ મેળવનારને રૂા.૪૦૦૦ રોકડ પુરસ્કાર** આપવાનું નક્કી કરવામાં આવેલ છે. આ અંગે સાદા કાગળ ઉપર અરજી, પ્રમાણિત કરેલી માર્કશીટ સાથે **ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૮, ભોંયતળિયે, જૂના સચિવાલય, ગાંધીનગર**ને **૧૫, ઓગસ્ટ-૨૦૧૧** સુધીમાં મળી જાય એ રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

**-અધ્યક્ષ, એ.આઈ.સૈયદ (ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર)**


૭૮૬/૪૨૯/૪૪૦

# અલ V ટૂર (અલ-વી ટૂર)



**પીરો મુરશિદ અને મોહંમદ વ આલે મોહંમદની ભલી દુઆઓથી ખડીયાસણા નિવાસી મો.સાદિકઅલી વલ્લીભાઈ મુખીએ સતત સાત વર્ષથી હજ ઝિયારત અને ઉમ્રહ ઝિયારતનો સફળતાપૂર્વક સફર પૂર્ણ કરી ચૂકેલ છે. આગામી ઉમ્રહ ઝિયારત ટૂરનું આયોજન ૧૦/૬/૨૦૧૧ના રોજ ઈન્શાઅલ્લાહ વતનથી રવાના થશે તો જે મોમિન ભાઈ-બહેનોએ આ ટૂરમાં જોડાની ઈચ્છા હોય તો નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી છે.**

**સંપર્ક** ☞ **મો.સાદિકઅલી વલ્લીભાઈ મુખી**

**મુ. ખડીયાસણા, તા. સિધ્ધપુર, જિ. પાટણ. મોબાઈલ : ૯૮૨૫૪૧૧૪૪૦**

**ઝિયારતો**

**મદીના મુનવ્વરા** : મક્કાએ મોઅઝઝમા

**સિરિયાનો ઝિયારતો** : રક્કા, હલબ, નબી ઝકરીયા, સિરીયાનું કબ્રસ્તાન)

**ઈરાકની ઝિયારતો** : કરબલા, નજફ, કુફા, કાઝમૈન, હિલ્લા અને કરબલાની અતરાફની ઝિયારતો ઈન્શાઅલ્લાહ શામરરાહની ઝિયારતો

**ઈરાનની ઝિયારતો** : મશહદ (શાહે ખુરાસાન), માસુમાકુમ, મિસ્જદે ઝમકરાન, માસુમા કુમની અતરાફની ઝિયારતો, શાહ અબ્દુલ અઝીમ, બીબી શેરબાનુ, નિશાપુરની તમામ ઝિયારતો

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**રૂા.૧૦૦૦/- મો.મર્હૂમ રહીમભાઈ ઈબ્રાહીમભાઈ પટેલ(શેરપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

**મર્હૂમ મો. ઈસ્માઈલભાઈ જમાલભાઈ મુખી(દસાવાડા)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૨૫/- મો.મહંમદઅલી ઈસ્માઈલભાઈ મુખી
રૂા.૨૫/- મો.ઝોહરાબેન મહંમદઅલી મુખી
રૂા.૨૫/- મો.આરેફાબેન મહંમદઅલી મુખી
રૂા.૨૫/- મો.શીરીનફાતેમા મહંમદઅલી મુખી
રૂા.૨૫/- મો.ફિઝઝાબેન મહંમદઅલી મુખી
રૂા.૫૧/- મો.જાફરઅલી ઈસ્માઈલભાઈ મુખી
રૂા.૫૧/- મો.આસ્મીનાબેન જાફરઅલી મુખી
રૂા.૫૧/- મો.નુસરતફાતેમા જાફરઅલી મુખી
રૂા.૫૧/- મો.ઝયનબબેન અબ્બાસઅલી મોળપીયા
રૂા.૨૫/- મો.મહેંદીહુસૈન અબ્બાસઅલી મોળપીયા
રૂા.૨૫/- મો.શબ્બીરઅલી અબ્બાસઅલી મોળપીયા
રૂા.૫૧/- મો.ઝોહરાબેન હૈદરઅલી કડીવાલ
રૂા.૨૫/- મો.કનીઝફાતેમા હૈદરઅલી કડીવાલ
રૂા.૨૫/- મો.રહમતફાતેમા હૈદરઅલી કડીવાલ
રૂા.૫૧/- મો.તાહેરાબેન મુમ્તાઝઅલી મોળપીયા
રૂા.૫૧/- મો.મહેરબાનઅલી મુમ્તાઝઅલી મોળપીયા
રૂા.૨૫/- મો.મુસ્તુફાઅલી મુમ્તાઝઅલી મોળપીયા
રૂા.૫૧/- મો.હુસૈનાબેન ઈસ્માઈલહુસૈન શેલીયા
રૂા.૫૧/- મો.સુગરાફાતેમા ઈસ્માઈલહુસૈન શેલીયા

**મો.મર્હૂમા સકીનાબેન અલીજી શરીફ સુણસરા (મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૧/- મો.ઝોહરાબેન અલીજી સુણસરા
રૂા.૫૧/- મો.સાજેદાબેન હૈદરઅલી સુણસરા
રૂા.૫૧/- મો.નજમાબેન મહંમદઅલી સુણસરા
રૂા.૫૧/- મો.ઈમ્દાદઅલી અલીજી સુણસરા
રૂા.૫૧/- મો.મહંમદઅલી અલીજી સુણસરા
રૂા.૧૦૧/- મો.શબ્બીરહસન ગુલામહુસૈન મહેસાણીયા
રૂા.૫૧/- મો.સુલેમાન શરીફ સુણસરા
રૂા.૫૧/- મો.ફાતમાબેન સુલેમાન સુણસરા
રૂા.૫૧/- મો.શીરીનબેન શબ્બીરઅલી સુણસરા
રૂા.૫૧/- મો.ઝાકિરઅલી સુલેમાન સુણસરા
રૂા.૫૧/- મો.હસનઅલી સુલેમાન સુણસરા
રૂા.૨૫/- મો.મરૂબેન અલીજી માંકણોજીયા
રૂા.૨૫/- મો.જનુબેન શરીફ આંબલીયાસણા

રૂા.૨૫૦/- મો.કાસમઅલી યુસુફભાઈ શેલીયા(મેતાવાળા)તરફથી તેમની બહેન મર્હૂમા સકીનાબેનની રૂહના સવાબ અર્થે.

**મો.મર્હૂમા કલીબેન સુલેમાનભાઈ પટાવટ (કાકોશી)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.સાદિકઅલી યાકુબભાઈ પટાવટ
રૂા.૧૦૦/- મો.આબિદઅલી યાકુબભાઈ પટાવટ
રૂા.૧૦૦/- મો.સુગરાફાતેમા યાકુબભાઈ પટાવટ
રૂા.૧૦૦/- મો.કુબરાફાતેમા યાકુબભાઈ પટાવટ
રૂા.૧૦૦/- મો.ઝયનબફાતેમા યાકુબભાઈ પટાવટ
રૂા.૫૦/- મો.ખાતુનબેન સફદરઅલી ઘો

**મો.મર્હૂમા રઝીયાફાતેમા હસનઅલી આસુંદ(કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે તેમના સ્નેહીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૧૦/- મો.ઈબ્રાહીમભાઈ ફકીરમહંમદ આસુંદ
રૂા.૧૧૦/- મો.સકીનાબેન ઈબ્રાહીમભાઈ આસુંદ
રૂા.૧૧૦/- મો.હસનઅલી ઈબ્રાહીમભાઈ આસુંદ
રૂા.૧૧૦/- મો.હુસૈનાબેન હસનઅલી આસુંદ
રૂા.૫૧/- મો.આબિદઅલી ઈબ્રાહીમભાઈ આસુંદ
રૂા.૫૧/- મો.અમીનબેન આબિદઅલી આસુંદ
રૂા.૫૧/- મો.અકબરઅલી ઈબ્રાહીમભાઈ આસુંદ
રૂા.૫૧/- મો.આબેદાબેન અકબરઅલી આસુંદ

રૂા.૨૧/- મો.અકબરહુસૈન આબિદઅલી આસુંદ
રૂા.૨૧/- મો.અઝમતફાતેમા આબિદઅલી આસુંદ
રૂા.૨૧/- મો.હૈદરઅબ્બાસ અકબરઅલી આસુંદ
રૂા.૨૧/- મો.નજમાફાતેમા અકબરઅલી આસુંદ
રૂા.૨૫/- મો.મહંમદઅલી સુલેમાનભાઈ સુથાર
રૂા.૨૫/- મો.સાબેરાબેન મહંમદઅલી સુથાર
રૂા.૫૦/- મો.અહમદઅલી ગુલામહુસૈન આસુંદ
રૂા.૫૧/- મો.નજરઅલી સુલેમાનભાઈ આસુંદ
રૂા.૫૧/- મો.કુલસુમબેન નજરઅલી આસુંદ
રૂા.૫૧/- મો.મહેંદીહસન નજરઅલી આસુંદ
રૂા.૫૧/- મો.મંજૂરફાતેમા અકબરઅલી સુથાર
રૂા.૫૦/- મો.કમરઅલી સુલેમાનભાઈ આસુંદ
રૂા.૫૦/- મો.અબ્બાસઅલી સુલેમાનભાઈ આસુંદ
રૂા.૫૦/- મો.હસનઅલી સુલેમાનભાઈ આસુંદ
રૂા.૫૦/- મો.મોલ્વી મોહસિનઅલી મહંમદભાઈ આસુંદ
રૂા.૫૦/- મો.ગુલામહૈદર રસુલભાઈ આસુંદ
રૂા.૫૦/- મો.શબ્બીરઅલી રસુલભાઈ આસુંદ
રૂા.૫૦/- મો.ઈમ્દાદઅલી રસુલભાઈ આસુંદ
રૂા.૫૦/- મો.શબ્બીરઅલી રસુલભાઈ મુખી
રૂા.૫૦/- મો.આબેદાબેન શબ્બીરઅલી મુખી

**મર્હૂમા મો.સુગરાબેન યાકુબઅલી ફત્તેહ (મુંબઈ-પીરોજપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૭૮૬/- મો.યાકુબઅલી દાઉદભાઈ ફત્તેહ
રૂા.૨૦૦/- મો.ઝુલ્ફિકારઅલી યાકુબઅલી ફત્તેહ
રૂા.૨૦૦/- મો.મહેંદીહસન યાકુબઅલી ફત્તેહ
રૂા.૨૦૦/- મો.કનીઝફાતેમા યાકુબઅલી ફત્તેહ
રૂા.૨૦૦/- મો.આબેદાબાનુ ઝુલ્ફિકારઅલી ફત્તેહ
રૂા.૨૦૦/- મો.મોહંમદઅકબર ઝુલ્ફિકારઅલી ફત્તેહ
રૂા.૨૦૦/- મો.રાશેદાબાનુ મહેંદીહસન ફત્તેહ
રૂા.૨૦૦/- મો.બતૂલફાતેમા મહેંદીહસન ફત્તેહ
રૂા.૨૦૦/- મો.અનીસા મુર્તઝાઅલી ફત્તેહ
રૂા.૨૦૦/- મો.અબ્બાસઅલી મુર્તઝાઅલી ફત્તેહ
રૂા.૨૦૦/- મો.મુખ્તારઅલી મુર્તઝાઅલી ફત્તેહ

**મર્હૂમા મો.હુરીબેન ઈબ્રાહીભાઈ ધાંગા (મહેરપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- મો.દાઉદભાઈ ઈબ્રાહીમભાઈ ધાંગા
રૂા.૧૦૦/- મો.વજીરભાઈ પેરજીભાઈ ધાંગા
રૂા.૧૦૫/- મો.ઈસ્માઈલભાઈ યારમહંમદ ડોડીયા
રૂા.૧૦૦/- મો.ગુલામહૈદર ગનીભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ જલાલભાઈ મસી
રૂા.૧૦૦/- મો.રહમતબેન શેરઅલી પટેલ

**મર્હૂમા મો.મરીયમબેન નસીરભાઈ ભટ્ટ (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- મો.નસીરભાઈ ગુલામભાઈ ભટ્ટ
રૂા.૧૦૦/- મો.હસનભાઈ ગુલામભાઈ ભટ્ટ
રૂા.૧૦૦/- મો.મહંમદહુસૈન નશીરભાઈ ભટ્ટ
રૂા.૧૦૦/- મો.ફિઝઝાબેન શબ્બીરઅલી ખણુશીયા
રૂા.૧૦૦/- મો.રાબિયાબેન મૈસમઅલી રાજપુરા
રૂા.૧૦૦/- મો.શેરબાનુ શેરઅલી વિજાપુરા
રૂા.૧૦૦/- મો.સલમાબેન મહંમદહુસૈન ભટ્ટ
રૂા.૧૦૦/- મો.મલીબેન હાસમભાઈ આગલોડીયા
રૂા.૧૦૦/- મો.ગુલામહુસૈન શાહબુદ્દીન આગલોડીયા
રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ શાહબુદ્દીન આગલોડીયા
રૂા.૫૦/- મો.ગુલામઅબ્બાસ અમદાભાઈ વિજાપુરા
રૂા.૫૦/- મો.મલાબેન ગુલામહુસૈન જેધવા
રૂા.૫૦/- મો.ખુદેજાબેન અલીભાઈ ખણુશીયા
રૂા.૫૦/- મો.હુસૈનાબેન અલીરઝા વિજાપુરા
રૂા.૫૦/- મો.શેરબાનુ શબ્બીરઅલી માણુસીયા
રૂા.૫૦/- મો.અનીસાબેન અકબરઅલી મસુ
રૂા.૫૦/- મો.રાશેદાબેન મકબૂલઅલી વિજાપુરા
રૂા.૩૦/- મો.ઝયનબબેન ગુલામહૈદર વિજાપુરા

**મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ રાજે ભગત (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૧/- મો.મરીયમબેન હબીબભાઈ સુથાર
રૂા.૫૧/- મો.ઝયનબબેન ઈસુબભાઈ સુથાર

રૂા.૨૦૦/- મો.રૂસેદઅલી ગુલામઅલી (વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મો.રૂસેદઅલી ગુલામઅલી (વસો)તરફથી મર્હૂમા અલ્લારખીબેનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૨૧/- મો.મુસ્તાકઅલી ગુલામરસુલ (દમણ)તરફથી તેમની દીકરી મકબૂલફાતેમાની શાદીની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.શૌકતઅલી અબ્દેરહેમાન (વસો)તરફથી તેમના દીકરા મોહસિનઅલીને બિસ્મિલ્લાહ પઢાવ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.શરીફભાઈ વજીરભાઈ સુરપુરા(સુરપુર)તરફથી તેઓ ઉમ્રહ હજ-ઝિયારત માટે ગયા તેની ખુશાલી પ્રસંગે.

**રૂા.૫૩૦/- મો.મહેરબાનહુસૈન ઝાકિરહુસૈન શેલીયા(મેતા-અમદાવાદ)તરફથી તેઓ એસ.એસ.સી.માં ૯૦% ગુણ મેળવી ઉત્તીર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.**

રૂા.૨૫૦/- મો.કાસમઅલી યુસુફભાઈ શેલીયા(મેતા-અમદાવાદ)તરફથી તેમના પૌત્ર મહેરબાનહુસૈન એસ.એસ.સી.માં ૯૦% ગુણ મેળવીને ઉત્તીર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ઝોહરાબેન હનીફભાઈ ઢુકા (વાઘરોલ-અમદાવાદ)તરફથી તેમની દીકરી શબાના એસ.એસ.સી.માં ૮૦.૨૦% અને તેમની દીકરી રહેમતફાતેમા બી.એસ.સી.માં ૬૯% ગુણ મેળવીને ઉત્તીર્ણ થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫/- મો.અનીસાફાતેમા હસનઅબ્બાસ મોમિન(વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫/- મો.હમીદાફાતેમા હસનઅબ્બાસ મોમિન(વસો)તરફથી જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મો.ગુલામહુસૈન જલાલભાઈ બાદરપુરા(ઈલોલ તલાવ)તરફથી 'જાફરી આવાઝ'(માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૫૦/- મો.હસનઅલી રસુલભાઈ શેલીયા તરફથી તેઓ એસ.એસ.સી.માં ૮૨.૬૦% ગુણ મેળવી ઉત્તીર્ણ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.સકીનાફાતેમા શબ્બીરઅલી તરફથી તેઓ એસ.એસ.સી.માં ૮૫.૪૦% ગુણ મેળવી ઉત્તીર્ણ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.સાકેરાબેન મહંમદઅલી ગોદડ (ઈલોલ પહાડીયા)તરફથી તેઓ એસ.એસ.સી.(સામાન્ય પ્રવાહ)માં ૭૩% ગુણ મેળવી ઉત્તીર્ણ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.નુઝહતબાનુ આબિદઅલી તરફથી તેઓ એસ.એસ.સી.માં ૯૩.૩% ગુણ મેળવી ઉત્તીર્ણ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.તાહેરાબેન ઈન્તેખાબઅલી ખણુશીયા(કનાઈ)તરફથી તેમને આરોગ્ય વિભાગમાં આશા કાર્યકર તરીકે ઉત્કૃષ્ટ કામગીરી માટે સરકાર તરફથી એવોર્ડ મળેલ છે તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.સઈદાબેન હસનઅબ્બાસ ખણુશીયા(કિશોરગઢ)તરફથી તેમને આરોગ્ય વિભાગમાં આશા કાર્યકર તરીકે ઉત્કૃષ્ટ કામગીરી માટે સરકાર તરફથી એવોર્ડ મળેલ છે તેની ખુશાલી પ્રસંગે.


**પ્રો. જી. કે. સુણસરા**
**(સેવાણીવાળા)**


**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

**● રેડીમેડ ●**
*** જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ * કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ * નાઈટ ડ્રેસ વિગેરે.**

**● ક્લોથ ●**
**શુટીંગ તથા શર્ટીંગ**

**● ટેલર્સ ●**
**પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.**

**૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.**
**ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦**



**સરપરસ્ત**

પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૦ ❖ અંક : ૧૧ ❖ ૧૦, જુલાઈ-૨૦૧૧

૭, શાબાન, હિ.સન-૧૪૩૨ ❖ સળંગ અંક : ૩૫૯

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨
હનીફભાઈ વી. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૫ |
| ❋ અહાદીસ | ૦૬ |
| ❋ આરોગ્યની સાચવણી | ૦૮ |
| ❋ એહલેબયતને પેદા કરવાનો હેતુ | ૦૯ |
| ❋ ગડમથલ | ૧૪ |
| ❋ આયતુલ કુબરા | ૧૫ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૩ |
| ❋ જુંબિશે લબ | ૨૭ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૨૯ |
| ❋ નહજુલ બલાગહ | ૩૧ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૩૫ |
| ❋ હુસૈન ઈબ્ને અલી(અ.) | ૩૭ |
| ❋ મશાયખવાણી | ૩૯ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૩ |
| ❋ તૌહીદ | ૪૫ |
| ❋ મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત | ૪૭ |
| ❋ શિખામણ આપવાની રીત | ૫૦ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૫૧ |
| ❋ હુસૈન હી ને કિયા | ૫૪ |
| ❋ આપણા ઘરની વાતો | ૫૫ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૮ |


## ઊઘડતે પાને...

અલ્લાહ તઆલાનો એક ફરિશ્તો.

દરદાઈલ એનું નામ.

આ દરદાઈલ ફરિશ્તાની વિગત કંઈક આવી વર્ણવવામાં આવી છે :

અકમાલુદ્દીનમાં પોતાની સનદો સાથે મુજાહિદથી રિવાયત છે. તેઓ કહે છે કે ઈબ્ને અબ્બાસ(રઝી.)નું બયાન છે કે મેં રસૂલિલ્લાહ (સ.)ને આવું ફરમાવતા સાંભળ્યા છે :

'અલ્લાહ તઆલાનો એક ફરિશ્તો છે કે જેનું નામ દરદાઈલ છે જેની સોળ હજાર પાંખો છે અને તેની એક પાંખથી બીજી પાંખ વચ્ચેનું અંતર એટલું

બધું છે કે જેટલું અંતર જમીન અને આસમાનની વચ્ચે છે.

એક દિવસ તે(ફરિશ્તો) પોતાના મનમાં કહેવા લાગ્યો,

'શું આપણા રબ્બે ઝૂલજલાલની ઉપર કંઈ આવેલું હશે ખરું ?'

અલ્લાહ તઆલાને ઈલ્મ થયું કે આના દિલમાં આવી વાત આવી છે તો અલ્લાહ તઆલાએ તેને બીજી સોળ હજાર પાંખો એનાયત ફરમાવી. હવે તેની પાસે બત્રીસ હજાર પાંખો થઈ ગઈ. પછી તેને હુકમ થયો,

'હવે ઉડવા માંડ.'

તેથી તે પાંચસો વર્ષ સુધી ઉડતો રહ્યો. પરંતુ તેનું માથું અર્શના થાંભલાઓમાંથી એક થાંભલા સુધી પણ પહોંચી ન શક્યું.

અલ્લાહ તઆલાને ઈલ્મ થયું કે હવે તે થાકી ચૂક્યો છે તો તેને હુકમ થયો,

'અય મલક ! તું તારી જગ્યાએ પાછો ચાલ્યો જા. હું દરેક અઝીમ કરતાં ય અઝીમ તેમજ ઉપર છું. મારાથી વધારે ઉપર કોઈ નથી. હું મકાન (સ્થળ) કરતાં ય વધારે ઊંચો છું.'

ત્યાર પછી અલ્લાહ તઆલાએ તેની બધી જ પાંખો છીનવી લીધી અને તેને ફરિશ્તાઓની સફોમાંથી ય કાઢી મૂક્યો.

જ્યારે ઈમામ હુસૈન ઈબ્ને અલી(અ.)નો જન્મ થયો તો એ રાત જુમ્આની રાત હતી. અલ્લાહ તઆલાએ જહન્નમ ઉપર નિયુક્ત કરેલા ફરિશ્તાને હુકમ કર્યો,

'મોહંમદ(સ.)ના આ મૌલૂદના સદકામાં આજે તું જહન્નમની આગને જહન્નમવાસીઓ માટે હોલવી નાખ.'

પછી જન્નતના ખજાનચી રિઝવાનને હુકમ કર્યો,

'દુનિયાની અંદર મોહંમદ(સ.)ના ત્યાં નવાસા પેદા થયા છે તેની ખુશીમાં જન્નતને ખૂબ શણગારી દો.'

અને જન્નતની હૂરો તરફ વહી મોકલી,

'દુનિયામાં મોહંમદ(સ.)ના ફરઝંદ પેદા થયા છે તેથી તમે બધાં તેની વિલાદતની ખુશીમાં તમારી જાતને સારી રીતે શણગારી દો.'

ત્યાર પછી ફરિશ્તાઓને હુકમ થયો.

'દુનિયામાં ફરઝંદે મોહંમદ(સ.)ના જન્મની ખુશીમાં તમે બધા સફમાં ગોઠવાઈ જઈને અલ્લાહની તસ્બીહ અને તમ્હીદ અને તમ્જીદ✶ કરવામાં તલ્લીન થઈ જાઓ.

વળી જિબ્રઈલે અમીનને વહી દ્વારા હુકમ કર્યો,

'તમે એક લાખ ફરિશ્તાઓને તમારી સાથે લઈ લો અને યુવા ઘોડાઓ ઉપર સવાર થઈ જાઓ કે જેમનાં જીન કસેલાં હોય અને લગામ બાંધેલી હોય અને તેના ઉપર મોતીઓનો અને યાકૂતનો શણગાર સજેલો હોય. તેમની સાથે થોડા બીજા ફરિશ્તાઓ પણ હોય કે જેમને રૌહાને કહેવાય છે. તેમના હાથોમાં નૂરના નેઝાઓ હોય અને તમે લોકો જઈને મારા નબી મોહંમદ(સ.)ને તેમના ફરઝંદની વિલાદતની મુબારકબાદી પેશ કરો અને તેમને બતાવી દો કે તેમના આ ફરઝંદનું નામ હુસૈન રાખી દીધું છે અને એ પણ કહી દો કે તમારા ઉમ્મતના ખરાબ લોકો કે જેઓ સૌથી ખરાબ સવારીઓ ઉપર હશે તેઓ તેને કતલ કરશે. આથી હુસૈન(અ.)ના કાતિલ ઉપર અફસોસ, તેમના સરદાર ઉપર પણ અફસોસ, તેમના દીકરાઓ ઉપર પણ અફસોસ થાય. ન તો મારો તેની સાથે કોઈ સંબંધ છે કે ન તેનો મારી સાથે કોઈ સંબંધ છે કેમકે હશ્રના

✶ તસ્બીહ, તમ્હીદ અને તમ્જીદ એટલે ઝિક્ર, પ્રશંસા અને ગુણગાન ગાવાની ક્રિયા.

મેદાનમાં જેટલા પણ લોકો આવશે તેમાં સૌથી મોટો અપરાધી કાતિલે હુસૈન જ હશે. કાતિલે હુસૈન એ લોકોની સાથે જહન્નમમાં જશે કે જેઓ મુશરિક હોય અને એવું સમજતા હોય કે અલ્લાહની સાથે બીજો પણ (કોઈ) અલ્લાહ છે. હુસૈન(અ.)ના કાતિલોને સળગાવવાનો જહન્નમને એટલો બધો શોખ છે કે જેટલો શોખ અલ્લાહની ઈતાઅત કરનારાઓને જન્નતનો શોખ હોય છે.'

જ્યારે જિબ્રઈલે અમીન આસમાનથી નીચે ઉતરવા લાગ્યા તો તેઓ દરદાઈલ ફરિશ્તા પાસે થઈને પસાર થવા પામ્યા. દરદાઈલે પૂછ્યું,

'આજે રાત્રે આસમાનની હાલત આવી કેમ છે ? આ ફરિશ્તાઓ કેમ ઉતરતા ચાલ્યા આવે છે? કયામત તો બરપા થવાની નથી ને ?

જિબ્રઈલે જવાબ આપ્યો,

'ના. એવું નથી પરંતુ દુનિયામાં મોહંમદ (સ.)ના ઘરમાં એક ફરઝંદ પેદા થયેલ છે અને અલ્લાહ તઆલાએ મને મોકલ્યો છે કે હું ત્યાં જઈને તેની મુબારકબાદી આપું.'

દરદાઈલે કહ્યું,

'અય જિબ્રઈલ ! તમને મારી અને મારા ખાલિકની કસમ, જ્યારે તમે તેમની ખિદમતમાં પહોંચો તો મારા તરફથી તેમને સલામ કહેજો અને એવું કહેજો કે આપને આ મૌલૂદનો વાસ્તો, મારા માટે એવી દુઆ ફરમાવો કે અલ્લાહ તઆલા મારાથી રાજી થઈ જાય, મારી પાંખો મને ફરીથી પાછી અતા ફરમાવે અને મલાઈકાની સફોમાં મારું જે સ્થાન હતું તે સ્થાન મને ફરીથી અતા ફરમાવે.'

પછી તો જિબ્રઈલે અમીન નબી(સ.)ની ખિદમતમાં આવ્યા. ખુદાએ ઈઝઝોજલના હુકમ અનુસાર સૌ પ્રથમ તો વિલાદતની મુબારકબાદી પેશ કરી ત્યાર પછી તા'ઝીયત અદા કરી.

આં હઝરત(સ.)એ પૂછ્યું,

'શું મારી ઉમ્મત તેને કતલ કરશે ?'

જિબ્રઈલે અરજ કરી,

'જી હા.'

આં હઝરત(સ.)એ ફરમાવ્યું,

'ના. તે લોકો કદાપિ મારી ઉમ્મતમાં નથી. હું પણ તે લોકોની જવાબદારીમાંથી મુક્ત છું અને અલ્લાહ તઆલા પણ તે લોકોથી મુક્ત છે.'

જિબ્રઈલે અરજ કરી,

'અય મોહંમદ(સ.) ! હું પણ તે લોકોથી મુક્ત છું.'

ત્યાર પછી નબી(સ.), જનાબે ફાતેમા ઝેહરા(અ.)ની પાસે તશરીફ લાવ્યા. સૌ પ્રથમ તો બાળકની વિલાદતની મુબારકબાદી આપી ત્યાર પછી તા'ઝીયત અને સબ્રની તલ્કીન ફરમાવી.

આ સાંભળીને જનાબે ફાતેમા ઝેહરા(અ.) રડવા લાગ્યાં અને કહેવા લાગ્યાં,

'કાશ ! મેં આ બાળકને પેદા જ ન કર્યું હોત!'

પછી આપે કહ્યું,

'શું કાતિલે હુસૈન જહન્નમમાં જશે ખરો ?'

આં હઝરત(સ.)એ ફરમાવ્યું,

'હું ગવાહી આપું છું કે કાતિલે હુસૈન જહન્નમી છે. પરંતુ હુસૈન(અ.) એ વખતે કતલ થશે કે જ્યારે તેનાથી એક ઈમામ પેદા થઈ જશે અને ત્યાર પછી તેનાથી તેના પછીના સતત સાત ઈમામો પેદા થતા રહેશે.'

ત્યાર પછી આપ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો,

'મારા પછી આ મુજબ ઈમામો થશે : **અલી(અ.)** અલ હાદી, **હસન(અ.)** અલ મુહ્તદી, **હુસૈન(અ.)** અલ નાસિર, **અલી(અ.) ઈબ્નુલ હુસૈન** અલ મન્સૂર, **મોહંમદ(સ.) બિન અલી** અલ શાફેઅ, **જાફર(અ.) બિન મોહંમદ** અલન્નફાઅ, **મૂસા(અ.) બિન જાફર** અલ અમીન, **અલી(અ.) બિન મૂસા** અલ રઝા,

**મોહંમદ(અ.) બિન અલી** અલ ફઅ્આલ, **અલી(અ.) બિન મોહંમદ** અલ મુઅત્મન, **હસન(અ.) બિન અલી** અલ અલ્લામ, ત્યાર પછી એ હશે કે જેની પાછળ ઈસા(અ.) બિન મરીયમ નમાઝ પઢશે.'

આ સાંભળ્યા પછી હઝરત જિબ્રઈલ(અ.)એ જનાબે ફાતેમા ઝેહરા(અ.)ને મજકૂર ફરિશ્તા (દરદાઈલ)નો કિસ્સો સંભળાવ્યો અને એ પણ સંભળાવ્યું કે તેના ઉપર શું ગુજર્યું હતું.

ઈબ્ને અબ્બાસ(રઝી.)નું બયાન છે કે -

આ સાંભળીનો નબી(સ.)એ ઈમામ હુસૈન(અ.)ને ઉઠાવ્યા કે જેમને ઊનના કપડામાં સૂવાડેલા હતા અને આસમાન તરફ ઈશારો કરીને દુઆ કરી,

'પરવરદિગાર ! તારા ઉપર આ મૌલૂદનો જે હક છે એ હકનો વાસ્તો, બલ્કે આ મૌલૂદ ઉપર તેના જદ મોહંમદ(સ.) ઉપર અને ઈબ્રાહીમ(અ.) ઉપર અનો ઈસ્માઈલ(અ.) ઉપર અનો ઈસ્હાક(અ.) ઉપર અને યાકૂબ(અ.) ઉપર જે તારો હક છે, તે હકનો વાસ્તો, જો તારી નજીક અલી(અ.) અનો ફાતેમા(અ.)ના ફરઝંદ હુસૈન(અ.)ની જો કોઈ કદર અથવા તો મંઝિલત (ઈજ્જત) હોય તો તું દરદાઈલ(ફરિશ્તા)થી તારી નારાજગીને દૂર કરી દે અને તેને ફરીથી બાલ અને પાંખો એનાયત ફરમાવ અને મલાઈકાની સફોમાં તેનું જે સ્થાન હતું તેવું જ સ્થાન ફરીથી અતા ફરમાવ.'


## જાફરી આવાઝની વેબસાઈટ ઉપર જાહેરાત

જાફરી આવાઝની વેબ સાઈટ ઉપર પોતાના ધંધાની જાહેરાત આપવા માગતા ભાઈઓએ નીચેના નંબર ઉપર સંપર્ક કરવો.

મો.૯૪૨૯૧૮૦૬૬૧


અલ્લાહ તઆલાએ આં હઝરત(સ.)ની દુઆ કબૂલ ફરમાવી દીધી અને અને તે ફરિશ્તાને માફ ફરમાવી દીધો અને તે ફરિશ્તો જન્નતમાં રસૂલિલ્લાહ(સ.) અને અલી ઈબ્ને અબીતાલિબ (અ.)ના ફરઝંદ હુસૈન(અ.)ના ગુલામ તરીકે ઓળખાવા લાગ્યો. *

(**બિહારૂલ અન્વાર**, જિલ્દ-૧૦, પેજ નં.૩૫, ઉર્દૂમાંથી ભાષાંતરિત)

નોંધ : અમુક બાબતોમાં ફિતરસ ફરિશ્તાના કિસ્સાને મળતો આવતો આ દરદાઈલ ફરિશ્તાનો કિસ્સો છે. વળી દરદાઈલ ફરિશ્તાની બક્ષિસ જે રીતે થાય છે તે વાત આપણે જાઈએ છીએ એનાથી અહીં કંઈક જુદી છે. કાંતો આ દરદાઈલ નામનો બીજો ફરિશ્તો પણ હોઈ શકે. અલ્લાહ બેહતર જાણે છે. આપણા માટે તો જન્નતમાં ઈમામ હુસૈન(અ.)ના જન્મની ખુશાલી કેવી રીતે વ્યક્ત થઈ તે બાબત જાણવી મહત્વની છે. **-તંત્રી**


**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)



**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**

**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**

# ગેલેક્સી ઈન્ફોટેક

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

**૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ**

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો

✻ આ એ માટે કે તમારા હાથમાંથી જે કાંઈ જતું રહે તેના માટે અફસોસ કરો નહીં, અને તેણે તમને જે કાંઈ આપ્યું છે તે માટે ફુલાઈ જાઓ નહીં; અને અલ્લાહ દરેક ગર્વિષ્ટ અને શેખીખોરને દોસ્ત રાખતો નથી ✻ કે જેઓ પંડે કંજૂસાઈથી વર્તે છે, અને લોકોને પણ કંજૂસાઈથી વર્તવાની આજ્ઞા કરે છે; અને કોઈ મોઢું ફેરવશે તો અલ્લાહ ખરે જ બેપરવા અને સ્તુતિને પાત્ર છે.

**(પારો-૨૭, સૂરએ હદીદ, આયત-૨૩-૨૪)**

✻ શું તું નથી જોતો કે અલ્લાહ જે કાંઈ આકાશોમાં છે તેને જાણે છે અને જે કાંઈ પૃથ્વીમાં છે તેને પણ ? કોઈ પણ ત્રણ જણાં વચ્ચે ખાનગી સલાહ થતી નથી કે જે માંહેનો ચોથો તે (અલ્લાહ) ન હોય, તમે પાંચ (જણા વચ્ચેની સલાહ) નથી હોતા કે તેઓ માંહેનો છઠ્ઠો તે (અલ્લાહ) ન હોય, અને ન તે કરતાં ઓછા હોય કે વધારે, જ્યાં હોય તેમની સાથે અલ્લાહ પણ (અવશ્ય) હોય છે; પછી તેઓ જે કાંઈ કરી ચૂક્યા છે તે તેમને કયામતના દિવસે જણાવી દેશે; નિઃસંશય અલ્લાહ દરેક વસ્તુનો જાણકાર છે.

**(પારો-૨૮, સૂરએ મુજાદીલાહ, આયત-૭)**

✻ હે ઈમાન લાવનારાઓ ! જ્યારે તમે ખાનગીમાં સલાહ કરો તો ગુન્હા તથા અત્યાચાર તથા રસૂલની નાફરમાની(ના સંબંધ)માં સલાહ ન કરો; પણ નેકી તથા પરહેઝગારીના સંબંધમાં સલાહ કરો; અને તે અલ્લાહથી ડરો કે જેની હુઝૂરમાં તમે એકઠા કરવામાં આવશો.

**(પારો-૨૮, સૂરએ મુજાદીલાહ, આયત-૯)**


✻ (બૂરા કામોના સંબંધમાં) છૂપી સલાહ કરવી (એ) શેતાની કૃત્ય સિવાય બીજૂં કાંઈ નથી કે જેથી તે મોમિનોને ખેદ ઉપજાવે, જો કે અલ્લાહની મરજી સિવાય તે (શેતાન) તમને કાંઈ હાનિ પહોંચાડી શકતો નથી; અને મોમિનોએ કેવળ અલ્લાહ ઉપર જ શ્રધ્ધા રાખવી જોઈએ.

**(પારો-૨૮, સૂરએ મુજાદીલાહ, આયત-૧૦)**


✻ જે લોકો અલ્લાહ તથા કયામત પર ઈમાન રાખે છે તેમને તું એવા લોકો સાથે મિત્રતા રાખતા નહીં જુએ કે જેમણે અલ્લાહ તથા તેના રસૂલની વિરૂધ્ધતા કરી હોય. (પછી ભલેને) તેઓ તેમના બાપ દાદા હોય અથવા તેમના પુત્ર, પૌત્ર અથવા તેમના ભાઈ ભાંડુ અથવા તેમના સગા સંબંધીઓ; એ જ તે લોકો છે કે જેમના મનમાં અલ્લાહે ઈમાન લખી દીધું છે, અને પોતાની પ્રેરણા વડે તેમને સબળ બનાવ્યા છે; અને તેમને એવી જન્નતોમાં દાખલ કરશે કે જેની હેઠળ નહેરો વહેતી હશે, હંમેશ (માટે) તેમાં જ રહેનારા થશે; અલ્લાહ તેમનાથી રાજી થઈ ગયો અને તેઓ તેનાથી રાજી થઈ ગયા; એ જ અલ્લાહનું ટોળું છે; ખબરદાર રહો ! અલ્લાહનું ટોળું એ જ (સંપૂર્ણ) સફળતા મેળવનારું છે. **(પારો-૨૮, સૂરએ હશ્ર, આયત-૨૨)**

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યુટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ



## પોષાક પહેરવા વિષે

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)થી મનકુલ છે કે જ્યારે ખુદાવંદે કરીમ પોતાના કોઈ બંદા ઉપર નેઅમત અર્પણ કરે અને એ નેઅમતની અસર તેના ઉપર જાહેર થાય તો તેને ખુદાનો દોસ્ત કહીશું એ પોતાના પરવરદિગારની નેઅમતનો આભાર માનવાવાળાઓમાં ગણાશે અને જો તેના ઉપર કોઈ અસર જાહેર નહીં થાય તો તેને દુશ્મને ખુદા કહીશું અને તેની ગણતરી નેઅમતનો આભાર ન માનનારાઓમાં થશે.

વળી હઝરત ઈમામ જાફર સાદિક(અ.)થી જ મનકુલ છે કે હક તઆલા શણગારને અને શણગારને પ્રદર્શિત કરવાને દોસ્ત ગણે છે અને શણગારનો ત્યાગ કરવાને અને દુર્દશાને પ્રદર્શિત કરવાને દુશ્મન ગણે છે. અને તે એ બાબતને પસંદ કરે છે કે પોતાની નેઅમતની અસર પોતાના બંદામાં એવી રીતે જુએ કે તે ઉત્તમ પોષાક પહેરે, ખુશ્બૂ લગાવે, મકાનને સજાવેલું રાખે, ઘરના ચોગાનને કચરા પૂંજાથી સાફ રાખે અને સૂર્ય ડૂબ્યા પહેલાં (ઘરમાં) દિવો સળગાવે કે જેનાથી નિર્ધનતા દૂર થઈ જાય છે અને રોઝીમાં વધારો થાય છે.

હઝરત અમીરૂલ મોમિનીન અલી ઈબ્ને અબીતાલિબ(અ.)થી મનકુલ છે કે હક તઆલાએ એક કોમ એવી પણ પેદા કરી છે કે જેના પર ખાસ મહેરબાની કરવાને કારણે તેમની રોઝી ઓછી કરી છે અને તેમના દિલોમાંથી દુનિયાની મોહબ્બત ઉઠાવી લીધી છે તે લોકો એ આખેરતની તરફ કે જેના તરફ ખુદાએ તેમને બોલાવ્યા છે, તેની તરફ ધ્યાન રાખનારા છે અને દુનિયાની નિર્ધનતા અને જે મકરૂહ બાબતો પર સબર કરે છે અને જે અવિનાશી નેઅમત ખુદાએ તેમના માટે તૈયાર કરી છે તેની લાલસા રાખે છે જાણે કે તેમણે પોતાનો જીવ ખુદાની પ્રસન્નતા માટે આપી દીધો હોય અને તેનું પરિણામ શહાદતનો દરજ્જો છે (પછી ભલેને તેઓ પોતાની પથારી પર કેમ ન મરે). અંતે જ્યારે આવા લોકો આખેરતની દુનિયામાં પહોંચશે તો હક તઆલા તેમનાથી ખુશ થશે અને જ્યાં સુધી આવા લોકો આ દુનિયામાં છે કેમકે તેઓ જાણે છે કે એક દિવસ મોત બધાને આવવાનું છે. તેથી તેઓ માત્ર આખેરતનું ભાથું જ તૈયાર કરે છે, સોનું ચાંદી એકઠું કરતા નથી, સામાન્ય પ્રકારનાં કપડાં પહેરે છે, ખૂબ જ થોડો ખોરાક ખાવા પર સંતોષ અનુભવે છે અને જે કંઈ બચે છે તે ખુદાની રાહમાં આપી દે છે જેથી તે તેમનું આખેરતનું ભાથું બની જાય. તેઓ નેક લોકોની સાથે ખુદાની ખાતર દોસ્તી રાખે છે અને દુષ્ટ લોકોની સાથે ખુદાની ખાતર દુશ્મની રાખે છે. બસ આવા જ લોકો હિદાયતના માર્ગનો ચિરાગ છે અને આખેરતની નેઅમતોથી માલામાલ છે.

**પુરૂષો માટે કેવાં કપડાં પહેરવાં હરામ છે ?**

પુરૂષ માટે શુધ્ધ રેશમનાં કપડાં અને સોનાના તારથી ગૂંથેલાં કપડાં પહેરવાં હરામ છે. પરંતુ જો રેશમની સાથે સુતરાઉ, કંતાન કે ઊનના રેસા વણેલા હોય, જો તેમાં રેશમનો દસમો ભાગ કે તેનાથી વધારે ન હોય તો તેને પહેરવામાં કાંઈ વાંધો નથી. આ ઉપરાંત તેનો તાણોવાણો રેશમ સિવાય બીજી કોઈ ચીજમાંથી બનાવેલો હોય તો પણ પહેરી

શકાય છે.

હઝરત અલી(અ.)એ ફરમાવ્યું છે કે કંતાનનાં કપડાં પયગમ્બરોનો પોષાક છે.

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે કંતાનનાં કપડાં પહેરવાથી શરીર મોટું (સ્થૂળ) બને છે.

હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે ત્રણ વસ્તુઓ અર્થાત મોજા, અમામો (પાઘડી) અને અબા (પહેરણ) સિવાય બાકીના પોષાક તરીકે કાળા રંગનાં કપડાં પહેરવાં મકરૂહ છે. (**નોંધ :** બીજી હદીસોથી પણ સાબિત છે કે અઝાદારીના દિવસો સિવાય બીજા પ્રસંગોએ કાળો પોષાક પહેરવો મકરૂહ છે. જો કે અઝાદારીના દિવસો સિવાય અન્ય દિવસોમાં કાળા રંગની પાઘડી, મોજા અને પહેરણ પહેરી શકાય છે.)

હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે સફેદ કપડાં પહેરો કેમકે આ રંગ સૌથી ઉમદા અને પવિત્ર છે અને તમારાં મડદાંને પણ આ રંગનું જ કફન પહેરાવો.

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે દુલ્હા સિવાય અન્ય લોકોએ ઘેરા લાલ રંગનું કપડું પહેરવું મકરૂહ છે.

**નવાં કપડાં પહેરવાના આદાબ :**

હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું છે કે જે માણસ નવાં કપડાં પહેરતી વખતે કોરા વાસણમાં પાણી લઈને બત્રીસ વખણ **સૂરએ ઈન્ના અન્ઝલના** તે પાણી પર પઢીને તે કપડાં પર છાંટે તો જ્યાં સુધી તેનો તાર બાકી રહેશે ત્યાં સુધી રોઝી બરાબર છૂટથી મળતી રહેશે.

એ જ હઝરતથી એ પણ મનકુલ છે કે નવાં કપડાં પહેરવાના સમયે **લાઈલાહા ઈલ્લલ્લાહ** પઢ્યા કરો જેથી સઘળી આફતોથી મુક્તિ મેળવો અને જ્યાં સુધી એ કપડાનો એક તાર પણ બાકી રહેશે ત્યાં સુધી તેનો સમય ખુશીમાં પસાર થશે.

જનાબે અલી ઈબ્ને મૂસે રઝા(અ.)એ ફરમાવ્યું છે કે જે માણસ નવાં કપડાં પહેરવાના સમયે તેમને જમણી બાજુએ રાખે અને પાણીના એક પ્યાલા પર **કુલ્હોવલ્લાહો અહદ**નો સૂરો અને **આયતુલ કુરસી** અને **કુલ યાઅય્યોહલ કાફેરૂન** દસ દસ વખત તે પ્યાલા પર પઢીને તે પાણીને ત્યાર પછી તે કપડાં પર છાંટે અને ત્યાર પછી તે કપડાં પહેરે તો જ્યાં સુધી તેનો એક તાર પણ બાકી રહેશે ત્યાં સુધી તેને રોઝી છૂટથી મળતી રહેશે.

હઝરત અમીરૂલ મોમિનીન અલી ઈબ્ને અબીતાલિબ(અ.)એ ફરમાવ્યું છે કે જયારે ખુદા તઆલા કોઈને નવાં કપડાં અતા ફરમાવે અને તે તેને પહેરે તો યોગ્ય તો એ છે કે (કપડાં પહેર્યા પછી) વુઝૂ કરીને બે રકાત નમાઝ પઢે અને દરેક રકાતમાં **સૂરએ હમ્દ, આયતુલ કુરસી** અને **કુલ્હોવલ્લાહો અહદ** અને **ઈન્ના અન્ઝલ્ના** પઢે અને નમાઝ સમાપ્ત કર્યા પછી ખુદાનો શુક્ર અદા કરે કે ખુદાએ તેને કપડાં પહેરાવ્યાં અને લોકોની નજરમાં તેને ઈજ્જત બક્ષી અને ત્યાર પછી ઘણી વખત (એટલે કે ઓછામાં ઓછું ૮૩ વખત) **લાહૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલીય્યીલ અઝીમ** પઢે. આ રીતે આભાર માનવાનું પરિણામ એ આવશે કે જ્યાં સુધી તે કપડું શરીર પર રહેશે ત્યાં સુધી તે મુસીબતમાં સપડાશે નહીં અને (તેના) દરેક તારના બદલામાં એક ફરિશ્તો પેદા કરશે કે જે તેની પ્રશંસા કરશે અને કપડાં પહેરનારના માટે ઈસ્તિગ્ફાર અને રહેમતની દુઆ કરતો રહેશે.

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે મુસલમાન સ્ત્રીઓ માટે એવો નકાબ અથવા કપડાં પહેરવાં જાઈઝ નથી કે જેમાંથી બદન દેખાતું હોય. *

# આરોગ્યની સાચવણી

**'Prevention is better than cure.'**

## ગર્ભાવસ્થા

(ગતાંકનું ચાલુ)

અગાઉ થયેલ ચર્ચા મુજબ ગર્ભાવસ્થામાં આપણી આસપાસના વાતાવરણની સકારાત્મક અથવા નકારાત્મક અસરો બાળકના ઉપર થતી હોય છે. ઘણી નાની-મોટી કુટેવો બાળકના વિકાસ ઉપર ગંભીર અસરો કરતી હોય છે. આપણે આપણા સમાજની જ વાત કરી લઈએ તો આપણા સમાજમાં ધુમ્રપાન (બીડી/સિગરેટ)ની લત ખાસ કરીને પુરૂષોમાં વધુ જોવા મળે છે. પરંતુ ગુટખા, તમાકું કે માવાની લત અમુક વિભાગમાં સ્ત્રીઓમાં ખૂબ જ છે અને અમુક વિસ્તારમાં બિલકુલ નહિવત્ છે.

સંશોધકોના મત અનુસાર ઉપરોક્ત કુટેવો એમાં ખાસ કરીને ધુમ્રપાન બાળક ઉપર ખૂબ જ નકારાત્મક અસરો પાડી શકે છે. જો ગર્ભધારક સ્ત્રી પોતે બીડી/સિગરેટ ન પીતી હોય પરંતુ તેના ઘરમાં કોઈ અન્ય સભ્યો ધુમ્રપાન કરતા હોય તો આ બાબતે પણ ખૂબ જ ધ્યાન રાખવું જરૂરી છે. ધુમ્રપાન કરતી વ્યક્તિ કરતાં સાથે રહેલ વ્યક્તિ એટલે કે Smoker કરતાં Passive smokerને વધુ નુકસાન થતું હોય છે. ધુમ્રપાનની આડ અસરોને કારણે ભવિષ્યમાં બાળકની વાંચન અને મનન ક્ષમતા તથા હાડકાંના વિકાસ ઉપર ખૂબ જ ગંભીર અસરો થવાની પૂરેપૂરી સંભાવનાઓ રહેલી છે.

એવું સંશોધન થયેલું છે કે આવી આડ અસરો સ્વરૂપે બાળકનું કદ નાનું પણ થઈ શકે અને સ્ત્રીની ઓળની નસો પણ સંકુચિત થવાની પણ શક્યતા હોઈ બાળકને ઑક્સિજન ઓછા પ્રમાણમાં મળતો હોય છે. બીડી-સિગરેટના ધુમાડામાં બે હાનિકારક તત્વો પુષ્કળ હોય છે. નિકોટીન અને કાર્બન ડાયોક્સાઈડ જે ખૂબ જ નુકસાનકર્તા હોય છે. નિકોટીન બાળકને પહોંચાડાતા લોહીના જથ્થાને ઓછો કરે છે અને કાર્બન ડાયોક્સાઈડ લોહીના રંગ દ્રવ્યને નુકસાન કરતું હોય છે અને આવું જ નુકસાન તમાકું ચાવવાથી અથવા ગુટખા ખાવાથી પણ થતું હોય છે.

## બાળ જન્મ

અગાઉ થયેલ ચર્ચા મુજબ બાળ જન્મ એ સંપૂર્ણ રીતે કુદરતી અને સર્વ સામાન્ય બાબત છે અને તે પ્રાકૃતિક, સદીઓથી ચાલતી આવતી પ્રક્રિયા છે. આબાદ થયેલ પ્રદેશ હોય કે અંધારિયો ખંડ હોય, આ માનવજાત ઉપર ઉપકારક એક કુદરતી અને સંપૂર્ણ નિશ્ચિત પ્રક્રિયા છે. પરંતુ અગાઉના જમાનાની માતાઓ અને અત્યારની માતાઓમાં કેટલાક માનસિક તથા શારીરિક ફેરફારો થઈ ગયેલા છે. આજનું આપણું શરીર જાણે કે દવા માટે લાચાર બની ગયું હોય તેમ જણાય છે અને મોટે ભાગે બાળ જન્મની પ્રક્રિયા પણ જરૂરી અથવા બિનજરૂરી દવાઓની સાથે સંકળાઈ ગયેલી છે. આપણી અજ્ઞાનતા હોય અથવા મજબૂરી હોય પણ દવાઓને આ કુદરતી પ્રક્રિયા સાથે આપણે વણી દીધી છે. અગાઉ પણ આપણે આ વાત લખી ચૂક્યા છીએ કે જો દવા જરૂરી હોય તો પણ તેની આડ અસર ચોક્કસ થાય છે. એટલા માટે કેટલીક સાદી અને સરળ સમજણ કે જે બાળ જન્મ સાથે સંકળાયેલી છે, તે વિષે આપણે પછી વિચાર કરીશું. (ક્રમશઃ)

(મોમિન મેડીકલ સહાય યોજનાના નિષ્ણાત ડૉક્ટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે)

સંપર્ક માટે : મો.શબ્બીરભાઈ નેદરીયા મો.૯૮૨૫૪૧૫૩૨૯

### G. K. Corner Solution 118

(૧) કેલ્શિયમ સલ્ફેટ (૨) કુમાર (૩) મીઠું (૪) સરપંચ (૫) સબસ્ક્રાઈબર (૬) દેવનાગરી (૭) ચંદ્રગુપ્ત (૮) અલ્જિરિયા

# એહલેબયતને પેદા કરવાનો હેતુ

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન
જાફરી બાવા સાહેબ(મદ્દે.)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

પારો-૨૨, સૂરા-૩૩, આયત-૩૩

**'હે એહલેબયત ! સિવાય તેના તો કાંઈ જ નથી કે અલ્લાહ ચાહે છે કે તમને દરેક પ્રકારની અપવિત્રતાથી દૂર કરી દે અને તમને સંપૂર્ણ રીતે પાક પવિત્ર કરી દે.'**

આ આયત પંજેતન પાક(અ.)ની શાનમાં છે. (જુઓ તફસીરે દુર્રે મન્સૂર, મુલ્લા જલાલુદ્દીન સિયુતી, જિલ્દ-૫, સફા-૧૯૮-૧૯૯.)

આ આયતથી જાણવા મળ્યું કે પંજેતન પાક(અ.), મોહંમદ વ આલે મોહંમદ(અ.) દરેક બૂરાઈથી દૂર છે. જો આપણે કોઈ પણ પવિત્ર વસ્તુની કલ્પના કરીશું તો તે એહલેબયતમાં જોવા મળશે.

પારા-૨૨, સૂરા-૩૩, આયત-૫૬

**'નિઃસંશય અલ્લાહ તથા તેના ફરિશ્તા નબી અને તેમની આલ પર દુરૂદ મોકલતા રહે છે માટે હે ઈમાનવાળાઓ ! તમે પણ તેમના પર દુરૂદ મોકલો અને એવી રીતે સલામ મોકલો જેવો કે સલામ મોકલવાનો હક છે.'**

હઝરત શાફઈ(રહે.)એ ફરમાવ્યું, અય એહલેબયતે રસૂલ ! ખુદાએ તમારી મહોબ્બત કુરઆનમાં ફર્જ કરી દીધી છે. તમારા મરતબાની બુઝુર્ગીમાં ફક્ત એટલું કહેવું પૂરતું છે કે નમાઝમાં જે માણસ તમારા પર દુરૂદ ન મોકલે તેની નમાઝ જ સાચી નથી. (જુઓ તફસીરે દુર્રે મન્સૂર, જિલ્દ-૫, સફા-૨૧૬, મત્બુએ મિસર.)

પારા-૨૫, સૂરા-૪૨, આયત-૨૩

**'એ જ અલ્લાહની તે કૃપા છે કે જેની અલ્લાહ પોતાના બંદાઓને કે જેઓ ઈમાન લાવ્યા તથા નેક કામો કર્યાં, ખુશખબર આપે છે (હે રસૂલ !) કહી દે કે હું તો આ રિસાલતના પ્રચાર માટે તમારી પાસે કાંઈ મહેનતાણું માગતો નથી કિન્તુ મારા નિકટના સગા વહાલાઓનો પ્રેમ અને જે કોઈ નેકી કરશે તો અમે તેની નેકી વધારી દઈશું. બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) મહા શુક્રગુઝાર (કદરદાન) છે.'**

હઝરત ઈમામ હસન અસ્કરી(અ.) પોતાની તફસીર **'આસારે હેદરી'** પાના નં.૧૩માં ફરમાવે છે કે હઝરત રસૂલે ખુદા(સ.)એ મદીનામાં જ્યારે મસ્જિદ તૈયાર કરાવી અને પોતાના ઘરનો દરવાજો મસ્જિદ તરફ રાખ્યો ત્યારે મુહાજિરો અને અન્સારોએ પણ મસ્જિદ તરફ દરવાજા રાખ્યા તો અલ્લાહ તઆલાએ હઝરત મોહંમદ(સ.) અને તેમની આલે અત્હારના મરતબાને જાહેર કરવા માટે જિબ્રઈલ સાથે સંદેશો કહેવડાવ્યો કે હે નબી ! મુહાજિરો અને અન્સારોને કહી દો કે તમે તમારા ઘરના દરવાજા મસ્જિદ તરફથી બંધ કરી લો એ પહેલાં કે અલ્લાહનો અઝાબ તમારા પર નાઝિલ થાય. પછી આગળ જતાં ઈમામ ફરમાવે છે કે હઝરત મોહંમદ(સ.)એ ફરમાવ્યું કે કોઈ માણસ કે જે અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન લાવ્યો હોય તેને શોભતું નથી કે તે જનાબતની હાલતમાં આ મસ્જિદમાં રાત પસાર કરે પરંતુ મોહંમદ, અલી, ફાતેમા, હસન અને હુસૈન અને તેમની ઔલાદે અત્હારને એ હાલતમાં મસ્જિદમાં

આવવાની રજા મળેલી છે.

ઉપરની આયતો અને તફસીરથી જાણવા મળ્યું કે અલ્લાહ એહલેબયતથી કેટલી બધી મહોબ્બત કરે છે કે તેમના પર પોતે અને ફરિશ્તાઓ દુરૂદ મોકલે છે તેમજ દરેક ઈમાનદારને ફરમાવે છે કે તમે પણ તેમના પર દુરૂદ મોકલો.

એહલેબયતની મોહબ્બતને રિસાલતની તબ્લીગની કિંમત કહી એટલે કે જેને પણ રસૂલ(સ.)ના દીન પર અમલ કરવો હોય તો તેણે પહેલાં એહલેબયતથી મહોબ્બત કરવી પડશે. જ્યાં સુધી એહલેબયતથી મહોબ્બત ન કરે ત્યાં સુધી દીન પર અમલ કરવાનો અધિકાર મળશે નહીં.

એહલેબયતને અલ્લાહે દરેક બૂરાઈથી દૂર રાખ્યાં છે, પાકો પાકીઝા બનાવ્યાં છે અને તેમના મરતબાને જાહેર કરવા માટે જ મસ્જિદે નબવી તરફના દરવાજાને દરેક માટે બંધ કરવાનો હુકમ થયો સિવાય કે એહલેબયત. એનો અર્થ એ થયો કે કોઈ પણ વ્યક્તિ લોકોની દૃષ્ટિમાં કેટલીય મહાન કેમ ન હોય તો પણ તે વુઝૂ કે ગુસલ કરીને પણ એહલેબયતની પવિત્રતાની ઊંચાઈ સુધી પહોંચી શકતી નથી.

આપણે હદીસે કિસાઅ કે જેની રિવાયત હઝરત જાબિરે કરી છે અને તેમાં હઝરત ફાતેમા(સ.) ફરમાવે છે કે પછી ખુદાએ ઈઝઝોજલે ફરમાવ્યું, અય મારા મલાયેકા અને આસમાનાના રહેવાસીઓ ! મને મારી ઈઝઝત અને જલાલની કસમ છે, નથી પેદા કર્યા મેં આસમાનોને કે જેમને બનાવવામાં આવ્યાં અને જમીનને કે જેને પાથરી દેવામાં આવી અને ન નૂરાની અમ્રને અને ન પ્રકાશિત સૂર્યને અને ન આકાશને કે જે ફરે છે અને ન પ્રવાહિત દરિયાને અને કશ્તિને કે જે દરિયામાં ચાલે છે, પરંતુ આ પાંચ બુઝુર્ગવારોની મહોબ્બતમાં કે જે ચાદરની નીચે છે.

પછી જિબ્રઈલ(અ.)એ અરજ કરી, અય પરવરદિગારે આલમ ! એ કોણ બુઝુર્ગવાર છે કે જે ચાદરની નીચે છે ? તો ખુદાએ ઈઝઝોજલે ફરમાવ્યું, તે એહલેબયતે નબુવ્વત અને રિસાલતના ખજાના છે અને તે ફાતેમા ઝહેરા(અ.) છે તેમના પિદરે બુઝુર્ગવાર છે, તેમના શૌહરે નામદાર છે અને બે ફરઝંદો છે.

આ આયતોને અને હદીસે કિસાઅને જોવાથી આપણને, એહલેબયત પ્રત્યે અલ્લાહને કેટલી બધી મહોબ્બત છે તે જાણવા મળે છે. અલ્લાહે પોતાના નૂર વડે તેમનું સર્જન કર્યું. તેમને દરેક બૂરાઈથી દૂર રાખ્યાં અલ્લાહ અને તેના ફરિશ્તા એહલેબયત પર દુરૂદ મોકલ્યા કરે છે અને પોતે ઈમાનદારોને ફરમાન કરે છે કે તેઓ પણ દુરૂદ મોકલે. અલ્લાહે તેમને સર્વગુણસંપન્ન, એક પણ ખામી વગરનાં બનાવ્યાં છે. અને દરેક વસ્તુ આસમાન, જમીન, ચંદ્ર, સૂરજ, દરિયા પર ચાલતી કશ્તિ વગેરેને તેમની મહોબ્બતમાં પેદા કરેલ છે.

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

૧૭

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَنْتَ وَلِيُّنَا فَاغْفِرْ لَنَا وَارْحَمْنَا وَاَنْتَ خَيْرُ الْغٰفِرِيْنَ ﴿۱۵۵﴾

**અન્ત વલીય્યોના ફગ્ફિરલના વર્હમ્ના વ અન્ત ખૈરુલ ગાફેરીન.**

(પારો-૯, સૂરએ અઅરાફ, આયત-૧૫૫)

અર્થ : તું જ અમારો માલિક છે માટે તું અમને માફ કરી દે અને અમારા પર દયા કર અને તું ઉત્તમ ક્ષમા કરનાર છે. *

આ બધું જોઈને આપણને ખ્યાલ આવે છે કે એહલેબયતનું જીવન કેટલું બધું શાનદાર હશે, જેમકે પારા-૧૭, સૂરા-૨૧, આયત-૮૧-૮૨માં હઝરત સુલેમાન(અ.) માટે ફરમાવે છે કે -

**અને અમોએ સખત ફૂંકાતા પવનને સુલેમાનને આધીન કરી દીધો હતો કે તેને તેના હુકમ મુજબ તે ભૂમિ(બયતુલ મુકદ્દસ) તરફ ફૂંકાતો લઈ જતો હતો કે જે અમોએ બરકતવાળી બનાવી હતી અને અમે દરેક વસ્તુના જાણકાર છીએ અને જિન્નાતોમાંથી કેટલાક તેને આધીન કરી દીધા હતા તે માંહેના કેટલાક તેના માટે મોતી કાઢવાને સમુદ્રમાં ડૂબકીઓ મારતા હતા અને તદ્‌ઉપરાંત બીજાં પણ (ઘણાં) કાર્યો કરતા હતા અને અમે જ તે સર્વેના નિગેહબાન હતા.**

પારા-૧૯, સૂરા-૨૭, આયત-૧૬-૧૭

**અને સુલેમાન દાઉદનો વારસદાર થયો અને કહ્યું કે હે લોકો ! અમને પશુ પક્ષીઓની ભાષા શીખવાડવામાં આવી છે અને અમને દરેક વસ્તુ (નેઅમત) આપવામાં આવી છે. નિઃસંશય એ જ ખુલ્લી કૃપા છે અને સુલેમાન માટે તેનું લશ્કર જિન્નાતો, ઈન્સાનો તથા પક્ષીઓમાંથી ભેગું કરવામાં આવ્યું હતું કે જે સર્વે જુદા જુદા વર્ગવાર તેની સામે ઊભાં રાખવામાં આવતાં હતાં.**

સુલેમાન(અ.) પાસે જિન્નાતો, ઈન્સાનો પક્ષીઓનું લશ્કર હતું. તેઓ તેમને જ્યાં પણ જવું હોય ત્યાં વગર વિમાને પવન તેમના હુકમ મુજબ લઈ જતો હતો. પોતે જિન્નાતોથી મહેલો બનાવડાવતા હતા. તેમજ દરિયામાંથી ખજાનો મંગાવતા હતા. ટૂંકમાં તેમણે ઘણી જાહોજલાલીથી પોતાના દિવસો પસાર કર્યા તેમ છતાંય તેઓ અલ્લાહ તરફના હાદી પયગમ્બર હતા. હિદાયતનું કામ કરતા હતા. તો અલ્લાહના નૂરથી બનેલા એહલેબયત પણ જાહોજલાલીમાં જીવન પસાર કરીને હિદાયત કરી શકે તેમ છે. અલ્લાહ તરફનો હાદી બાદશાહ હોય કે ગરીબ દરેક સ્થિતિમાં હિદાયત કરી શકે છે.

પરંતુ જ્યારે આપણે એહલેબયતનું જીવન જોઈએ છીએ તો જેમના માટે અલ્લાહે આસમાન, જમીન, ચાંદ, સૂરજ બનાવ્યા હતા તેમની પાસેથી તેમની જ ઉમ્મતે તેમની દરેક વસ્તુ છીનવી લીધી. બાગે ફિદક એહલેબયતનો, તે પણ છીનવાઈ ગયો. અલ્લાહ તરફનો હોદ્દો એહલેબયતનો, તેને પણ લોકોએ છીનવી લીધો. અરે તેમના ઘરને પણ આગ લગાડી અને કરબલામાં તો તેમનો કલમો પઢનારા લોકોએ તેમને ત્રણ ત્રણ દિવસ સુધી ભૂખ્યા-તરસ્યા રાખ્યા. તેમની નજર સામે તેમની ઓલાદને શહીદ કરીને આખરે તેમને પણ શહીદ કરી દઈને તેમના સરોને નેઝા પર બુલંદ કર્યા.

આપણને એમ થાય છે કે એહલેબયત દુનિયામાં જન્મ્યા જ ન હોત તો કેવું સારું ! તેઓ જન્નતના માલિક હતા તેથી તેમને જન્નતમાં જ રાખ્યા હોત અને દુનિયામાં જે જે નેક લોકો હતા તેમને જન્નતમાં તેમની મુલાકાત થઈ જાત. દુનિયામાં આવીને દુઃખી ન થાત અથવા તેમને બારમા ઈમામની માફક ગેબમાં રાખ્યા હોત કેમકે મોહંમદ વ આલે મોહંમદે ગેબમાં રહીને પણ દરેક જમાનાના લોકોની મદદ કરી છે.

જેમકે હઝરત ઈમામ હસન અસ્કરી(અ.)ની કુરઆનની તફસીર, **'આસારે હૈદરી'** પાના નં.૩૪૬માં છે કે હઝરત અમીરૂલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું છે કે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલના જાહેર થવા પહેલાં તેમના પર ઈમાન રાખવાથી, તેમનો ઝિકર કરવાથી અને તેમના પર અને તેમની પાક આલ પર દુરૂદ

મોકલવાથી યહૂદીઓ પોતાના દુશ્મનો પર જીત મેળવતા હતા તેની ખબર આપી છે અને અલ્લાહ તઆલાએ એ યહૂદીઓને કે જે મૂસા(અ.)ના જમાનામાં અને તેમના પછી થયા, તેમને હુકમ આપ્યો હતો કે જ્યારે કોઈ મુશ્કેલ કામ આવી પડે અથવા કોઈ મુસીબત આવે તો મોહંમદ(સ.) અને તેમની પાક આલનો વાસ્તો આપીને મારાથી દુઆ કરવી, તેમના વસીલાથી મદદ માગવી અને તેઓ એવી જ રીતે વર્તતા હતા એટલે સુધી કે મદીનાના યહૂદી હઝરત રસૂલે ખુદા(સ.)ના જાહેર થવા પહેલાં ઘણા વરસો સુધી એમ જ કરતા રહ્યા અને બલાઓ અને મુસીબતોને ટાળતા હતા. (સિરાતે મુસ્તકીમ, ભાગ-૨, પાના નં.૩૧)

હવે આપણા મનમાં એવો સવાલ થાય કે તો પછી મોહંમદ વ આલે મોહંમદ(સ.)ને દુનિયામાં પેદા કરવાનો અલ્લાહનો હેતુ શું હતો ?

આપણા માટે તો અલ્લાહ ફરમાવે છે કે - **વમા ખલકતલ જિન્ના વલ ઈન્સા ઈલ્લા લે યઅ્બુદુન.** મેં જિન્નાતો અને ઈન્સાનોને નથી પેદા કર્યા પરંતુ ફક્ત ઈબાદત માટે જ. આપણે બધા તો ઈબાદત માટે પેદા થયા છીએ. પરંતુ મોહંમદ વ આલે મોહંમદ દુનિયામાં શા માટે પેદા થયા ?

આપણે હદીસોથી અને આયતોથી જાણ્યું કે અલ્લાહે તેમને પાકો પાકીઝા બનાવ્યા. તેમના પર દુરૂદ મોકલવામાં આવે છે. તેમની મહોબ્બત લોકો પર ફર્ઝ કરવામાં આવી. તેમજ દરેક વસ્તુ આકાશ, જમીન, ચાંદ, સૂરજ, ટૂંકમાં કાઈનાતની દરેક વસ્તુ તેમની જ મહોબ્બતમાં અને તેમના જ કારણે પેદા કરી. જો મોહંમદ વ આલે મોહંમદને અલ્લાહ પેદા ન કરત તો કોઈ પણ વસ્તુને અલ્લાહ પેદા ન કરત. એટલે કે એહલેબયત તરફની મહોબ્બતને અલ્લાહે છૂપી નથી રાખી પણ જાહેર કરીને બતાવ્યું છે કે હું એહલેબયતને કેટલું બધું ચાહું છું.

હવે આપણે જે પણ ઈબાદત કરીએ છીએ, નમાઝ, રોઝા, હજ વગેરે તે અલ્લાહની મહોબ્બતમાં જ કરીએ છીએ પરંતુ અલ્લાહ આપણને બતાવવા માગે છે કે તમે મારી મહોબ્બતનો દાવો કરો છો પરંતુ શું તમે સાચા અર્થમાં મારાથી મહોબ્બત કરો છો ખરા ? તો અલ્લાહથી કેવી રીતે મહોબ્બત થઈ શકે તે દર્શાવવા માટે જ અલ્લાહે એહલેબયતને દુનિયામાં મોકલ્યા કે જુઓ દુનિયાની દૃષ્ટિએ તેમની દરેક વસ્તુ છીનવાઈ ગઈ તેમ છતાં એહલેબયતે મને છોડ્યો નથી. મારા પરના ભરોસામાં અને ઈમાનમાં કંઈ પણ ફેર પડ્યો નહીં.

એક જંગમાં હઝરત અલી(અ.)ને પગમાં તીર વાગ્યું. એ તીર ખેંચવાથી આપને ઘણો દુઃખાવો થતો હતો તેથી રસૂલે ખુદા(સ.)એ કહ્યું કે જ્યારે અલી નમાઝમાં હોય ત્યારે તીર ખેંચી લેજો. એ મુજબ નમાઝમાં તીર ખેંચી લીધું તો હઝરત અલી(અ.)ને ખબર પણ ન પડી. તો હવે જો ઈબાદત પર આપણે વિચાર કરીએ તો આપણી બુધ્ધિ પણ કામ નહીં કરે. નમાઝમાં હઝરત અલી(અ.)નું કેવું ધ્યાન હશે કે પગમાંથી તીર નીકળી ગયું અને ખબર પણ પડી નહીં. પરંતુ નમાઝમાં કેટલી રકાત થઈ ? ક્યારે રૂકૂઅમાં જવું અને સિજદામાં જવું ? તેનો ખ્યાલ રહે છે. એમને સજદએ સહ્વ કરવાની પણ જરૂર રહેતી નથી. આપણને તો કોઈને વાની તકલીફ થઈ જાય અને નમાઝ પઢવા જઈએ તો આપણું સઘળું ધ્યાન પગના દુઃખાવા તરફ જ રહેવાનું અને એ પણ ભૂલી જઈએ કે નમાઝમાં કેટલી રકાત પઢી. છેવટે સજદએ સહ્વ કરવાની જરૂર પડી જાય.

એક વાર રસૂલે ખુદા(સ.) મસ્જિદે નબવીમાં

નમાઝ અદા કરી રહ્યા હતા ત્યારે ઈમામ હુસૈન(અ.) બાળપણમાં તેમની સિજદાની સ્થિતિમાં તેમની પુશ્ત પર સવાર થઈ ગયા તો અલ્લાહે જિબ્રઈલને મોકલ્યા. રસૂલ(સ.)ની પીઠ પરથી હઝરત હુસૈન(અ.)ને હટાવવા માટે નહીં, પરંતુ રસૂલ(સ.)ને કહેવડાવ્યું કે જ્યાં સુધી હુસૈન તમારી પીઠ પરથી હટે નહીં ત્યાં સુધી તમારા સિજદાને લંબાવતા રહેજો. અહીં અલ્લાહે રસૂલના સિજદા કરતાં હુસૈન(અ.)ને વધારે મહત્વ આપ્યું એટલે કે અલ્લાહ રસૂલની ઈબાદત કરતાં પણ એહલેબયતને વધારે મહત્વ આપે છે. તો પછી એહલેબયતની સરખામણીમાં આપણી ઈબાદતની શું વિસાત ?

આ જ ઈમામ હુસૈન(અ.) કરબલામાં પોતાના કુટુંબીઓ અને મિત્રો સાથે ઘેરાઈ ગયા. યઝીદીઓએ તેમના માટે પાણી પણ બંધ કર્યું. ભૂખ્યા, તરસ્યા રાખ્યા. બચ્ચાંઓને પોતાની નજર સમક્ષ ભૂખ્યાં તરસ્યાં તડપતાં જોયાં અને અસરની નમાઝના સમયે ચાલુ જંગમાં જ્યારે નમાઝનો સમય થયો તો પોતે ઝખ્મોથી ચૂર હતા તેમ છતાં તેમનું ધ્યાન નમાઝના સમયમાં હતું અને અલ્લાહના સિજદામાં પોતાનં માથું ગરમ રેતી પર મૂકી દીધું. ન ઝખ્મોની પરવા કરી કે ન ગરમ રેતીની પરવા. આવી ઈબાદતની તો આપણે કલ્પના પણ કરી શકતા નથી.

ટૂંકમાં અલ્લાહ આપણને સંબોધીને કહેશે કે હે નમાઝીઓ ! મારી મહોબ્બતમાં ગરમ રેતી પર સિજદા કરવાની તમારામાં હિંમત છે ખરી ? હે રોઝાદારો ! ભૂખ અને તરસમાં જિહાદમાં ભાગ લઈને તમે મારી મહોબ્બતમાં ઈબાદત કરી શકો છો ખરા ? હે ઓલાદવાળાઓ ! તમારા બાળકોની તકલીફમાં તમે મને ભૂલી જાઓ છો જ્યારે ઈમામ હુસૈને પોતાનાં બાલ બચ્ચાંની તકલીફ જોઈ અને તેમનું અલ્લાહ જ રક્ષણ કરશે એવા ભરોસા સાથે તેમણે પોતાની જાતની કુરબાની આપી. તમારામાં આવી સમર્પણની ભાવના છે ખરી ? ટૂંકમાં એહલેબયત ન હોત તો અલ્લાહથી કેટલી હદ સુધી મહોબ્બત થઈ શકે છે તે આપણે જાણી શકત જ નહીં. અને મોહંમદ વ આલે મોહંમદે પોતાની દરેક વસ્તુને અલ્લાહના માર્ગમાં કુરબાન કરી દીધી તો અલ્લાહે પણ તેમના જ કારણે અને તેમની જ મહોબ્બતમાં કાઈનાતને બનાવી.

અલ્લાહ આપણને એમ કહેશે કે તમારાથી એહલેબયતના જેવી મહોબ્બત થઈ શકશે નહીં. તમે તો ફક્ત એટલું જ કરો કે મારાથી મહોબ્બત કરનારા એહલેબયતથી મહોબ્બત કરો. જે બંદાઓને હું મહોબ્બત કરું છું તેમનાથી તમે પણ મહોબ્બત કરો. તો હું પણ તમને અપનાવી લઈશ અને ખબરદાર, જો તમે પોતાની નમાઝ, રોઝા અને હજ પર અભિમાન કર્યું અને જે બંદાઓને હું ચાહું છું અને જે બંદાઓ મને ચાહે છે અને મારા પર પોતાની જાતને કુરબાન કરે છે તેમની સાથે સંબંધ ન રાખ્યો, મહોબ્બત ન રાખી તો તમારી બધી જ ઈબાદત બેકાર જશે અને કાંઈ પણ લાભ થશે નહીં. આ ઈબાદતો એમને જ શોભા આપશે કે જેઓ એહલેબયતથી મહોબ્બત કરતા હોય. અલ્લાહે એ જોવા માટે કે જેમનાથી હું મહોબ્બત કરું છું તે એહલેબયતને મારા ખાતર કયા બંદાઓ ચાહે છે ? જે એહલેબયતને ચાહે છે તેમનું સ્વાગત કરવા જન્નત છે અને જે એહલેબયતથી દુશ્મની રાખે છે તેમના સ્વાગત માટે જહન્નમ બનાવી છે. *

**ઈસ્લામી કવીઝ નં. ૨૦૮ના જવાબો**

(૧) જનાબે ફાતેમા ઝેહરા(અ.)ના નૂરમાંથી (૨) હારિસ બિન નોઅમાન ફેહરી (૩) અલ્લાહની નિશાનીઓ (૪) હઝરત સુલયમાન(અ.) (૫) પીર સૈયદ શમ્સુદ્દીન(રહે.) (૬) બસરામાં (૭) ગુસલે તવલ્લુદ

# ગ ડ મ થ લ

૨૨૭

:::::: સંપાદક::::::
મો.કાસમભાઈ વિજાપુરા
(મહેરપુરા)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ■ | ૭ |
| ■ | ૮ | ૯ | ■ | ૧૦ | ૧૧ | ■ | ૧૨ | ૧૩ | ■ |
| ૧૪ | ■ | ૧૫ | ૧૬ | ■ | ૧૭ | ૧૮ | ■ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ■ | ૨૩ | ૨૪ | ■ | ૨૫ | ૨૬ | ■ | |
| ■ | ૨૭ | ૨૮ | ■ | ૨૯ | ૩૦ | ■ | ૩૧ | ૩૨ | ■ |
| ૩૩ | ■ | ૩૪ | ૩૫ | ■ | ૩૬ | ૩૭ | ■ | ૩૮ | ૩૯ |
| ૪૦ | ૪૧ | ■ | ૪૨ | ૪૩ | ■ | ૪૪ | ૪૫ | ■ | |
| ■ | ૪૬ | ૪૭ | ■ | ૪૮ | ૪૯ | ■ | ૫૦ | ૫૧ | ■ |
| ૫૨ | ■ | ૫૩ | ૫૪ | ■ | ૫૫ | ૫૬ | ■ | ૫૭ | ૫૮ |
| ૫૯ | | ■ | ૬૦ | | ■ | ૬૧ | | ■ | |

## :::::: આડી ચાવીઓ ::::::

(૧) દીપક, દીવો (૨)
(૩) લીલો રંગ (૨)
(૫) પ્રશંસા, વખાણ(૨)
(૭) તરફ, બાજુ (૧)
(૮) પ્રહાર (૨)
(૧૦) અંતરિક્ષ (૨)
(૧૨) મૃતદેહ (૨)
(૧૫) ભાથુ (૨)
(૧૭) નક્કી (૨)
(૧૯) ઓછું (૨)
(૨૧) યોગ્ય (૨)
(૨૩) ખીણ (૨)
(૨૫) જીવ, શ્વાસ (૨)
(૨૭) બુધ્ધિશાળી (૨)
(૨૯) હોઠ (૨)
(૩૧) યાત્રાનું નામ (૨)
(૩૪) નાશ (૨)
(૩૬) એકસો વખત હજાર (૨)
(૩૮) એક અરબી મૂળાક્ષર (૨)
(૪૦) જાંઘ (૨)
(૪૨) અવાજ (૨)
(૪૪) શરાબ (૨)
(૪૬) ધર્મ (૨)
(૪૮) આનંદ (૨)
(૫૦) પહેરણ (૨)
(૫૩) સ્પર્શ (૨)
(૫૫) નશો, કેફ (૨)
(૫૭) બગીચો (૨)
(૫૯) ઈર્ષા (૨)
(૬૦) કરબલાનું એક નામ(૨)
(૬૧) ગુસ્સે (૨)

## :::::: ઊભી ચાવીઓ ::::::

(૨) જન્નતનું નામ (૨)
(૪) ધૂળ (૨)
(૬) આક્રંદ, રૂદન (૨)
(૯) મરજી (૨)
(૧૧) એક બૂતનું નામ(૨)
(૧૩) શંકા (૨)
(૧૪) દોસ્ત (૨)
(૧૬) ઔષધ (૨)
(૧૮) હાથ (૨)
(૨૦) તલ્લીન (૨)
(૨૨) વાયદો (૨)
(૨૪) હૃદય (૨)
(૨૬) માહ (ચંદ્ર)નું લઘુરૂપ (૨)
(૨૮) ડુંટી, નાભિ (૨)
(૩૦) આફત (૨)
(૩૨) બદલો (૨)
(૩૩) કુરાનનું પ્રકરણ (૨)
(૩૫) એક સૂરાનું નામ (૨)
(૩૭) વાંકું વળેલું (૨)
(૩૯) ક્ષણ, પળ (૨)
(૪૧) ઝરણાથી મોટી નદી(૨)
(૪૩) કિંમત (૨)
(૪૫) એક (૨)
(૪૭) ભીનું (૨)
(૪૯) જીવ (૨)
(૫૧) પિતા (૨)
(૫૨) જહન્નમ (૨)
(૫૪) સાચું (૨)
(૫૬) આબરૂ (૨)
(૫૮) ગળું (૨)

## ગડમથલ નં.૨૨૬નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ હ | ■ | ૨ દિ | ■ | ૩ મુ | ૪ બા | ર | ક | ■ | ૫ ક |
| દ | ■ | ૬ લા | જ | વા | બ | ■ | ■ | ૭ દા | સ |
| ૮ સ | હ | વ | ■ | ■ | ૯ ત | ર | ૧૦ ફ | દા | ર |
| ■ | ■ | ૧૧ ર | ૧૨ જ | ૧૩ બ | ■ | ■ | ર | ■ | ■ |
| ૧૪ બ | લા | ■ | બી | ર | ■ | ૧૫ વા | જિ | ૧૬ બા | ત |
| ર | ■ | ૧૭ ક | ■ | ૧૮ બા | ૧૯ સ | ■ | ૨૦ યા | રી | ■ |
| ૨૧ ત | મ્મા | ર | ■ | ૨૨ દ | ર | ■ | ત | ■ | ૨૩ ક |
| ર | ■ | ૨૪ મ | ૨૫ તા | ■ | ૨૬ કા | શ | ■ | ૨૭ વા | ર |
| ૨૮ ફ | ૨૯ ના | ■ | વી | ■ | ર | ■ | ૩૦ સ | ■ | બ |
| ■ | ૩૧ ક | ની | ઝ | ■ | ■ | ૩૨ હુ | ર | મ | લા |

# Ayat-ul-Kubra

-----------------------------------------------------------------------------------------------------------------------------

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

-----------------------------------------------------------------------------------------------------------------------------

*As a child whenever I would come to Dholka, while still in a car I would invariably look for the minarets of Khan Masjid; a historic mosque in the town. These minarets were visible from the highway from a great distance* ***and thus became a prominent landmark for all of us to know that Dholka had arrived****. A mere sight of these minarets would make us forget the fatigue of the long journey and we would be filled with enthusiasm of meeting everybody.*

***The vast city of Mumbai*** *can be represented in a magazine by* ***showcasing just the picture of Gateway of India.*** *Instead of Gateway of India if some other picture is used it would be really* ***difficult*** *as most of the people might fail to recognize it and* ***hence may not relate it with Mumbai*** *unless proper address along with lane number and area is mentioned along with the picture. Similarly* ***Hyderabad can be represented by Charminar and Delhi by India Gate.***

➔ *These are the* ***<u>Most Prominent Landmarks</u>*** *of these large cities as* ***each landmark has historical association with its respective city*** *and has* ***represented the city since centuries.***

Allah (SWT) is Omnipotent, He is Omnipresent still we are unable to see Him. As the following ayah says:

- *"Us ko* ***aankhein dekh nahin sakti*** *na* ***duniya*** *main* ***na aakherat main*** *aur Woh logo ki nazaron ko khoob dekhta hai aur Woh bada bareekbeen wakifkaar hai..." – ( Surah-e-Anam, ayah 103)*

  *"(***No vision can grasp Him****, but His grasp is over all vision: He is above all comprehension,* ***yet is acquainted with all things.)"***

It is not possible for mortals to see Him, neither in this world nor in hereafter. So how do we know about His existence? As the Holy Quran again says in the following ayah:

- *"Usee ne do* ***dariya bahae jo baham mil jaate hain****, donon ke darmiyaan ek hud faasil aad hai jisse tajawiz nahin karte. To ae Jinn-o-Ins* ***<u>tum dono apne Parvardigar ki kaun kaunsi nemat ko jhootlaoge</u>****." – (Surah-e-Rahman, ayah 19-20-21)*

***“(He has let free the two bodies of flowing water,*** *meeting together: Between them is a Barrier which they do not transgress:* ***<u>Then which of the favours of your Lord will ye deny?</u>)”***

Allah (SWT) reveals Himself to us through His creations. As the above ayah says all His creations are His Favours which He has bestowed upon us.

In Surah-e-Rehman after mentioning His Favours He has discussed the conditions of those who would reject them. And the following two ayahs further confirm their conditions:

- *“Aur jin logon ne* ***kufr ikhtiyaar kiya aur Hamari aayaton ko jhutlaya*** *to wahi Jahannami aur* ***hamesha Dozakh hi main pade rahenge****.” – (Surah-e-Baqra, ayah 39)*

  *“(But those* ***who reject Faith and belie Our Signs****, they shall be* ***companions of the Fire****; they shall abide therein.)”*

- *“Aur un logon ne* ***qahar-e-Khuda ki taraf palta khaya*** *ye sab iss sabab se hua ke woh log Khuda ki* ***aayaton ka inkaar karte the****.” – (Surah-e-Baqra, ayah 61)*

  “(They drew on themselves **the wrath of Allah.** This because they went on **rejecting the Signs of Allah)”**

➔**Thus these Favours are the Signs of His Existence**. He dislikes those who reject His Favours and **they might incur Allah’s wrath in their life** and He shall make **them companions of Hell Fire after their death.**

In the introductory section of this article we established that the manner in which the Gateway of India is a **prominent landmark** or **the greatest sign** that **depicts the vastness of the city of Mumbai**; similarly let us try to find out **The Greatest Sign of Almighty Allah which truly depicts His Grandeur**.

In order to understand this let us look at the historical journey – Meraj, of our Holy Prophet (pbuh) to the highest point. He (pbuh) began his holy journey escorted by Jibraeel (A.S) from the house of ‘Umm-e-Hani” on his steed al-Buraq.

The Traditions say that Jibraeel (A.S) who was escorting the Holy Prophet (pbuh) till Sidrat-ul-Muntaha was not permitted to go beyond it. **It was only the Prophet (pbuh) who was elevated upto the highest horizons.** Mentioning this journey the Holy Quran says in Surah-e-Najm:

- *“Aur iss haal main ke* ***wo Ufaq-e-Aala per hai.*** *Phir kareeb ho aur aage badha.* ***Phir do kamaan ka faasla rah gaya balke isse bhi kareeb tha****.* ***Khuda ne*** *apne bande ki* ***taraf jo wahi bheji so bheji”.*** *– (Surah-e-Najm, ayah 7-10)*

*"(And he is in the* ***highest part of the horizon****.* ***Then he drew near, then he bowed So he was the measure of two bows or closer still.*** *And* ***He revealed to His servant what He revealed.****)"*

The above ayahs narrate the journey of Rasool (SAW) to the highest horizon *(Ufaq-e-Aala).* When he reached there he drew closer than the measure of two bows. There are two things worth pondering upon. **Firstly, who did he draw closer to as the ayah mentions? Could it be Jibraeel (A.S)? Reasoning says it cannot be him as he could not travel beyond Sidrat-ul-Muntaha.** Secondly was it Allah? **To think so too would be wrong as Allah is Omnipresent and He is not limited to a specific position**. Also, in order to come closer to someone you need to see him, while Allah cannot be seen. **Hence it was neither Allah nor Jibraeel (A.S). So who was the prophet (pbuh) coming closer to?**

Also the ayah says that Allah (SWT) revealed 'Wahi' to Rasool (SAW). Normally whenever any 'wahi' was revealed to him it was always **in the voice of Jibraeel (A.S),** but since here **Jibraeel (A.S) was not present then whose voice did Allah choose to reveal the wahi?**

Further ayahs from the same Surah might help us in deriving some result:

- ***"To jo kuch unhonne dekha unke dil ne jhoot na jaana.*** *To kya wo Rasool* ***jo kuch dekhta hai tum log uss main jhagadte ho?*** *Aur unhonne to uss ko ek baar aur dekha hai, Sidrat-ul-Munteha ke nazdeek. Ussi ke paas to rahne ki bahisht hai, jab chhaa raha tha sidra per jo chhaa raha tha. (Uss waqt bhi) unki aankh na to aur taraf maail hui aur na had se aage badhi.* ***Aur unhonne yaqeenan apne Parvardigar ki Badi Badi Nishaniyan dekhi."*** *– (Surah-e-Najm, ayah 11-18)*

  *"(****The heart was not untrue in (making him see) what he saw. What! do you then dispute with him as to what he saw?*** *And certainly he saw him in another descent, At the farthest lote-tree; Near which is the garden, the place to be resorted to. When that which covers covered the lote-tree;* ***The eye did not turn aside, nor did it exceed the limit. Certainly he saw of The Greatest Signs of his Lord****.)"*

The above ayahs confirm that **Rasool (SAW) saw someone which was definitely amongst The Greatest Signs of Allah.**

➔All His creations are His Signs of Existence. And we Humans are the **<u>Best amongst His creations</u>** ***(Ashraf-ul-Makhlukaat).*** **Thus the Greatest Sign which Rasool (SAW) saw at the highest horizon must be from the best of creations i.e. must be a human being.** Again he should be much higher in stature and closer to Rasool (SAW) and Allah (SWT) than Jibraeel (A.S).

Since Allah (SWT) reveals Himself through His creations He must have surely revealed His Greatest Sign to this world. Let us then try to identify that.

When we look at the life of our holy prophet (pbuh) **we find that he trusted Hazrat Ali (A.S) the most from amongst his companions.** In every war Hazrat Ali (A.S) remained steadfast and was **ready to lay his life for the sake of holy prophet (pbuh) and Allah (SWT).**

Following are **the rare distinctions** which **associate Hazrat Ali (A.S) to Allah** which no other human being in the entire history had:

- **His Name:**

  Ali is **his name** and so is the name of Allah

- **His Birth:**

  He was born in Kaaba, the house of Allah. It was **Friday 13th of Rajab 30 Amulfeel, Hazrat Fatima binte Asad (A. S)**, the wife of Hazrat Abu Talib (A.S) entered the precincts of the Kaaba. Ali (A.S) the youngest son of Abu Talib was born inside the Holy Kaaba. She stayed inside for three days. This incidence is well documented by many Islamic scholars and historians.

  *(Ref: Muhammad ibn Talha el-Shafei in Matalib-us-saool, page 11, Hakim in Mustadrak, page 483, Vol. III, El-Umari in Sharh Ainia, page 15, Halabi in Sira, page 165, Vol. I, Sibt ibn al-Jauzi in Tadhkera Khawasil Ummah, page 7, Ibn Sabbagh Maleki in Fusoolul Mohimma, page 14, Muhammad bin Yousuf Shafei in Kifayet al-Talib, page 261, Shablanji in Nurul Absar, page 76, Ibn Zahra in Ghiyathul Ikhtisar, page 97, Edvi in Nafhatul Qudsia, page 41, Mohaddith-e-Dehlvi in 'Izalatul Kholafa')*

  And Nuru'ddin Bin Sabbagh Maliki in his work documents birth of Hazrat Ali (A.S) in Ka'ba in following words:

  - "No one before Ali was born in the Ka'ba. **This was a distinction given to Ali in order to enhance his honor, rank, and dignity**." (Ref: Nuru'd-din Bin Sabbagh Maliki in his Fusulu'l- Muhimma, Fasl I, p.14)

- **His Help is Allah's Help:**

  We would try to establish the above claim by referring few ayahs from the Holy Quran. Allah (SWT) says this to the holy prophet (SAW) in Surah-e-Bani Israel:

  *"Aur ye dua maanga karo ke Ae mere Parvardigaar mujhe jahan pahoncha achhi tarah pahoncha aur mujhe jahan se nikaal to achhi tarah se nikaal aur mujhe khaas apni*

*bargaah se* ***ek Sultan ataa farma jisse  har qism ki madad pahonche****." – (Surah-e-Bani Israel, ayah 80)*

*"(*Say: "O my Lord! Let my entry be by the Gate of Truth and Honour, and likewise my exit by the Gate of Truth and Honour; and **grant me from Thy Presence an Authority to aid (me).")"**

Allah (SWT) instructs Rasool (SAW) to ask for an **Authority (Sultan-un-Naseera) who would help him in every way.** It means that Allah (SWT) wanted to help Rasool (SAW) through someone who is the authority duly appointed by Allah, Himself.

Again the ayah from Anfal says:

*"Ae Rasool (SAW) wohi to woh Khuda hai jis ne* ***apni khaas madad aur momineen se tumhari taeed ki"*** *– (Surah-e-Anfal, ayah 62)*

*"(He it is Who strengthened you with* ***His help and with the believers****)"*

This help of a Believer (Momin) to Rasool (SAW) was actually the help from Allah (SWT) as confirmed by the above ayah.

As per the tradition of Abu Hureira, quoted by Ibn-e-Asakir, Rasool (SAW) has said that it is written on *'arsh'* that there is no God but Allah, Mohammed (SAW) is My slave and My Rasool **and I helped him through Ali.** (Ref: Durr-e-Mansoor, Vol 3, P 199, Mulla Jalaluddin Suyuti, Tarkih Ibn-e-Asakir, Zainul falli).

And how did He help Rasool (SAW) through Hazrat Ali? For this Allah (SWT) says:

*"Aur* ***Hum hi ne lohe ko naazil kiya*** *jis ke zariye se sakht ladai aur logon ke bahot se nafa ki baatein hain aur taake* ***Khuda dekh le ke be dekhe bhaale Khuda aur usske Rasoolon ki kaun madad karta hai,*** *beshak Khuda bahot zabardast Ghalib hai." – (Surah-e-Hadid, ayah 25)*

*"(And* ***We sent down Iron,*** *in which is (material for) mighty war, as well as many benefits for mankind, that* ***Allah may test who it is that will help, Unseen, Him and His messengers****: For Allah is Full of Strength, Exalted in Might (and able to enforce His Will)."*

Which was the iron sent down to help the holy prophet (pbuh) as mentioned in the above ayah? In the battlefield of Ohad, Jibraeel (A.S), the angel brought down the sword ***'Zulfiqar'*** and presented it to Mawla Ali (A.S) by saying: ***'La fataah illa Ali La Saif illa***

***Zulfiqar.'*** (Zulfiqar is the only effective sword and Ali the unique champion) *(Ref:* Habib-al-Siyar; Rawdzat-al-Ahbab.)

Thus with Allah's Sword in his hand during the battlefield of Ohad he became ***"Yadullah"* (Allah's hand).** And looking at his valour and courage in the battlefield of Khaibar Rasool (SAW) bestowed on him the surname of ***"Sher-e-Khuda"* (Lion of God)**. (Ref: Gibbon, D.& F. of Roman Empire Vol. V. p. 365).

Mir Ahmad Ali (1988) writes that Ali Ibn Abi Talib is known as ***mazhar al aja-ib and mazhar al ghara-ib*** because, **as willed by Allah,** he used to appear in different forms to carry out divine plans under very special circumstances. **These two epithets are exclusively reserved for Ali.** Even today the true believers invoke Allah to send him for help.

- **His Soul:**

Now let us look at the following ayah from Surah-e-Baqra:

*"Aur logon main se Khuda ke bande kuch aise hai **jo Khuda ki (khushnudi) haasil karne ki gharaz se apni jaan tak bech daalte hai** aur Khuda aise bandon per bada hi shafkat wala hai." – (Surah-e- Baqra, ayah 207)*

*"(And among men is **he who sells himself to seek the pleasure of Allah**; and Allah is Affectionate to the servants.)"*

Imam Ghizali in his Tareekhe Khamees writes that the above ayah of Surah-e-Baqra was revealed mentioning **this sacrifice of Mawla Ali (A.S) when he slept on the bed of Rasool (SAW) during the night of Hijrat.**

Looking at Hazrat Ali (A.S)'s commitment to sacrifice his life and protect the Prophet (pbuh) of His religion; Allah (SWT) also granted Hazrat Ali (A.S) with divine status by purchasing his soul. He thus became ***'Nafsullah'* (Allah's Soul).**

- **His Martyrdom:**

Mentioning about his martyrdom, S Ockley writes in his famous work the 'History of the Saracens' that when Ali (A.S) was leaving his abode for his morning prayers, the household birds began making a great noise. And when seeing this one of the servants attempted to calm them Ali (A.S) said, *"Leave them alone, for their cries are only lamentations foreboding my death."*

He got martyrdom on the 21st of Ramzan. On 19th Ramzan during his morning prayers while Hazrat Ali (A.S) was in a state of prostration, Abdur Rahman Ibn Muljim (may Allah curse him) gave a blow of poisonous sword causing a deep wound on his head. He survived for two more days after that.

Thus all these events in his life **showcase his proximity to Allah which is unique** and **no other individual had the same distinctions**. That is why the holy prophet has said this about Hazrat Ali (A.S) that:

- **"**Amongst men **it is Ali who knows Allah the best**.*" – (Ref: Selections from Kanz-ul-Ummal, Bahamash Al Masnad, Vol 5 P 32)*

➔ Our reasoning on the basis of above mentioned proofs definitely indicates that beyond Sidrat-ul-Muntaha, on the highest horizon, it must be Mawla Ali (A.S) whom Rasool (SAW) saw. He is surely the **The Greatest Sign (Ayat-ul-Kubra) and Divine Proof of Allah (SWT).**

In order to further substantiate our above-mentioned result let us contemplate on the following ayah from Surah-e-Ra'ad:

- *"Aur Ae Rasool (SAW) kafir log kehte* ***hai ke tum paighambar nahin ho to*** *tum un se kehdo ke* ***mere aur tumhare darmiyan meri risalat ki gawahi ke waste*** *Khuda aur* ***wo shakhs jis ko aasmani kitab ka ilm*** *hai kafi hai." – (Surah-e-Raad, Ayah 43)*

  *("Yet those who are disbelievers say:* ***"You are not the apostle sent (by God)."*** *Tell them: "****God is sufficient as witness between me and you, and he who has knowledge of the Book."")***

When we observe the above ayah, it says that there are **two witnesses to the apostleship of the holy Prophet (pbuh)**. First one is Allah (SWT) who is Omnipresent, **the other witness is the one who has knowledge of the book.** All the translators of Quran have invariably used the word 'witness' in their translation and the dictionary meaning suggests witness means***: to see, hear or know by personal presence.*** And the other meaning which I found was ***'to be present as a spectator'.***

Now the Meraj was one of the most important aspects of Rasool (SAW)'s ***risalat*** (apostleship) which is duly testified by Quran. **It means that the witness of his apostleship needs to be**

**present at the time of Meraj to testify as per the above ayah.** Because if he is not present during Meraj how can he testify and thus it would be against the above ayah.

As per the Islamic scholars and historians **the witness mentioned in the above ayah** who has the **complete knowledge of the book is Hazrat Ali (A.S).** (Ref: Tafseer-e-Suyuti, Vol 4, P 69, Ahteyaj-e-Tabresi, Tafseer-e-Ayashi)

The following hadith of the holy Prophet (SAW) further throws some light on this as he says:

- "Ali is the **divine proof from his Almighty** and **I am witness** on it." (Ref: Tarikh Ibn-e-Asakir, vol 43 P 220, Kareeb Minal lafaz fi Yanabe-ul-mowaddat, vol 1 P 293)

It seems that on the highest horizon then **Rasool (SAW) became witness to Hazrat Ali (A.S) as being the "Greatest Sign of Allah (Ayat-ul-Kubra)** while Mawla Ali (A.S) became witness to the **'Greatest Journey of the Greatest Prophet to the Greatest Horizon".**

Narrating this Mir Ahmed Ali (1988) writes that **when the Prophet (pbuh) returned from his heavenly journey,** before he could relate his experiences, **Ali (A.S) began giving him the minutest details of the journey, making it quite obvious that Ali (A.S) was with the Prophet (pbuh) throughout his journey.**

In the earlier section of this article as per the ayah from Surah-e-Najm, we found that Allah (SWT) revealed His ***'wahi'*** to the holy Prophet (pbuh) at the highest horizon in absence of Jibraeel (A.S) and we wondered whose voice it must be?

Faidh-al-Kashani in his famous book Kashful Ghummah **narrates a tradition from Hazrat Umar** that when the Prophet (pbuh) was asked as to what voice did Allah (SWT) speak to him during Meraj, the Prophet said:

**"My Lord spoke to me with the voice of Ali Ibn Abi Talib** and said, "*O Ahmad! I am an Entity that is not like anything else. I cannot be compared to anything else and I know all the secrets of your heart.* ***With the exception of Ali Ibn Abu Talib, you have no other close friend.*** *Thus,* ***I speak to you with the voice of Ali Ibn Abi Talib so that your heart will be at ease"***

➔ We can thus infer that Allah (SWT) reveals Himself through His creations, all creations are His Signs and amongst them Hazrat Ali (A.S) is the Greatest Sign of Allah (SWT) sent down to help and protect His Greatest Prophet (pbuh) and His Greatest Religion.

With the help of ayah from Surah-e-Rahman and couple of more ayahs from Surah-e-Baqra we understood that **Allah's wrath is incurred upon those who reject His Signs and Favours**. Let us now try to further substantiate this with few more ayahs. As the holy Quran says:

- *"**Aaj Maine tumhare din ko kaamil kardiya** aur tum per **apni ne'mat poori kardi** aur tumhare iss Deen-e-Islam ko pasand kiya." – (Surah-e-Maida, ayah 3)*

  *"(**This day have I perfected your religion for you**, **completed My favour** upon you, and have chosen for you Islam as your religion.)*

Commenting on the revelation of this ayah, most of the compilers have unanimously said that it was revealed after the holy Prophet (pbuh) announced ***'Man Kunto Mawla'*** by holding the hand of Hazrat Ali (A.S) and indicating him to the gathering at Ghadeer-e-Khum.

*(Ref: Durr-e-Mansoor, Jalalluddin Suyuti, V3, P 19, Tarikh by Khatib al Baghdadi, V8 P 290, 596, Yanabi-al-Mawaddah from Abu Hureira by Al-Qudoozi Al-Hanafi*).

After this ayah was revealed the holy Prophet (pbuh) said:

- "Allah is Great on the perfection of religion, **completion of bounties and Allah's satisfaction with my messengership and Ameerul Momineen Ali Ibn Abi Taalib (a.s.)'s mastership after me.**" – *(Ref: Tirmizi, Nisaai, Hakim Neshapuri, Ahmad-e-Hanbal, Tabari)*

There are couple of things which can be inferred from the above ayah. First is **that Islam was perfected on the announcement of Man Kunto Mawla.** And second is that Allah (SWT) **did complete all His Favours on this announcement.** Thus it can be said that Mawla Ali (A.S) is not **<u>only the 'Greatest Sign of Allah'</u>** but **Allah's Favours are incomplete without him.**

And we have already seen that rejecting any of Allah's Favour invoke His wrath. So what happens if "The Complete Favour' is rejected? The Holy Quran confirms in the following manner:

- *"**Ek maangne wale ne kafiron ke liye ho kar rahne wale azaab ko maanga** jisko **koi taal nahin sakta jo Darje wale Khuda ki taraf se (hone wala) tha**." – (Surah-e-Meraj, ayah 1-3)*

  *"(A questioner asked about a **Penalty to befall- The Unbelievers**, the which **there is none to ward off,- (A Penalty) from Allah,** Lord of the Ways of Ascent)"*

Commenting on the revelation of above ayah Sala'bi writes in his tafseer that the news of Hazrat Ali (A.S.)'s appointment as master and leader by the Holy Prophet (pbuh) on divine command spread everywhere. A person named Haaris Ibn Noman Fehri came to the Holy Prophet (pbuh) and said: **"You asked us to give two witnesses (of divinity and messengership), we gave. You made prayers, Zakaat and Hajj obligatory upon us, we accepted. Now, you intend to appoint your cousin (Ali) as our master** by announcing, "Of whomsoever I am his master, Ali is his master too." **Is this announcement from your side or on divine order?"** The Messenger of Allah answered:

**"I swear by Allah, except Whom there is no God, this command was certainly divine."**

On hearing this, Haaris stood up and walking towards his camel, grumbled, **"O Allah, if this order is from your side, then punish me by raining stones upon me."** He had hardly completed his sentence, **when a stone fell from the sky and crushed him to death**. At this justice, the Qur'anic verse was revealed: **"*A questioner asked about a Penalty to befall*."** *(Ref: Tafseer-e-Sal'abi)*

Thus the ayah explains that penalty befell the unbeliever who rejected Allah's Favour i.e. rejected the leadership of Hazrat Ali (A.S).

I feel like mentioning here a beautiful couplet from a famous Qawwali:

***"Shahe Mardaan Shere Yazdaan Quwwate Parwardigar***

***Lafata illah Ali (A.S) la Saif e illa Zulfiqar"***

➔ And conclude that Hazrat Ali (A.S) is the Greatest Sign and The Greatest Favour of Allah (SWT) and hence Allah has concealed His bounties in the love for Hazrat Ali (A.S) while hatred towards Ali (A.S) invokes His wrath. So let us pray that May Allah give us enough strength to love Hazrat Ali (A.S) and remain thankful to Allah for His limitless Bounties and Favours. Aamin

# આયતુલ કુબરા

**લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)**

<u>**બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ**</u>

*એક બાળક તરીકે જ્યારે પણ હું કારમાં બેસીને ધોળકા આવતો ત્યારે નગરમાં આવેલ ઐતિહાસિક ખાન મસ્જિદના મીનારા હું અચૂકપણે શોધી કાઢતો. આ મીનારા હાઈવે પર છેક દૂરથી દેખાતા અને તેથી જ તો તે અમારા બધા ય માટે ઓળખની એક પરિચિત નિશાની બની ગઈ હતી કે ધોળકા આવી ગયું છે. આ મીનારાઓ તરફ માત્ર એક નજર કરવાથી જ અમે લાંબી મુસાફરીનો થાક ભૂલી જતા અને બધાંને મળવાના ઉત્સાહથી અમારાં હૈયાં ઉભરાઈ જતાં.*

***વિશાળ મુંબઈ શહેરને** કોઈ સામયિકમાં **માત્ર ગેટ વે ઑફ ઈન્ડિયાના ચિત્રને પ્રદર્શિત કરીને** પ્રસ્તુત કરી શકાય. ગેટ વે ઑફ ઈન્ડિયાની જગ્યાએ જો કોઈ બીજા ચિત્રનો ઉપયોગ થાય તો ખરેખર તે બાબત **મુશ્કેલ** બને કેમકે મોટા ભાગના લોકો તેને ઓળખવામાં નિષ્ફળ જાય અને **આમ તે ચિત્રને કદાચ મુંબઈ સાથે સાંકળી ન પણ શકે** સિવાય કે શેરીના નંબર સહિતનું યોગ્ય સરનામુ અને ચિત્રની સાથે તેના વિસ્તારનો ઉલ્લેખ પણ થયેલો હોય. બસ આવી જ રીતે **હૈદરાબાદને ચાર મીનાર દ્વારા અને દિલ્હીને ઈન્ડિયા ગેટ દ્વારા પ્રસ્તુત કરી શકાય.***

→ *આ બધાં આ મોટા શહેરોનાં **સૌથી વધારે પ્રખ્યાત સીમાચિહ્નો** છે કેમકે દરેક **સીમાચિહ્નને પોત પોતાના શહેર સાથે ઐતિહાસિક સંબંધ હોય** છે અને **સદીઓથી તેણે તે શહેરની પ્રસ્તુતિ** કરી હોય છે.*

*અલ્લાહ(સુ.વ.ત.) સર્વશક્તિમાન છે, તે સર્વવ્યાપી છે તેમ છતાંય આપણે તેને જોવા માટે અસમર્થ છીએ, જેમકે નીચેની આયતો કહે છે :*

- ***'તેને <u>આંખો જોઈ શકતી નથી</u> ન તો <u>આ દુનિયામાં કે ન આખેરતમાં</u> અને તે લોકોની નજરોને ખૂબ સારી રીતે જુએ છે અને તે મહા સુક્ષ્મદર્શી, જાણનાર છે.'***

*(સૂરએ અન્આમ, આયત-૧૦૩)*

*એ બાબત શક્ય નથી કે મરણશીલ માણસો તેને જોઈ શકે, ન તો આ દુનિયામાં કે ન આખેરતમાં. તો પછી આપણે તેના અસ્તિત્વ વિષે જાણવું હોય તો કેવી રીતે જાણવું? જેમકે કુરઆને પાક નીચેની આયતોમાં ફરીથી જણાવે છે :*

- ***'તેણે બે <u>સમુદ્રો વહાવ્યા કે જે એકબીજામાં ભળી જાય છે.</u> બન્ને વચ્ચે એક હદ્દે ફાસિલ-આડ છે જેનું ઉલ્લંઘન કરતા નથી. તો અય જિન્નાતો અને ઈન્સાનો ! <u>તમે બન્ને તમારા પરવરદિગારની કઈ કઈ નેઅમતોને જૂઠલાવશો ?'</u>***

*(સૂરએ રહેમાન, આયત-૧૯ થી ૨૧)*

અલ્લાહ(સુ.વ.ત.) પોતાનાં સર્જનો દ્વારા પોતાની જાતને આપણી સમક્ષ પ્રગટ કરે છે. ઉપરથી આયત જણાવે છે તેમ બધાં જ સર્જનો તેની નેઅમતો છે કે જેમની વર્ષા તેણે આપણા ઉપર કરી છે.

સૂરએ રહેમાનમાં પોતાની નેઅમતોનો ઉલ્લેખ કરીને તેણે(અલ્લાહે) એ લોકોની હાલતોની ચર્ચા કરી છે કે જેઓ તેમનો અસ્વીકાર કરતા હતા. નીચેની બે આયતો તેમની હાલતોને વધારે દ્રઢ બનાવે છે :

- **'અને જે લોકોએ <u>કુફ્ર ધારણ કર્યું અને અમારી આયતોને જૂઠલાવી</u> તો તેઓ જ જહન્નમી છે અને <u>હંમેશાં દોઝખમાં જ પડ્યા રહેશે.'</u>**

(સૂરએ બકર, આયત-૩૯)

● **'અને તે લોકોએ <u>ખુદાના કહેર તરફ પલટો ખાધો</u> આ બધું એ કારણે થયું કે તે લોકો ખુદાની <u>નેઅમતોનો ઈન્કાર કરતા હતા.'</u>**

(સૂરએ બકર, આયત-૬૧)

→ **આમ આ નેઅમતો જ તેના અસ્તિત્વની નિશાનીઓ છે.** જે લોકો તેની આયતોનો ઈન્કાર કરે છે તે લોકો તેને ગમતા નથી અને **તેઓ પોતાની જિંદગીમાં અલ્લાહનો ગઝબ વહોરશે** અને તે તેમને તેમના **મૃત્યુ પછી જહન્નમની આગના રહેવાસી બનાવશે.'**

આ લેખના પ્રાસ્તવિક વિભાગમાં આપણે એ બાબતને પ્રસ્થાપિત કરી હતી કે જે રીતે ગેટ વે ઑફ ઈન્ડિયા એક **પ્રખ્યાત સીમાચિહ્ન** અથવા **મોટામાં મોટી નિશાની** છે કે જે **મુંબઈ શહેરની વિશાળતાનો નિર્દેષ કરે છે** બસ એવી જ રીતે, ચાલો આપણે એ બાબત શોધી કાઢવા પ્રયત્ન કરીએ કે સર્વશક્તિમાન **અલ્લાહ તઆલાની મોટામાં મોટી નિશાની કઈ છે કે જે તેની મહત્તાનો સાચી રીતે નિર્દેષ કરે છે.**

આ બાબતને સમજવાના હેતુથી ચાલો આપણે આપણા પયગમ્બર(સ.)ની ઐતિહાસિક મુસાફરી, સર્વોચ્ચ બિંદુ સુધીની મેઅરાજ તરફ એક દૃષ્ટિપાત કરી લઈએ. આપ(સ.)એ પોતાની પવિત્ર મુસાફરીનો પ્રારંભ જિબ્રઈલ(અ.)ના સંગાથે તેમની સવારી બુરાક ઉપર બેસીને 'ઉમ્મે હાની'ના ઘેરથી શરૂ કર્યો હતો.

હદીસો બતાવે છે કે જિબ્રઈલ(અ.) કે જેઓ પવિત્ર પયગમ્બર(સ.)ની સાથેને સાથે સિદ્રતુલ મુન્તહા સુધી ગયા, તેમને તેનાથી આગળ જવાની પરવાનગી આપવામાં આવી ન હતી. **એ તો માત્ર પયગમ્બર(સ.) જ હતા કે જેમને સર્વોચ્ચ ક્ષિતિજ સુધી ઊંચે લઈ જવાયા.** આ મુસાફરીનો ઉલ્લેખ કરીને કુરઆને પાક સૂરએ નજમમાં ફરમાવે છે :

● **'અને એ હાલતમાં કે <u>તેઓ ઉફાકે-આલા ઉપર છે.</u> પછી નજીક ગયા અને આગળ વધ્યા. <u>પછી બે કમાન જેટલું અંતર રહી ગયું બલ્કે એનાથી પણ વધારે નજીક હતા.</u> ખુદાએ પોતાના બંદાની <u>તરફ જે વહી મોકલવી હતી તે મોકલી.'</u>**

(સૂરએ નજમ, આયત-૭ થી ૧૦)

ઉપરોક્ત આયતો રસૂલ(સ.)ની સર્વોચ્ચ ક્ષિતિજ (ઉફાકે આલા) તરફની મુસાફરીનું વર્ણન કરે છે. જ્યારે આપ(સ.) ત્યાં પહોંચ્યા તો બે કમાનના માપ કરતાં ય વધારે નજીક ખેંચાયા. અહીં મનન કરવાની બે બાબતો છે. **પ્રથમ બાબત તો એ કે આયતમાં ઉલ્લેખ થયા મુજબ આપને વધારે નજીક કોણે ખેંચ્યા ? શું એ જિબ્રઈલ હોઈ શકતા હતા ? અક્કલ તો એવું કહે છે કે તે હોઈ શકે નહીં કેમકે તેઓ સિદ્રતુલ મુન્તહાથી આગળ મુસાફરી કરી શકતા ન હતા.** બીજી બાબત એ કે શું તે અલ્લાહ હતો ? **જો એવો વિચાર કરીએ તો તે પણ ખોટો જ હશે કેમકે અલ્લાહ સર્વવ્યાપી છે અને તે કોઈ ખાસ જગ્યા સાથે મર્યાદિત નથી.** વળી કોઈને વધારે નજીક લાવવામાં તમારે તેને જોવો પણ પડે જ્યારે અલ્લાહને તો જોઈ શકાતો નથી. **આથી તે ન તો અલ્લાહ હતો કે ન જિબ્રઈલ(અ.) હતા. તો પછી પયગમ્બર(સ.)ને વધારે નજીક લાવનાર હતું કોણ?**

વળી આયત તો એવું કહે છે કે અમે રસૂલ(સ.) ઉપર 'વહી' નાઝિલ કરી હતી. સામાન્ય રીતે જ્યારે જ્યારે આપના ઉપર વહી નાઝિલ થતી તો તે હંમેશાં **જિબ્રઈલ(અ.)ના સ્વરમાં નાઝિલ થતી હતી** પરંતુ અહીં સુધી તો **જિબ્રઈલ(અ.) આવ્યા જ ન હતા તો પછી કોના સ્વરમાં અલ્લાહે વહી નાઝિલ કરવાનું પસંદ કર્યું?**

આ જ સૂરામાંથી આગળની આયતો કદાચ કોઈ નિષ્કર્ષ તારવવામાં આપણને મદદરૂપ થાય :

● **'<u>તો જે કંઈ તેણે જોયું, તેના અંતઃકરણે કાંઈ પણ ભૂલ કરી ન હતી.</u> તો શું એ રસૂલ કે જે <u>કંઈ તે</u>**

**<u>જુએ છે તમે લોકો તેમાં વાદવિવાદ કરો છો ?</u> અને તેણે તો તેને એકબીજા વખતે પણ જોયો છે સિદ્રતુલ મુન્તહાની નજીક, તેની પાસે તો રહેવા માટે જન્નત છે સિદ્રતુલ મુન્તહા પર જે ઢાંકવાનું હતું તે ઢાંકી રહ્યો હતો (એ વખતે પણ) તેની આંખ ન તો કોઈ બીજી તરફ આકર્ષિત થઈ કે ન તો હદથી વધારે આગળ પણ વધી. <u>અને તેમણે ખરેખર પોતાના પરવરદિગારની મોટી મોટી નિશાનીઓ નિહાળી.'</u>**

(સૂરએ નજમ, આયત-૧૧ થી ૧૮)

ઉપરોક્ત આયત એ બાબતને દ્રઢ બનાવે છે કે **રસૂલ(સ.)એ કોઈ એવાને જોયા કે જે ચોક્કસપણે અલ્લાહની મોટામાં મોટી નિશાનીઓમાંથી હતા.**

→ અલ્લાહનાં સઘળાં સર્જનો તેના અસ્તિત્વની નિશાનીઓ છે અને આપણે માનવો **<u>તેનાં સર્જનોમાં સર્વશ્રેષ્ઠ (અશરફુલ મખ્લૂકાત) છીએ.</u> આ રીતે જોઈએ તો રસૂલ(સ.)એ સર્વોચ્ચ ક્ષિતિજે જે મોટામાં મોટી નિશાની જોઈ તે(નિશાની) અલ્લાહનાં સર્વશ્રેષ્ઠ સર્જનોમાંથી જ હોવી જોઈએ એટલે કે તે માનવ જ હોવો જોઈએ.** વળી તે જિબ્રઈલ(અ.) કરતાં મરતબામાં વધારે ઊંચો અને રસૂલ(સ.)ની અને અલ્લાહ(સુ.વ.ત.)ની વધારે નજીક પણ હોવો જોઈએ.

અલ્લાહ(સુ.વ.ત.) પોતાની જાતને પોતાનાં સર્જનો દ્વારા પ્રગટ કરે છે તે કારણે તેણે ચોક્કસપણે પોતાની મોટામાં મોટી નિશાની આ દુનિયા સમક્ષ પ્રગટ કરી છે. તો પછી ચાલો આપણે તેને શોધી કાઢવાનો પ્રયત્ન કરીએ :

જ્યારે આપણે આપણા પવિત્ર પયગમ્બર (સ.)ના જીવન તરફ નજર કરીએ છીએ તો **આપણને જાણવા મળે છે કે આપ(સ.) પોતાના અસ્હાબોમાં સૌથી વધારે વિશ્વાસ હઝરત અલી(અ.) ઉપર મૂકતા હતા.** દરેક યુધ્ધમાં હઝરત અલી(અ.) અડીખમ રહેતા હતા અને **પવિત્ર પયગમ્બર(સ.) માટે અને અલ્લાહ (સુ.વ.ત.) ખાતર પોતાનો જીવ સમર્પિત કરવા તૈયાર રહેતા હતા.**

નીચે આપેલી છે એવી **દુર્લભ વિશેષતાઓ** કે **જે હઝરત અલી(અ.)ને અલ્લાહ સાથે જોડે છે** કે જે (વિશેષતાઓ) સમગ્ર ઈતિહાસમાં કોઈ પણ માણસ ધરાવતો ન હતો :

- **આપનું નામ :**

અલી **આપનું નામ** છે અને એ જ નામ અલ્લાહનું છે.

- **આપનો જન્મ :**

આપ અલ્લાહના ઘર કા'બામાં જન્મ્યા હતા. તે દિવસ હતો **શુક્રવાર ૧૩મી રજબ આમુલફીલ ૩૦. હઝરત અબુતાલિબ(અ.)નાં પત્ની હઝરત ફાતેમા બિન્તે અસદ(અ.)** કા'બાના પરિસરમાં પ્રવેશ્યાં. અબુતાલિબના સૌથી નાના પુત્ર અલી(અ.)નો જન્મ કા'બાની અંદર થયો. આપ ત્રણ દિવસ સુધી કા'બાની અંદર રહ્યા. આ પ્રસંગના ઘણા બધા દસ્તાવેજી પુરાવા ઘણા ઈસ્લામી વિદ્વાનો અને ઈતિહાસકારોએ આપ્યા છે.

(સંદર્ભ : મુહંમદ ઈબ્ને તલ્હા અલ શાફઈએ મુતાલિબુલ સૂલ, પેજ-૧૧માં, હકીમે મુસ્તદ્રકમાં પેજ નં.૪૮૩, ભાગ-૩, અલ ઉમારીએ શર્હ આઈના પેજ-૧૫માં, હલાબીએ સીરામાં, પેજ-૧૬૫, ભાગ-૧, સિબ્ત ઈબ્ને અલ જૌઝીએ તઝકિરહ ખવાસિલ ઉમ્માહમાં પેજ-૭, ઈબ્ને શબ્બાગ માલેકીએ ફુસૂલુલ મોહિમ્મામાં પેજ-૧૪, મોહંમદ બિન યૂસુફ શાફેઈએ કિફાયતુલ તાલિબમાં પેજ નં.૨૬૧, શબલંજીએ નૂરૂલ અબ્સારમાં પેજ-૭૬, ઈબ્ને ઝેહરાએ ગિયાસુલ ઈખ્તિસારમાં પેજ-૯૭, ઈડવીએ નફહતુલ કુદસીયામાં પેજ-૪૧, મોહદ્દિસે દહેલ્વીએ ઈઝાલતુલ ખોલફામાં)

અને નૂરૂદ્દીન બિન શબ્બાગ માલિકીએ તેમની

કૃતિમાં હઝરત અલી(અ.)ના કા'બામાં જન્મના દસ્તાવેજો નીચેના શબ્દોમાં આપ્યા છે :

- 'કા'બામાં અલી સિવાય પહેલાં કોઈ જન્મ્યો ન હતો. **આવી વિશેષ યોગ્યતા હઝરત અલી(અ.)ને તેમનું સન્માન, દરજ્જો અને મોભો દર્શાવવા માટે આપવામાં આવ્યાં હતાં.'**

(સંદર્ભ : નુરૂદ્દીન બિન સબ્બાગ માલિકીએ ફુસુલુલ મુહિમ્મા, ફસલ-૧, પેજ-૧૪)

- **અલ્લાહની મદદમાં એમની મદદ :**

આપણે કુરાને પાકમાંની કેટલીક આયતોનો સંદર્ભ લઈને આ દાવાને પ્રસ્થાપિત કરીશું. સૂરએ બની ઈસરાઈલમાં પવિત્ર પયગમ્બર(સ.)ને અલ્લાહ(સુ.વ.ત.) ફરમાવે છે :

- **'અને આ દુઆ માગ્યા કરો કે અય મારા પરવરદિગાર ! મને જ્યાં પહોંચાડે ત્યાં સારી રીતે પહોંચાડજે અને મને જ્યાં કાઢે તો સારી રીતે કાઢજે અને મને ખાસ તારી બારગાહથી એક સુલ્તાન અર્પણ કર કે જેનાથી દરેક પ્રકારની મદદ મળે.'**

(સૂરએ બની ઈસરાઈલ, આયત-૮૦)

અલ્લાહ(સુ.વ.ત.) રસૂલ(સ.)ને સૂચન કરે છે એક એવો **સુલ્તાન(સુલ્તાનુન નસીરા) આપે કે જે તેમને દરેક રીતે મદદ કરે.** તેનો અર્થ એ થાય છે કે અલ્લાહ(સુ.વ.ત.)ની ઈચ્છા રસૂલ(સ.)ને કોઈકના દ્વારા મદદ કરવાની છે કે જે એવો સત્તાધારી છે કે જે ખુદ અલ્લાહ દ્વારા નિયુક્ત થયેલો છે.

ફરીથી સૂરએ અન્ફાલની આયતમાં ફરમાવે છે:

- **'અય રસૂલ(સ.) ! એ જ તો ખુદા છે કે જેણે પોતાની ખાસ મદદથી અને મોમિનોથી તારું સમર્થન કર્યું.** (સૂરએ અન્ફાલ, આયત-૬૨)

કોઈ મોમિનની રસૂલ(સ.)ને મળેલી આ મદદ ખરેખર તો અલ્લાહ તરફથી મદદ હતી જેનું સમર્થન ઉપરોક્ત આયત દ્વારા કરવામાં આવ્યું છે.

અબુ હુરૈરાની હદીસ કે જેને ઈબ્ને અસાકિરે ટાંકી છે, તે અનુસાર રસૂલ(સ.)એ ફરમાવ્યું છે કે અર્શ ઉપર એવું લખેલું હતું કે અલ્લાહ સિવાય બીજો કોઈ માઅબૂદ નથી. મોહંમદ મારા બંદા અને રસૂલ છે **અને હું તેમને અલી દ્વારા મદદ કરું છું.**

(સંદર્ભ : દુર્રે મન્સૂર, ભાગ-૩, પેજ-૧૯૯, મુલ્લા જલાલુદ્દીન સુયુતિ, તારીખ ઈબ્ને અસાકિર, ઝયનુલ ફાલ્લી)

અને તેણે હઝરત અલી દ્વારા રસૂલ(સ.)ની મદદ કેવી રીતે કરી ? આના માટે અલ્લાહ (સુ.વ.ત.) ફરમાવે છે :

- **'અને અમોએ જ લોખંડને નાઝિલ કર્યું જેના દ્વારા સખત લડાઈ અને લોકોના ઘણા ફાયદાઓની વાતો છે અને જેથી ખુદા જોઈ લે કે જોયા જાણ્યા વગર ખુદા અને તેના રસૂલોની કોણ મદદ કરે છે, નિઃસંશય ખુદા ખૂબ જ જબરદસ્ત વિજયી છે.'**

(સૂરએ હદીદ, આયત-૨૫)

ઉપરોક્ત આયતમાં થયેલા ઉલ્લેખ પ્રમાણે પવિત્ર પયગમ્બર(સ.)ની મદદ માટે કયું લોખંડ મોકલવામાં આવ્યું ? ઓહદની લડાઈમાં જિબ્રઈલ(અ.) ફરિશ્તા **'ઝુલ્ફિકાર'** તલવાર લઈને નીચે ઊતર્યા અને તે મૌલા અલી(અ.)ને ભેટમાં આવું કહીને આપી કે -

**લાફતા ઈલ્લા અલી લા સૈફ ઈલ્લા ઝુલ્ફિકાર.**

(અલી(અ.) જેવો કોઈ જવાંમર્દ નથી અને ઝુલ્ફિકાર જેવી કોઈ તલવાર નથી.)

(સંદર્ભ : હબીબુસ સયર, રૌઝતુલ અહબાબ)

આમ અલ્લાહની તલવાર ઓહદની લડાઈ વખતે તેમના હાથમાં હોવાથી તેઓ **યદુલ્લાહ (અલ્લાહનો હાથ)** બની ગયા અને ખૈબરમાં તેમની શૂરવીરતા અને હિંમત જોઈને રસૂલ(સ.)એ તેમને **શેરે ખુદા (અલ્લાહના સિંહ)**નું ઉપનામ આપ્યું.

(સંદર્ભ : ગિબન Decline & Fall of the Roman Empire, ભાગ-૫, પેજ-૩૬૫)

મીર અહેમદ અલી (૧૯૮૮) લખે છે કે અલી બિન અબીતાલિબ(અ.) **મઝહરૂલ અજાએબ** અને **મઝહરૂલ ગરાએબ** તરીકે જાણતા છે **કેમકે અલ્લાહની ઈચ્છા હતી** તે મુજબ આપ જુદા જુદા સ્વરૂપોમાં ઈલાહી યોજનાઓને અમલમાં મૂકવા માટે અમુક ખાસ સંજોગોમાં પ્રગટ થતા હતા. **આ બન્ને ઉપનામો ખાસ કરીને અલી(અ.) માટે જ અનામત રખાયેલાં છે.** આજે પણ સાચા મોમિનો તેમને મદદ માટે મોકલવા માટે અલ્લાહને આહ્‌વાન કરે છે.

- **આપનો જીવ :**

ચાલો હવે આપણે સૂરએ બકરમાંથી નીચેની આયતો જોઈએ :

- **'અને લોકોમાંથી ખુદાના બંદા કોઈ એવા પણ છે કે <u>જે ખુદાની (ખુશનુદી) પ્રાપ્ત કરવા માટે પોતાનો જીવ સુધ્ધાં વેચી નાખે છે</u> અને ખુદા આવા બંદાઓ ઉપર ખૂબ જ મહેરબાન છે.'**

(સૂરએ બકરહ, આયત-૨૦૭)

ઈમામ ગિઝાલી પોતાની કિતાબ તારીખે ખમીસમાં લખે છે કે સૂરએ બકરહની ઉપરોક્ત આયત **મૌલા અલી(અ.)ની આ કુરબાનીનો ઉલ્લેખ કરતાં પ્રગટ થઈ છે કે જ્યારે આપ હિજરતની રાત્રે રસૂલ(સ.)ની પથારી ઉપર સૂઈ રહ્યા હતા.**

હઝરત અલી(અ.)ની પોતાનો જીવ ફિદા કરવાની અને પયગમ્બર(સ.) અને તેમના દીનને બચાવવાની ભાવના તરફ નજર કરતાં અલ્લાહે પણ તેમનો જીવ ખરીદી લઈને હઝરત અલી(અ.)ને ઈલાહી ખિતાબ આપવાનું મંજૂર કર્યું તેથી જ તો આપ **નફ્સુલ્લાહ (અલ્લાહનો નફસ/જીવ)** બન્યા.

- **આપની શહાદત :**

આપની શહાદતનો ઉલ્લેખ કરતાં એમ. ઓકલે પોતાની પ્રખ્યાત કૃતિ હિસ્ટ્રી ઑફ ધ સેરેસીન્સમાં લખે છે કે જ્યારે અલી(અ.) સુબ્હની નમાઝ માટે પોતાના નિવાસસ્થાનેથી જઈ રહ્યા હતા ત્યારે આપના ઘરનાં પાળેલાં પક્ષીઓ (બતકો) બૂમરાણ કરવા લાગ્યાં. અને જ્યારે આવું જોઈને ગુલામોમાંથી એક જણે તેમને શાંત પાડવાનો પ્રયત્ન કર્યો તો અલી(અ.)એ ફરમાવ્યું, 'તેમને તેમના હાલ પર છોડી દો કેમકે તેમની કીકીયારીઓ માત્ર મારા મોતના અણસારનો વિલાપ છે.'

આપની શહાદત ૨૧મી રમઝાનના દિવસે થઈ. ૧૯મી રમઝાને સુબ્હની નમાઝ દરમિયાન જ્યારે હઝરત અલી(અ.) સિજદાની હાલતમાં હતા ત્યારે અબ્દુર્ રહેમાન ઈબ્ને મુલ્જિમે (તેના ઉપર અલ્લાહની લાનત થાય) ઝેર પાયેલી તલવારનો ઘા કર્યો જેના પરિણામે સર મુબારકમાં એક ઊંડો જખમ થઈ ગયો. આપ ત્યાર પછી બે દિવસ સુધી જીવતા રહ્યા હતા.

આમ આપના જીવનના આ બધાય પ્રસંગો **અલ્લાહની નજદીકી પ્રદર્શિત કરે છે કે જે અજોડ છે અને આવી વિશેષ યોગ્યતા તો બીજી કોઈ વ્યક્તિને મળી નથી.** તેથી જ તો પવિત્ર પયગમ્બર(સ.)એ હઝરત અલી(અ.)ના વિષે ફરમાવ્યું છે કે -

- **'મનુષ્યોમાં માત્ર <u>એક અલી જ એવા છે કે જે અલ્લાહને સૌથી સારી રીતે ઓળખે છે.</u>'**

(સંદર્ભ : કન્ઝુલ અમ્માલમાંથી પસંદગી, અલ મસ્નદ, ભાગ-૫, પેજ-૩૨)

ઉપર દર્શાવેલ સાબિતીઓના પાયા ઉપર રચાયેલી આપણી દલીલો ચોક્કસપણે એવું દર્શાવે છે કે સિદ્રતુલ મુન્તહાની પેલે પાર, સર્વોચ્ચ ક્ષિતિજ પર રસૂલ(સ.)એ જેમને જોયા હતા તે મૌલા અલી(અ.) જ હોવા જોઈએ. આપ ચોક્કસપણે **અલ્લાહની સૌથી મોટી નિશાની (આયતુલ કુબરા) અને અલ્લાહ(સુ.વ.ત.)ની પવિત્ર સાબિતી છે.**

ઉપર દર્શાવેલ નિષ્કર્ષને વધારે સંગીન

બનાવવાના હેતુથી ચાલો આપણે સૂરએ રઅદમાંથી નીચેની આયત ઉપર મનન કરીએ.

- **'અને અય રસૂલ(સ.) ! કાફિર લોકો તો એવું કહે છે કે તમે પયગમ્બર નથી તો તમે તેમને કહી દો કે મારી અને તમારી વચ્ચે મારી રિસાલતની ગવાહી માટે ખુદા અને એ શખ્સ કે જેની પાસે આકાશી કિતાબોનું ઈલ્મ છે, તે કાફી છે.** (સૂરએ રઅદ, આયત-૪૩)

જ્યારે આપણે ઉપરની આયતનું અવલોકન કરીએ તો આયત કહે છે કે **પવિત્ર પયગમ્બર (સ.)ની રિસાલતની સાક્ષી આપનારા બે જણ છે.** પ્રથમ તો અલ્લાહ(સુ.વ.ત.) છે કે જે સર્વવ્યાપી છે અને **બીજો સાક્ષી એ છે કે જેની પાસે કિતાબનું જ્ઞાન છે.** કુરઆનના બધા જ અનુવાદકોએ અચૂકપણે **'સાક્ષી'** શબ્દનો પ્રયોગ તેમના ભાષાંતરમાં કર્યો છે અને શબ્દકોષનો અર્થ સૂચવે છે કે સાક્ષી એટલે **વ્યક્તિગત હાજર રહીને જોનાર, સાંભળનાર અને જાણનાર** અને બીજો અર્થ મને જાણવા મળ્યો છે **પ્રેક્ષક તરીકે હાજર રહેનાર.**

હવે મેઅરાજ રસૂલ(સ.)ની રિસાલતની સૌથી અગત્યની બાબતોમાંથી એક હતી કે જેની કુરઆન દ્વારા યોગ્ય રીતે ગવાહી આપવામાં આવેલ છે. **એનો અર્થ એવો થયો કે ઉપરની આયત મુજબ એવું તારણ નીકળે છે કે પયગમ્બરીની ગવાહી આપવા માટે ગવાહી આપનારે મેઅરાજના સમયે હાજર રહેવું જરૂરી છે.** કારણ કે જો તે મેઅરાજના સમયે હાજર જ ન હોય તો તે કેવી રીતે નિષ્ઠાપૂર્વક ગવાહી આપી શકે ? અને આથી જ તો તે બાબત ઉપરની આયતની વિરૂધ્ધ ગણાય.

ઈસ્લામી આલિમો અને ઈતિહાસકારોના મત અનુસાર ઉપરની આયતમાં દર્શાવેલ **સાક્ષી કે જેની પાસે કિતાબનું સંપૂર્ણ ઈલ્મ છે તે હઝરત અલી(અ.) છે.**

(સંદર્ભ : તફસીરે સુયુતિ, ભાગ-૪, પેજ-૬૯, એ એહતિયાજે તબ્રેસી, તફસીરે અયાશી)

પવિત્ર પયગમ્બર(સ.)ની નીચેની હદીસ આ બાબત ઉપર વધારે પ્રકાશ ફેંકે છે, જેમકે આપ(સ.) ફરમાવે છે :

- 'અલી પોતાના **સર્વશક્તિમાન (પરવરદિગાર) તરફની ઈલાહી સાબિતી છે** અને **હું તેનો સાક્ષી છું.'**

(સંદર્ભ : તારીખ ઈબ્ને અસાકિર, ભાગ-૪૩, પેજ-૨૨૦, કરીબ મિનલ લફઝ ફી યનાબેઉલ મોવદ્દત, ભાગ-૧, પેજ-૨૯૩)

એવું લાગે છે કે તો પછી સર્વોચ્ચ ક્ષિતિજ ઉપર **અલ્લાહની મોટામાં મોટી નિશાની (આયતુલ કુબરા) હઝરત અલી(અ.) હોવાના, સાક્ષી બન્યા રસૂલ(સ.), જ્યારે મહાનતમ પયગમ્બરની મહાનતમ મુસાફરીના મહાનતમ ક્ષિતિજે પહોંચવાના** સાક્ષી બન્યા મૌલા અલી(અ.).

આ બાબતનું વર્ણન કરતાં મીર એહમદ અલી (૧૯૮૮) લખે છે કે જ્યારે પયગમ્બર(સ.) પોતાની સ્વર્ગીય મુસાફરીએથી પાછા આવ્યા ત્યારે આપ પોતાના અનુભવો જણાવે તે પહેલાં જ અલી(અ.)એ આપને મુસાફરીની ઝીણામાં ઝીણી વિગતો આપવાનું શરૂ કરી દીધું હતું, આ બાબત જ સ્પષ્ટપણે દર્શાવે છે કે અલી(અ.) સમગ્ર મુસાફરી દરમિયાન પયગમ્બર(સ.)ની સાથેને સાથે જ હતા.

આ લેખની શરૂઆતના ભાગમાં સૂરએ નજમની આયત પ્રમાણે આપણને જાણવા મળ્યું હતું કે અલ્લાહ(સુ.વ.ત.)એ સર્વોચ્ચ ક્ષિતિજ ઉપર જિબ્રઈલની ગેરહાજરીમાં પયગમ્બર(સ.) ઉપર **વહી** નાઝિલ કરી હતી અને આપણને કદાચ નવાઈ લાગે કે તે સ્વર કોનો હોવો જોઈએ ?

ફૈઝ અલ કાશાની પોતાની પ્રખ્યાત કિતાબ કશફુલ ગુમ્મામાં **હઝરત ઉમરના મુખેથી એક હદીસ વર્ણવે છે** કે જ્યારે પયગમ્બર(સ.)ને એવું

પૂછવામાં આવ્યું કે મેઅરાજ દરમિયાન અલ્લાહે કોના સ્વરમાં આપની સાથે વાતો કરી હતી ? તો પયગમ્બર(સ.)એ ફરમાવ્યું હતું,

**'મારા રબે મારી સાથે અલી ઈબ્ને અબીતાલિબના સ્વરમાં વાતો કરી હતી** અને પછી ફરમાવ્યું, અય અહેમદ ! હું એવો સ્થૂળ પદાર્થ છું કે જે કોઈના પણ જેવો નથી. મારી સરખામણી કોઈ પણની સાથે થઈ શકે તેમ નથી અને હું તારા દિલની ગુપ્ત વાતો જાણું છું. **અલી ઈબ્ને અબીતાલિબના અપવાદ સિવાય તારો કોઈ નજીકનો દોસ્ત નથી.** તેથી **હું તારી સાથે અલી ઈબ્ને અબીતાલિબના સ્વરમાં વાતો કરું છું જેથી તારું દિલ રાહત અનુભવે.**

→ હવે આપણે આ રીતે તારણ કાઢીએ છીએ કે અલ્લાહ પોતાની જાતને પોતાનાં સર્જનો દ્વારા પ્રગટ કરે છે. બધાં સર્જનો તેની નિશાનીઓ છે અને એ નિશાનીઓમાં હઝરત અલી(અ.) અલ્લાહ (સુ.વ.ત.)ની મોટામાં મોટી નિશાની છે કે જેમને તેના મહાનતમ પયગમ્બર(સ.) અને તેના મહાનતમ દીનની મદદ અને રક્ષા કાજે નીચે મોકલવામાં આવેલ છે.

સૂરએ રહેમાનની આયત અને સૂરએ બકરહમાંથી કેટલીક આયતોની મદદથી આપણે સમજી ગયા કે **અલ્લાહનો ગઝબ તેમના ઉપર ઉતરે છે કે જેઓ તેની નિશાનીઓનો અને નેઅમતોનો ઈન્કાર કરે છે.** તો ચાલો હવે આને વધારે સંગીન બનાવવાનો પ્રયત્ન કરવા માટે થોડીક વધારે આયતો જોઈએ, જેમકે કુરઆને પાક ફરમાવે છે:

- **'આજે મેં તમારા દીનને સંપૂર્ણ બનાવી દીધો અને તમારા ઉપર મારી નેઅમતોને પૂરી કરી દીધી અને તમારા આ દીને ઈસ્લામને પસંદ કરી દીધો.'**

(સૂરએ માએદા, આયત-૩)

આ આયતના નાઝિલ થવા ઉપર વિવેચન કરતાં મોટા ભાગના સંકલનકારોએ એકમતે જણાવ્યું છે કે પવિત્ર પયગમ્બર(સ.)એ મૌલા અલી(અ.)નો હાથ પકડીને અને ગદીરે ખુમમાં તેમને બતાવીને **મન કુન્તો મૌલા**ની જાહેરાત કરી ત્યાર પછી આ આયત નાઝિલ થઈ હતી.

(સંદર્ભ : દુર્રે મન્સૂર, જલાલુદ્દીન સુયુતિ, ભાગ-૩, પેજ-૧૯, ખતિબ અલ બગદાદીની તારીખ ભાગ-૮, પેજ-૨૯૦, ૫૯૬, યનાબેઉલ મોવદ્દત અબુ હુરૈરા તરફથી અલ કંદૂઝી અલ હનફી)

આ આયત નાઝિલ થયા પછી પવિત્ર પયગમ્બર(સ.)એ ફરમાવ્યું,

- **'અલ્લાહ મહાન છે દીનની સંપૂર્ણતા ઉપર, નેઅમતોની પરિપૂર્ણતા ઉપર અને અલ્લાહને સંતોષ છે મારી પયગમ્બરી ઉપર અને મારા પછી અમીરુલ મોમિનીન અલી ઈબ્ને અબીતાલિબ (અ.)ની વિલાયત પર.'**

(સંદર્ભ : તિરમિઝી, નિસાઈ, હકીમ નેશાપુરી, એહમદ હમ્બલ, તબરી)

ઉપરોક્ત આયત ઉપરથી બે બાબતોનું તારણ નીકળી શકે છે. પહેલું તો એક કે **મન કુન્તો મૌલાની જાહેરાત સાથે જ ઈસ્લામને સંપૂર્ણ કરી દેવામાં આવ્યો** અને બીજી બાબત એ છે કે અલ્લાહ(સુ.વ.ત.)એ **તે જાહેરાતની સાથે જ પોતાની નેઅમતો પણ પૂર્ણ કરી દીધી.** તેથી એવું કહી શકાય કે મૌલા અલી(અ.) **માત્ર અલ્લાહની સૌથી મોટી નિશાની જ નથી** પરંતુ **આપના વગર અલ્લાહની નેઅમતો અધુરી છે.**

વળી આપણે એ પણ જોઈ લીધું કે અલ્લાહની કોઈ પણ નેઅમતનો ઈન્કાર તેના ગઝબને ઉશ્કેરે છે તો પછી **'સંપૂર્ણ નેઅમત'**નો ઈન્કાર કરવાથી શું થાય ? કુરઆને પાક તે બાબતને નીચે પ્રમાણે દ્રઢ બનાવે છે :

- **'એક માગનારાએ કાફિરો માટે રહેનારો અઝાબ માગ્યો જેને કોઈ ટાળી નથી શકતું કે જે**

**દરજ્જાવાળા ખુદા તરફથી(થનાર) હતો.'**

(સૂરએ મેઅરાજ, આયત-૧ થી ૩)

ઉપરોક્ત આયત નાઝિલ થવા ઉપર ટિપ્પણી કરતાં સલા'બી પોતાની તફસીરમાં લખે છે કે ઈલાહી આદેશથી પવિત્ર પયગમ્બર દ્વારા હઝરત અલી(અ.)ની મૌલા તરીકે અને સરદાર તરીકેની થયેલી નિમણૂંકના સમાચાર બધે ઠેકાણે ફેલાઈ ગયા. હારિસ બિન નોઅમાન ફેહરી નામનો એક માણસ પવિત્ર પયગમ્બર(સ.)ની પાસે આવ્યો અને કહેવા લાગ્યો, **'આપે અમને બે ગવાહીઓ** (અલ્લાહની વહેદાનિયતની અને રિસાલતની) **આપવાનો હુકમ કર્યો, અમે ગવાહી આપી. આપે અમારા ઉપર નમાઝ, ઝકાત, અને હજ વાજિબ કરી. અમે તેમનો સ્વીકાર કરી લીધો. હવે આપ આપના પિત્રાઈ ભાઈ(અલી)ને અમારા મૌલા તરીકે નિયુક્ત કરવાનો ઈરાદો ધરાવો છો** એવી જાહેરાત કરીને કે - 'જેનો હું મૌલા છું તેનો મૌલા અલી છે.' **શું આ જાહેરાત આપના તરફથી છે કે પછી ઈલાહી હુકમ છે ?** પયગમ્બરે ખુદા(સ.)એ ફરમાવ્યું,

**'હું એ અલ્લાહની કસમ ખાઈને કહું છું કે જેના સિવાય બીજો કોઈ માઅબૂદ નથી, આ હુકમ ચોક્કસપણે ઈલાહી (હુકમ) છે.'**

આ સાંભળતાંની સાથે જ હારિસ એકદમ ઊભો થઈ ગયો અને પોતાના ઊંટની પાસે જઈને બબડવા લાગ્યો, **'અય અલ્લાહ ! જો આ હુકમ તારા તરફથી હોય તો મારા ઉપર પથ્થરનો વરસાદ વરસાવ.'** તેણે પોતાનું વાક્ય ભાગ્યે જ પૂર્ણ કર્યું હશે કે તરત જ **આકાશમાંથી એક પથ્થર તેના ઉપર પડ્યો અને તેને મરણને શરણ કરી નાખ્યો.** આ ન્યાય ઉપર કુરઆનની આયત નાઝિલ થઈ :

**'એક માગનારાએ અઝાબ નાઝિલ થવાની માગણી કરી.'** (સંદર્ભ : તફસીરે સઅલબી)

આથી આયત સમજૂતી આપે છે કે અઝાબ નાઝિલ થયો એ નાસ્તિક ઉપર કે જેણે અલ્લાહની નેઅમત અર્થાત મૌલા અલી(અ.)ની મૌલાઈનો અસ્વીકાર કર્યો હતો.

મને લાગે છે કે હું અહીં એક પ્રખ્યાત કવ્વાલની બે સુંદર પંક્તિઓનો ઉલ્લેખ કરું :

**શાહે મર્દાં શેરે યઝદાં કુવ્વતે પરવરદિગાર,**
**લાફતા ઈલ્લા અલી લા સૈફ ઈલ્લા ઝુલ્ફિકાર.**

→ અને સમાપન કરું છું કે અલ્લાહ(સુ.વ.ત.)ની મહાનતમ નિશાની અને મહાનતમ નેઅમત હઝરત અલી(અ.) છે અને આ રીતે અલ્લાહે પોતાની નેઅમતોને હઝરત અલી(અ.)ની મોહબ્બતમાં સંતાડી દીધી છે, જ્યારે અલી(અ.) પ્રત્યેની નફરત તેના ગઝબને ઉશ્કેરે છે. તેથી ચાલો આપણે એવી દુઆ માગીએ કે અલ્લાહ આપણને હઝરત અલી(અ.)ને ચાહવાની જરૂરી શક્તિ આપે અને અલ્લાહની અનંત નેઅમતો અને રહેમતો માટે તેના આભારી રહીએ, આમીન. *


# સૈયદ રઝા સ્ટોન

- મરજાન
- મરયમી નંગ
- ફીરોઝા
- પુખરાજ
- મોતી
- નીલમ
- દુર્રે નજફ
- હુસૈની અકીક
- યાકૂત
- ઝર્દ અકીક
- હદીદેચીની
- પન્ના
- દાનએ ફરંગ

ચાંદીમાંથી બનાવેલી દરેક જાતની વીંટી તૈયાર તથા છૂટક નંગ મળશે.

**હસનૈન ઝૈદી**

મો.૯૮૭૯૮૨૦૮૪૪, ૯૫૮૬૪૪૨૨૭૨

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ.સા.કાં.

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)

### ઈલ્મ અને ફિલોસોફીની સમજૂતી

(ગતાંકનું ચાલુ)

અમે અહીં આ વાતને દોહરાવીએ છીએ કે ફિલોસૉફીની દ્દષ્ટિએ આખેરતનો સ્વીકાર ત્યાં સુધી ના કરી શકાય કે જયાં સુધી રૂહની બકાનો સ્વીકાર ન કરવામાં આવે. પરંતુ શક્ય છે કે મઝહબે ઈસ્લામના આધારે રૂહની બકાની વાત સ્વીકાર્યા વગર પણ કયામતના અસ્તિત્વને સ્વીકારવું પડે. એક મુસલમાન કે જે ફિલોસૉફીથી અજાણ છે તે માને છે કે માણસ મરી જાય પછી ફના થઈ જાય છે અને તેની કોઈ પણ વસ્તુ બાકી રહેતી નથી તેમ છતાંય કયામતના દિવસે અલ્લાહ તઆલા તેને દુનિયામાં હોય તેવા સ્વરૂપ સાથે અને જિસ્મ સાથે ફરીથી પેદા કરશે કે જેથી તે પોતાનો હિસાબ આપે.

પરંતુ કયામતના દિવસે માણસના હાલના સ્વરૂપમાં પાછા જીવિત થવાને ફિલોસૉફર સ્વીકારતો નથી. તે એવું કહે છે કે મોત પછી માણસના શરીરનું માળખું ખરાબ થઈ જાય છે અને હાડકાં નષ્ટ થઈ જાય છે અને મજબૂતમાં મજબૂત હાડકાં પણ એક દિવસ માટીમાં મળી જાય છે. આંધીઓ અને જળપ્રલયો માણસના શરીરના અવશેષોને દુનિયાની ચારે બાજુએ વિખેરી નાખે છે. ફિલોસૉફી આ વાતને સ્વીકારતી નથી કે તે વિખરાયેલા અવશેષો કે જેમની રચના સંપૂર્ણ રીતે બદલાઈ ચૂકી હોય તે એક જ ક્ષણમાં એક જ જગ્યાએ ભેગા થઈ જશે અને એ જ સ્વરૂપમાં માણસનું સ્વરૂપ ધારણ કરી લેશે કે જે સ્વરૂપ તેનું આજે છે. પરંતુ ફિલોસૉફી રૂહની બકાની વાત સ્વીકારે છે.

મુતકલ્લેમીન મુસલમાન કે જે ફિલોસૉફીની સરખામણી દીને ઈસ્લામ સાથે કરે છે તેઓ એવું માને છે કે જે વસ્તુ માણસમાં બાકી રહી જાય છે તે રૂહ છે અને મઆદ રૂહની બકાની સાથે જ શક્ય છે. એટલે કે રૂહ બાકી છે માટે જ મઆદની ઘટના બનશે.

મુતકલ્લેમીન મુસલમાનોએ ફિલોસૉફીને ઈસ્લામની સાથે સરખાવતી વખતે ઉસૂલે દીનથી અળગા જતાં બચવા માટે રૂહની બકાની વાત સ્વીકારી છે કે જેથી ફિલોસૉફીની દ્દષ્ટિએ (ન કે મઝહબી દ્દષ્ટિએ) આખેરત અથવા મઆદની શક્યતા બાકી રહે. જે મુતકલ્લેમીન આવી સરખામણી કરી શક્યા નહીં કે ઉસૂલે દીન બાકી રહી જાય તો તેમના ઉપર મુરતદ હોવાનો ફતવો લગાવી દેવામાં આવ્યો અને મુસલમાનો તેમને મુરતદ કાફિર સમજ્યા. આ જ કારણે જે કોઈ મુતકલ્લીમ આવી સરખામણી કરવા તરફ ધ્યાન આપતો હતો તો તે એક મુશ્કેલ કાર્યને પોતાના હાથમાં લેતો હતો કારણ કે આ કામ સમય લે તેવું હોવાની સાથે સાથે ખતરનાક પણ છે.

સંક્ષેપમાં એ કે મુતકલ્લેમીન મુસલમાનોનો અકીદો એ હતો કે માણસ જિસ્મ અને રૂહથી બનેલો છે અને જે વસ્તુ જિસ્મ અને રૂહને એકબીજા સાથે જોડે છે અને પછી બન્નેને કાર્યક્ષમ બનાવે છે તે

જીવન છે. જ્યાં સુધી આ વસ્તુ બાકી છે ત્યાં સુધી માણસ જીવિત છે અને જેવી આ વસ્તુ તૂટી જશે એટલે કે રૂહ અને જિસ્મનો સંબંધ તૂટી જશે કે તરત જ માણસ મરી જશે. મોત પછી જિસ્મ અને રૂહ જુદા થઈ જાય છે અને બન્ને અલગ અલગ જીવન ધારણ કરી લે છે. પરંતુ જિસ્મ ઝડપથી ઓગળી જઈને નાશ પામે છે જ્યારે કે રૂહ બાકી રહી જાય છે.

મુસલમાનો રૂહની બકાનો અકીદો ધરાવવા માટે પોતાની જાતને મુતકલ્લેમીનની જેમ ફિલોસૉફીની દલીલો વડે પોતાની જાતને થકવી દેતા નથી. તેઓ એવું કહે છે કે અલ્લાહ તઆલાએ કુરઆનમાં ફરમાવ્યું છે કે રૂહ મારાથી સંબંધ ધરાવતા મામલાઓમાંથી છે. અને રૂહ અલ્લાહથી સંબંધ ધરાવે છે એટલા માટે તે બાકી અને અમર છે.

હવે ફિલોસૉફીને ઈસાઈ મઝહબ સાથે સરખાવવા વિશે માલેબ્રાન્શના કાર્ય ઉપર એક નજર નાખીએ. માલેબ્રાન્શ કે જે દેકાર્તનો શિષ્ય હતો તેણે ખરેખર તો દરેક વસ્તુમાં શંકા કરવી જોઈતી હતી પરંતુ તે મુસલમાન મુતકલ્લેમીનના દ્દષ્ટિકોણ પ્રમાણે માણસના અસ્તિત્વને રૂહ અને જિસ્મના સંબંધમાં માને છે અને તેનો અકીદો છે કે જે સંબંધ જિસ્મ અને રૂહ બન્નેને એક બીજા સાથે કાર્ય કરવાનું કારણ બને છે તે જીવન છે અને જ્યારે જિસ્મ અને રૂહનો સંબંધ તૂટી જાય છે તો આ બન્ને એક સ્વતંત્ર જીવન પ્રાપ્ત કરી લે છે એટલે સુધી કે જિસ્મ સંપૂર્ણ રીતે નાશ પામે છે. આ પ્રમાણે માલેબ્રાન્શે પ્રસ્તુત કરેલી ઈસાઈ મઝહબ અને ફિલોસૉફીની સરખામણી મુસલમાન મુતકલ્લેમીનની ઈસ્લામ અને ફિલોસૉફીની સરખામણી પ્રમાણે જ છે. *

## ઈમામ જાફર સાદિક(અ.)ની નજરમાં શક અને યકીન

અમે અગાઉ વર્ણન કર્યું છે તેમ ઈમામ જાફર સાદિક(અ.) ફિલોસૉફીને ઈલ્મ કરતાં ચઢિયાતી માનતા હોવા છતાં આપે એવું પણ ફરમાવ્યું છે કે ઈલ્મ કેટલીક જગ્યાઓએ યકીન સુધી પહોંચાડે છે પરંતુ ફિલોસૉફી હજુ સુધી શકથી બહાર નીકળી નથી. આપ એવું ફરમાવતા નથી કે ઈલ્મ હંમેશાં યકીન સુધી પહોંચાડે છે બલ્કે આપ એવું ફરમાવે છે કે ઈલ્મ કેટલીક જગ્યાઓએ યકીન સુધી પહોંચાડે છે. પરંતુ ફિલોસૉફી તેના અસ્તિત્વમાં આવવાના સમયથી લઈને હજુ સુધી શકમાંથી બહાર નીકળી શકી નથી.

ફિલોસૉફી વિષે ઈમામ જાફર સાદિક(અ.)નું ફરમાન સાચું છે, એ શરતે કે જે ઉલૂમ ફિલોસૉફીમાંથી અસ્તિત્વમાં આવ્યાં અને જે ઉલૂમે માણસને ક્યારેક ક્યારેક યકીન સુધી પહોચાડ્યો છે તેવા ઉલૂમને ભૂલથી ય ફિલોસૉફી સમજી લેવામાં ન આવે. જે દિવસથી યુનાનમાં ફિલોસૉફી અસ્તિત્વમાં આવી તે દિવસથી લઈને આજ સુધી આ ચર્ચા જોવા મળે છે કે યકીન શું છે ? અને શક શું છે? અને શું માનવજાતિ એવા મુકામ સુધી પહોંચી શકતી નથી કે કદીય શક ન કરે ? અને શું શક અને યકીન વચ્ચેનો તફાવત જાહેરી તફાવત નથી ?

ઈમામ જાફર સાદિક(અ.) ફરમાવે છે કે શક જહ્‌લ(અજ્ઞાનતા)નું પરિણામ છે, અને એ વાત સાચી છે. આપણે ગણિતના કોઈ પણ નિયમના પરિણામ વિષે શંકા નથી કરતા કારણ કે તેના વિષે આપણને ઈલ્મુલ યકીન હોય છે. આનાથી ઉલ્ટું માનસશાસ્ત્રના કાયદાના પરિણામ વિષે શંકા કરીએ છીએ કારણ કે તેના વિષે આપણને ઈલ્મુલ યકીન નથી. માનસશાસ્ત્રના નિયમોનાં પરિણામો ગણિતના નિયમોનાં પરિણામો જેવાં નથી કે જેના વિશે આપણે ઈલ્મુલ યકીન રાખી શકીએ. (દા.ત. 2X2 =4 જ હોય છે.)

માનસશાસ્ત્રના નિયમનો મામલો એટલી હદે અસાધારણ છે કે એમ કહી શકાય કે માનસશાસ્ત્રના ખરેખર કોઈ નિયમો જ નથી. રીતભાત,

વિચારસરણી અને શિષ્ટાચારના આધારે દરેક માણસ એક વિશેષ ઓળખ ધરાવે છે અને બે જુદી જુદી વ્યક્તિઓ એવી મળી શકતી નથી કે જેમની ટેવો, રીતભાત, વિચારો અને શિષ્ટાચાર એકબીજાથી મળતા આવતા હોય. માટે માનસશાસ્ત્ર વિશે આવા નિયમો પ્રસ્તુત કરી શકાતા નથી કે જે બધી વ્યક્તિઓ ઉપર લાગુ પડે. લોકોમાં વંશીય અને કોમી તફાવત સિવાય એક જ સમાજમાં રહેતા લોકો વચ્ચે ટેવો, રીતભાત અને વિચારોમાં પણ ઘણો તફાવત જોવામાં આવે છે અને જો લોકોના કોઈ ટોળામાં વિચારોની સમાનતા જોવામાં આવતી હોય છે તો તે એટલા માટે કે તે બધા ભેગા મળીને પોતાના જીવનની જરૂરિયાતો પૂરી કરવા માગે છે અને આવી રીતે તે લોકો ભેગા મળીને એકસરખી જીવનશૈલી અપનાવીને પોતાના વિચારોમાં અને શિષ્ટાચારમાં સમાનતા પેદા કરી લે છે કે જેમનું અનુસરણ કરીને એમના જીવનની જરૂરિયાતો પૂરી થઈ શકે.

એક જ પરિવારના નિકટતમ સભ્યો દા.ત. બાપ, દીકરો, મા અને દીકરીમાં પણ દેખાવ, વિચાર અને શિષ્ટાચારની સમાનતા જોવામાં આવતી નથી. પત્ની અને પરિવાર વચ્ચે પણ ટેવ, રીતભાત, વિચાર અને શિષ્ટાચારની સમાનતા હોતી નથી એટલે સુધી કે પ્રેમી અને પ્રેમિકામાં પણ ટેવ, રીતભાત અને વિચારની દૃષ્ટિએ સમાનતા નથી હોતી અને આ જ કારણે પ્રેમીઓની આત્મકથાની શરૂઆત મીઠી હોય છે પરંતુ અંત મીઠો નથી હોતો. જો કથાકાર પ્રેમકથાના અંતનું વર્ણન ન કરે અને ફક્ત આટલું જ કહે કે તેમના જીવનમાં ખુશીઓ જ ખુશીઓ હતી અને તેમના ત્યાં ઘણા દીકરા થયા અને આટલું કહી દીધા પછી જો કથાકાર તેમના અંતનું વર્ણન કરે તો શ્રોતા સમજશે કે શરૂઆતમાં તો બન્ને પ્રેમીઓ જુદા જ લાગતા હતા અને અંતમાં કંઈક જુદા જ થઈ ગયા એટલે કે પ્રેમીઓની શરૂઆત અને અંતમાં જમીન અને આસમાનનો તફાવત હોય છે.

વીસમી સદીની શરૂઆતમાં એક ફ્રેન્ચ ફિલોસૉફર બર્ગસન(Henri Bergson) કે જે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે, તેના કહેવા પ્રમાણે પાશવી અને અર્ધપાશવી કોમો ઉપર માનસશાસ્ત્રના નિયમો ખરા ઉતરે છે અને તેમાં ય અર્ધપાશવી કોમો ઉપર પાશવી કોમોની સરખામણીમાં આ કાયદા ઓછા ખરા ઉતરે છે. બર્ગસનના કહેવા પ્રમાણે પાશવી કોમમાં લોકો દરેક વસ્તુ વિષે એક સરખા વિચાર ધરાવે છે એટલે કે એમના વિચારોમાં સમાનતા જોવામાં આવે છે. તેમની જાણકારી અને હિતો સીમિત હોય છે માટે તેમના વિચાર જુદા જુદા હોઈ શકતા નથી. પરંતુ જેમ જેમ તેઓ પ્રગતિ કરે છે અને અર્ધપાશવી થઈ જાય છે તેમ તેમ તેમની જાણકારીમાં વધારો થતો જાય છે અને તેમના હેતુની સીમા પણ વિસ્તૃત થતી જાય છે. (ક્રમશઃ)


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦
મો. ૯૮૯૮૬૬૭૭૪૧

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
☞ **બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**

પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત



# જુંબિશે લબ — جُنبشِ لب

## સલામ ૨૩

**બ બારગાહે હઝરત ઈમામ હુસૈન(અ.)**

| | |
|---|---|
| اے شہیدِ کربلا، آپ پہ لاکھوں سلام | **અય શહીદે કરબલા, આપ પે લાખો સલામ,** |
| دیں پرست و حق نما آپ پہ لاکھوں سلام | **દીં પરસ્તો હકનુમા, આપ પે લાખો સલામ.** |

(અય કરબલાના શહીદ (હઝરત ઈમામ હુસૈન(અ.) !) આપના ઉપર અમારા લાખો સલામ થાય. દીને ઈસ્લામના ફિદાઈ અને હક(રસ્તા)ને બતાવનાર ! આપના ઉપર અમારા લાખો સલામ થાય.)

| | |
|---|---|
| سرکو کٹا کر کیا سرخرو اسلام کو | **સરકો કટા કર કિયા સુર્ખરૂ ઈસ્લામકો,** |
| پیکرِ صبر و رضا، آپ پہ لاکھوں سلام | **પયકરે સબ્રો રઝા, આપ પે લાખો સલામ.** |

((ઈસ્લામને ખાતર) પોતાનું મસ્તક કપાવી દઈને દીને ઈસ્લામને સન્માનિત કરી દીધો. અય સબર અને રઝાના સાકાર સ્વરૂપ ! આપના ઉપર અમારા લાખો સલામ થાય.)

| | |
|---|---|
| حق تو یہ ہے آپ ہیں لاالہٰ کی بنا | **હક તો યે હે આપ હે લાઈલાહકી બિના,** |
| فاتحِ کرب و بلا، آپ پہ لاکھوں سلام | **ફાતહે કરબોબલા, આપ પર લાખો સલામ.** |

(સાચું તો એ છે કે આપ (કલ્મએ તૌહીદ) **'લાઈલાહ'**ની બુનિયાદ છો. અય કરબલાના(જંગના) વિજેતા! આપના ઉપર અમારા લાખો સલામ થાય.)

| | |
|---|---|
| فاطمہؑ کے نورعین جان و دلِ مرتضیٰ | **ફાતેમાકે નૂરે ઐન, જાનો દિલે મુર્તઝા,** |
| سُنیئے مری التجا آپ پہ لاکھوں سلام | **સુનીયે મેરી ઈલ્તેજા, આપ પર લાખો સલામ.** |

(આપ જનાબે ફાતેમા ઝેહરા(અ.)ની આંખોનું નૂર અને ઈમામ અલી મુર્તઝા(અ.)નો જીવ અને દિલ (સમાન) છો. આપ મારી વિનંતીને સાંભળજો. આપના ઉપર મારા લાખો સલામ થાય.)

| | |
|---|---|
| روضۂ اقدس کی ہو مجھکو زیارت نصیب | **રૌઝાએ અકદસકી હો મુઝકો ઝિયારત નસીબ,** |
| در پہ ہوں میں جبہ سا آپ پہ لاکھوں سلام | **દર પે હૂં મૈં જુબ્બા સા, આપ પે લાખો સલામ.** |

(આપના પવિત્ર રોઝાની ઝિયારત મને પણ નસીબ થાય. હું તો આપની ચોખટ ઉપર માથું રગડવાવાળો છું. આપના ઉપર મારા લાખો સલામ થાય.)

| | |
|---|---|
| ہر طرف الحاد کی تیرگی چھانے لگی | **હર તરફ ઈલ્હાદકી તીરગી છાને લગી,** |
| لاج بچانا ہے پھر آپ کو اِسلام کی | **લાજ બચાના હે ફિર આપકો ઈસ્લામકી.** |

(ચારેય તરફ નાસ્તિકતાનો અંધકાર છવાવા લાગ્યો છે. આપે ફરીથી પાછી દીને ઈસ્લામની લાજ બચાવવાની છે.)

پھر حق و باطل میں ہے گرم وہی معرکہ — **ફિર હકો બાતિલમેં હૈ ગર્મ વહી મા'રકા,**

وقتِ مدد ہے شہا آپ پہ لاکھوں سلام — **વકતે મદદ હૈ શહા, આપ પે લાખો સલામ.**

(ફરીથી પાછું હક અને બાતિલનું મેદાન ગરમ થઈ ગયું છે. અય શહા ! આ સમય મદદ કરવા આવવાનો છે. આપના ઉપર મારા લાખો સલામ થાય.)

**આ સાથે 'જુંબિશે લબ' વિભાગ સમાપ્ત થાય છે.**

## ઝહીર હોસ્ટેલ / ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ, ઝહીરાબાદને મળેલ સ્વૈચ્છિક ડોનેશન

રૂા.૨૫૦૦૦/- **મો. મર્હૂમ ઈબ્રાહીમભાઈ વજીરભાઈ ભોવણીયા**(ભૂતપૂર્વ સહતંત્રી-જાફરી આવાઝ'માસિક')(ઈલોલ પહાડીયા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૫૦૦૦/-**મો. મર્હૂમ અહેસાનઅલી મહંમદઅલી ભોવણીયા**(ઈલોલ પહાડીયા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/-**મો.આબિદઅલી યુસુફભાઈ મસી**(કિશોરગઢ) તરફથી

રૂા.૧૫૦૦/-**મો.મોહંમદઅલી ઈબ્રાહીમભાઈ ખણુશીયા**(કાટવાડ) તરફથી

રૂા.૨૦૦૦/-**મો.મોહંમદઅલી શરીફભાઈ દેધરોટીયા(બાદશાહ)**(કનાઈ) તરફથી

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દાતાઓના તથા તેમના મર્હૂમોના હકમાં દુઆ ગુઝારે છે.


બાવા સાહેબની ભલી દુઆઓથી

# મહેર કોટન ઈન્ડસ્ટ્રીઝ

**મહેર બ્રાન્ડ કપાસ ખોળ**

**::::: ખોળ માટે :::::**
**અબ્બાસઅલી આબિદહુસૈન**
**અસગરભાઈ રસુલભાઈ**
**::::: કપાસ માટે :::::**
**ઝહીરઅબ્બાસ**

**હસનઅલી લકી (ધોળકાવાળા)**

**::: સંપર્ક :::**
**૦૨૭૭૨-૨૯૦૪૨૯, ૨૮૭૩૩૦**

કપાસ વેચવા માટે તથા કપાસ ખોળ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ એટલે

**મહેર કોટન ઈન્ડસ્ટ્રીઝ**

લાલપુર ગામની સામે, હિંમતનગર-વિજાપુર હાઈવે, હિંમતનગર-૩૮૩૦૦૧.

**ફોન : ૦૨૭૭૨-૨૯૦૪૨૯, ૨૮૭૩૩૦**

કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

સૂરા નં.૬૮ સૂરએ કલમ

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **(અય રસૂલ!) તેમને પૂછ કે તેઓમાંથી તેનો જામીન કોણ થશે? (૪૦)**

**અથવા તેમના શરીકો પણ છે? પછી જો આ (લોકો) સાચા છે તો પોતાના તે શરીકોને લઈ આવે. (૪૧)**

**જે દિવસે પીંડળીઓ ઉઘાડવામાં આવશે (વસ્તુ સ્થિતિ જાહેર થઈ જશે) અને તેમને સજદા માટે બોલાવવામાં આવશે પણ તેઓ (સિજદો) કરી શકશે નહીં. (૪૨)**

**તેમના ચક્ષુઓ ઢળેલાં હશે, અને હિણપત તેમના પર છવાયેલી હશે; જો કે આ(લોકો)ને દુનિયામાં પણ સજદા માટે બોલાવવામાં આવતા હતા એવી સ્થિતિમાં કે તેઓ તંદુરસ્ત પણ હતા.(૪૩)**

અય મોહંમદ(સ.)! તું તેમને પૂછ કે એ બાબતો વિષે તેમનામાંનો કોણ જામીન છે?

શું તેઓ માટે એવી વાતોમાં બીજા લોકો શરીક થાય તેઓ તે વાતમાં તેમની સાથે મળતા હોય અને તેમના દાવા ઉપર સાક્ષી આપે કે મુસલમાનોની જેમ અમને પણ બેહિશ્ત મળશે? જો તેઓ સાચા હોય તો પોતાના શરીકોને લાવે, તેમના દાવામાં તેમનો કોઈ મદદગાર નથી. તેઓ તો માત્ર ખોટાં અનુમાન કરે છે.

એ દિવસને યાદ કરો કે જે દિવસે પીંડલી ખુલ્લી કરવામાં આવશે. તેનો ભાવાર્થ એ કે દરેક વસ્તુઓ જાહેર થઈ જશે અને તેનો અર્થ એ પણ લેવામાં આવ્યો છે કે તે દિવસે એટલી સખ્તી અને ભય જાહેર થઈ જશે કે લોકો સમક્ષ બધી વસ્તુઓ ખુલ્લી પડી જશે અને તે ઘડી કયામતની છે અને જે જે લોકોએ ગુનાહનાં કાર્યો કર્યા હશે તેમને તેનો બદલો આપવામાં આવશે અને જે જે લોકોએ હઝરત ઈસા(અ.) અને હઝરત ઓઝેર(અ.)ને ખુદાના પુત્ર બનાવ્યા છે તેમને પણ સજા મળશે.

તે વખતે ભયના લીધે લોકો પોતાની આંખો નીચી કરી લેશે અને પોતાનાં માથાં ઊંચાં કરી શકશે નહીં. તેઓ દુનિયામાં તંદુરસ્ત અને સલામત હતા, તેમને સજદા માટે બોલાવવામાં આવતા હતા પણ તેઓ સજદો કરતા ન હતા. સઈદ ઈબ્ને ઝુબેરથી રિવાયત છે કે સજદો કરવા માટે બોલાવનારથી મુરાદ મોઅઝ્ઝીન (અઝાન આપનારો) છે. જ્યારે **હય્ય અલલ ફલા**ની અવાજ સાંભળતા પણ નમાઝ માટે જતા નથી.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **હવે તેને કે જે આ વાતને જૂઠલાવે છે, મારા પર છોડી દે (કે હું તેને સમજી લઈશ); અમે ધીમે ધીમે તેમને અઝાબની પાસે એવી રીતે કરી દઈશું કે તેમને ખબર પણ નહીં પડે. (૪૪)**

**અને હું તેમને ઢીલ આપતો રહું છું; બેશક મારી યુક્તિ ડગે નહીં એવી છે. (૪૫)**

**અથવા તું તેમનાથી (પયગામ પહોંચાડવાનું) કાંઈ મહેનતાણું માગે છે કે જેથી તેઓ દંડના ભારથી દબાઈ જાય છે?(૪૬)**

**અથવા તેમની પાસે ગેબની ખબરો છે કે જે તેઓ લખી લે છે? (૪૭)**

**(માટે) તું હવે તારા પરવરદિગારના ફેંસલાની રાહ જોવામાં ધીરજ ધર અને માછલીવાળા (યૂનુસ)ના જેવો (અધીરો) થઈ ન જા, જ્યારે કે તેણે (અલ્લાહ)ને પોકાર્યો હતો એવી સ્થિતિમાં કે તે અતિ સંતાપમાં પડ્યો હતો.(૪૮)**

અય મોહંમદ(સ.)! જેઓ કુરઆનને જૂઠલાવે છે તેમને અમારા હવાલે કરી દે. તું દુઃખી ન થા, અમે તેમની ધીરે ધીરે પકડ કરીશું. તેઓ જાણી જોઈને એ પ્રમાણે કરે છે. હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે જ્યારે બંદો કોઈ ગુનાહ કરે

અને નવી નેઅમતો મળે અને તે પછી તૌબા ન કરે તો ખુદા તેમને ધીરે ધીરે વધારે છે જેમકે આ આયતમાં ફરમાવ્યું છે કે તેઓ ગુનાહ કરતા જાય અને અમે તેમને દરજ્જે દરજ્જે વધારતા જઈએ છીએ, વિગેરે.

પછી ફરમાવે છે કે હું તેમને દુનિયામાં સમય આપીશ, તેમનું આયુષ્ય લાંબુ કરીશ, અઝાબમાં જલ્દી નહીં કરું એટલે સુધી કે તે મગરૂર થઈને વધારે ગુનાહ કરવા લાગે, અમારો અઝાબ બહુ જ સખ્ત છે ન કોઈ તેને ટાળી શકે છે.

અય મોહંમદ(સ.) ! તું તેમનાથી પયગામ પહોંચાડવાનું કાંઈ મહેનતાણું માગે છે ? શું તેઓ તેમના દંડના ભારથી દબાઈ જાય છે ? મતલબ કે એવું કંઈ નથી છતાં તેઓ મોઢું ફેરવે છે.

શું તેમની પાસે ગેબની વાતો એટલે લૌહે મહ્‌ફૂઝ છે કે તેમાંથી તેઓ લખી લેતા હોય ? એટલે કે તેઓ કહે છે કે મોમિન અને કાફરના સરખા દરજ્જા થશે, એ લોકોને હિદાયતની લેશ માત્ર પરવા નથી.

માટે તું હવે તારા રબના ફેંસલાની રાહ જોવામાં સબ્ર કર અને માછલીવાળાની જેમ અધીરો થઈ ન જા, જ્યારે કે અલ્લાહને તેણે પોકાર્યો હતો એવી સ્થિતિમાં કે તે અતિ સંતાપમાં પડ્યો હતો.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **જો તેના પરવરદિગારની કૃપાએ તેને સહાય કરી ન હોત તો ખરે જ તેને સપાટ મેદાનમાં ફેંકી દેવાયો હોત અને તે ઠપકાને પાત્ર ઠર્યો હોત (અર્થાત તેની માઠી દશા થવા પામી હોત) (૪૯)**

**પરંતુ તેના પરવરદિગારે તેને સ્વીકારી લીધેલો (બંદો) કરી લીધો અને તેને નેક બંદાઓમાં કાયમ કરી લીધો. (૫૦)**

**જે વેળા નાસ્તિકો કુરઆનને સાંભળે છે ત્યારે એમ દેખાય છે કે તેઓ તને ઘૂરકીને જોતાં (રાહે રાસ્તથી) ભટકાવી નાખશે અને તેઓ કહે છે કે ખરે જ આ તો દિવાનો છે. (૫૧)**

**જો કે ખરું જોતાં તે (કુરઆન) તો સઘળી દુનિયાઓ માટે નસીહત છે. (૫૨)**

જો તેને રબની નેઅમત એટલે રહેમત મળી ન હોત તો તે ઝાડ અને પાણી વગરના ઉજ્જડ જંગલમાં ફેંકી દેવામાં આવ્યો હોત પરંતુ તેની દુઆ કબૂલ કરી, માછલીના પેટમાંથી મુક્ત કરીને તેની દૂધીના ઝાડ નીચે પરવરિશ કરી અને તે અસલી હાલત ઉપર આવી ગયો.

તેના રબે તેને નેક બંદાઓમાંથી બનાવ્યો અને તેના ઉપર વહી આવવા લાગી અને તેણે જે બેહતર કામ છોડ્યું તે તેને માફ કરી દીધું.

કહે છે કે બની અસદના લોકોએ જે લોકો બદનઝર કરતા હતા તેમને બોલાવ્યા અને તેમને કહ્યું કે તમે હઝરતને નુકસાન પહોંચાડો, તેઓ નજર નાખવામાં એટલા બધા પ્રવીણ હતા કે જ્યારે ગોશ્ત ખાવાની ઈચ્છા થતી તો પોતાની દાસીને કહેતા કે અમારી સાથે ચાલ પછી બહાર નીકળીને કોઈ ઊંટ અથવા  બકરીને જોતા તો કહેતા કે આ કેવું રૂષ્ટ પુષ્ટ છે. તેમના આમ કહેવાની સાથે જ તે જાનવર જમીન ઉપર પડી જતું અને તેનો માલિક તરત જ તેને ઝબ્હ કરી નાખતો અને આ લોકો તેની પાસેથી ગોશ્ત માગી લેતા. તેઓ માણસો ઉપર પણ બદનઝર નાખતા હતા જેથી તે બીમાર પડી જતો અથવા મરી જતો. મતલબ કે જ્યારે એ લોકો હઝરત રસૂલે ખુદા(સ.)ની સમક્ષ આવ્યા ત્યારે આપ(સ.) કુરઆનની તિલાવત કરી રહ્યા હતા તો તેઓ કહેવા લાગ્યા કે આ કેવી છટાથી બોલી રહ્યો છે અને કેટલો ખૂબસૂરત છે, તો અલ્લાહે આપને પોતાના રક્ષણમાં રાખ્યા અને આ આયત નાઝિલ ફરમાવી.

કુરઆન તો તમામ દુનિયા માટે શિખામણ રૂપ છે. હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું કે બદનઝર ઊંટને દેગમાં અને માણસને કબરમાં પહોંચાડે છે. એક વખત હઝરત રસૂલે ખુદા(સ.) જન્નતુલ બકીઅ તરફથી નીકળ્યા તો ફરમાવ્યું કે ખુદાની કસમ ! અહીંના લોકો બદનઝરના કારણે વધારે મરણ પામ્યા છે જો કે બદનઝર વિષે ઓલમામાં ઈખ્તેલાફ છે પણ મોટા ભાગના લોકો એ વાતને માન્ય રાખે છે. *

ભાગ-૩
## બોધ વચનો અને ઉપદેશો

હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)

**(૩૭૨) દુનિયા અને દીનનો કયામ :**

આપે જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીને ફરમાવ્યું, અય જાબિર ! દીન અને દુનિયા ચાર ચીજો પર કાયમ છે. એ આલિમ કે જે પોતાના ઈલ્મનો ઉપયોગ કરે અને એ જાહિલ કે જે ઈલ્મ શીખવાથી ઈન્કાર ન કરે. એ સખી કે જે પોતાની નેકીઓમાં લોભ ન કરે અને એ ફકીર કે જે પોતાની આખેરતને દુનિયાના બદલે ન વેચી નાખે. એટલે (યાદ રાખો) જો આલિમ પોતાને બરબાદ કરી દેશે તો જાહિલ પણ તેને પ્રાપ્ત કરવાથી અકડી બેસશે અને જો સખી પોતાની નેકીઓમાં લોભ કરશે તો ફકીર પણ આખેરતને દુનિયાના બદલે વેચવા તૈયાર થઈ જશે.

જાબિર ! જેના પર અલ્લાહની નેઅમતો વધારે હોય છે તેનાથી લોકોની હાજતો પણ વધારે હોય છે એટલે જે શખ્સ પોતાના માલમાં અલ્લાહની ફરજો સાથે રહે છે તે પોતાની અમરતા અને સદાકાળનો સામાન ભેગો કરે છે અને જે આ ફરજો પૂરી નથી કરતો તે તેને પતન અને વિનાશના માર્ગે લગાવી દે છે.

**(૩૭૩) હિદાયતનો માર્ગ :**

ઈબ્ને જરીર તબરીએ પોતાના ઈતિહાસમાં અબ્દુર્રહેમાન બિન અલી લયલાથી નકલ કર્યું છે કે જે હજ્જાજના સામના માટે ઈબ્ને અશઅશની સાથે નીકળ્યો હતો અને લોકોને જેહાદ માટે ઉત્તેજીત કરી રહ્યો હતો કે મેં હઝરત અલી(અ.)થી એ દિવસે સાંભળ્યું જ્યારે અમે લોકો શામવાળાઓથી લડી રહ્યા હતા તો હઝરતે ફરમાવ્યું,

ઈમાનવાળાઓ ! જે શખ્સ જુએ કે જુલ્મ અને અત્યાચાર પર અમલ થઈ રહ્યો છે અને બૂરાઈઓનું આમંત્રણ આપવામાં આવી રહ્યું છે અને પોતાના દિલથી તેનો ઈન્કાર કરી દે તો જાણે સલામત થઈ ગયો અને મુક્ત થઈ ગયો અને જબાનથી ઈન્કાર કરી દે તો અજરનો હકદાર પણ થઈ ગયો કેમકે આ દિલી ઈન્કારથી વધારે સારી રીતે છે અને જો કોઈ તલવાર વડે તેની રોકથામ કરે જેથી અલ્લાહનું કથન ઊંચું થઈ જાય અને જાલિમોની વાત પડી જાય તો આ જ એ શખ્સ છે કે જેણે હિદાયતનો માર્ગ મેળવી લીધો અને સીધા માર્ગ પર ઊભો થઈ ગયો અને તેના દિલમાં યકીનની રોશની પેદા થઈ ગઈ.

**(૩૭૪) અમ્ર બિલ મઅરૂફ અને નહિ અનિલ મુન્કર :**

(આ વિષય પર એક બીજા પ્રસંગે ફરમાવ્યું)

કેટલાક લોકો મુન્કેરાતનો ઈન્કાર દિલ-ઝબાન અને હાથથી કરે છે તો તેઓ સારાઈના બધા વિભાગોના ધણી છે અને અમુક લોકો માત્ર જીભ અને દિલથી ઈન્કાર કરે છે અને હાથથી રોકથામ નથી કરતા તો તેમણે ભલાઈની બે આદતોને મેળવી અને એક આદત બરબાદ કરી અને અમુક લોકો માત્ર દિલથી ઈન્કાર કરે છે અને ન હાથ વાપરે છે ન જીભ, તો તેમણે બે આદતોને બરબાદ કરી અને માત્ર એક જાળવી. અને અમુક એવા પણ છે કે જેઓ દિલ, જબાન અને હાથ, કોઈનાથી પણ બૂરાઈઓનો ઈન્કાર નથી કરતા તો તેઓ જીવતાઓ વચ્ચે મુડદા જેવા છે અને યાદ રાખો કે બધા આ'માલે

ખૈર, ખુદાના માર્ગમાં જેહાદ સહિત અમ્ર બિલ મઅરૂફ અને નહિ અનિલ મુન્કરના સામનામાં એ જ હેસિયત ધરાવે છે કે જે ઊંડા સમુદ્રમાં થૂંકના છાંટાની હોય છે. અને આ બધા સુકર્મોથી ઉચ્ચતર કાર્ય જાલિમ રાજકર્તાની સામે ન્યાયભર્યા શબ્દોનો પડકાર છે.

**(૩૭૫) જેહાદની વ્યાખ્યા :**

અબુ જહીફાથી નકલ કરવામાં આવ્યું છે કે મેં અમીરૂલ મોમિનીન(અ.)ને એમ કહેતાં સાંભળ્યા છે કે સૌથી પહેલાં તમને હાથના જેહાદમાં પરાજિત કરવામાં આવશે ત્યાર પછી જીભના જેહાદમાં અને ત્યાર પછી દિલના જેહાદમાં - પણ એ યાદ રહે કે જો કોઈ શખ્સે દિલથી સારપને સારપ ન સમજી અને બૂરાઈને બૂરું ન સમજ્યો તો તેને એવી રીતે ઉથલાવવામાં આવશે કે નીચો ઊંચો થઈ જાય અને ઊંચો નીચો થઈ જાય.

**(૩૭૬) હક અને બાતિલનું પરિણામ :**

હક સદાય ભારે હોય છે પણ મજાનું હોય છે અને જૂઠ સદાય આસાન હોય છે પણ ઘાતક હોય છે.

**(૩૭૭) આશા-નિરાશા :**

જુઓ, આ ઉમ્મતના સૌથી શ્રેષ્ઠ આદમીના વિશે પણ અઝાબથી નચિંત ન થઈ જવું કેમકે અલ્લાહના અઝાબથી માત્ર ખોટમાં રહેનારા જ નિરાંત કરીને બેસી જાય છે. એવી રીતે આ ઉમ્મતના બદતરીનના વિશે પણ ખુદાની રહેમતથી હતાશ ન થઈ જવું કેમકે ખુદાની રહેમતથી નિરાશા માત્ર કાફરોનો ભાગ છે.

(ધ્યાન રહે કે આ કથનનો સંબંધ માત્ર એ ગુનેહગારોથી છે કે જેમના આ'માલ તેમને કુફ્રની સીમા સુધી ન પહોંચાડી દે નહિતર કાફર તો હર હાલતમાં ખુદાની રહેમતથી માયૂસ રહે છે)

**(૩૭૮) કંજૂસી :**

કંજૂસી એબોની બધી બૂરાઈઓનો સંગ્રહ છે અને આ જ એ લગામ છે જે ઈન્સાનને દરેક બૂરાઈની તરફ ખેંચીને લઈ જાય છે.

**(૩૭૯) રોજી અને આજીવિકા :**

અય આદમના પુત્ર ! રોજીના બે પ્રકાર છે : એક રોજી એ છે કે જેને તમે શોધો છો અને એક રોજી એ છે કે જે તમને શોધી રહી છે કે જો તમે તેની સુધી નહીં પહોંચો તો તે તમારી પાસે આવી જશે. એટલે એક વરસની ચિંતા-વ્યાધિને એક દિવસ પર ન લાદી દો. દરેક દિવસ માટે એક દિવસની ચિંતા પૂરતી છે. ત્યાર પછી જો તમારી વયમાં એક વર્ષ બાકી રહી ગયું હોય તો દરેક આવવાવાળો દિવસ પોતાની રોજી પોતાની સાથે લઈને આવશે અને જો વરસ બાકી નથી તો વરસભરની ચિંતાની જરૂર જ શી છે ? તમારી રોજીને તમારા પહેલાં કોઈ પામી નથી શકતો અને તમારા ભાગ પર કોઈ વર્ચસ્વ નથી પામી શકતો, બલ્કે તમારા નસીબમાં જે લખાઈ ચૂક્યું છે તે વહેલે મોડે તમને મળીને રહેશે.

**(૩૮૦) જીવન અને મરણ :**

ઘણા લોકો એવા દિવસનો સામનો કરનારા છે કે જેનાથી ભાગનારા નથી અને ઘણા લોકો એવા છે કે જેની કિસ્મત પર સમી સાંજે ઈર્ષા કરવામાં આવે છે અને સવાર થતાં થતાં તેના પર રોવાવાળીઓનો મેળો ભરાઈ જાય છે.

**(૩૮૧) જીભથી જાળવણી :**

બોલવું તમારા અંકુશમાં છે, જ્યાં સુધી તેને જાહેર ન કરવામાં આવે. ત્યાર પછી તેના અંકુશમાં ચાલ્યા જશો એટલે તમારી જીભને એવી જ સાચવી રાખો જેવી રીતે સોના ચાંદીને સાચવવામાં આવે છે કેમકે અમુક (પ્રકારની) વાણી નેઅમતોને ખોઈ નાખે છે અને અઝાબને આવરી લે છે.

**(૩૮૨) ખામોશી :**

જે વાત નથી જાણતા તેને જીભથી બહાર ન કાઢો બલ્કે દરેક એ વાત કે જેને જાણો છો એને પણ ન બયાન કરો કેમકે અલ્લાહે દરેક અવયવનું કંઈને કંઈ કર્તવ્ય નક્કી કર્યું છે અને તેના જ મારફત કયામતના દિવસે હુજ્જત પૂરી કરનાર છે.

**(૩૮૩) ખુદાની ઈતાઅત અને ગુનાહ :**

એ વાતથી ડરો કે અલ્લાહ તમને ગુનાહના પ્રસંગે હાજર જુએ અને ફરમાબરદારીના સમયે ગેરહાજર જુએ કેમકે આ રીતે ખોટ ઉપાડનારામાં ગણાઈ જશો. જો તમારી પાસે શક્તિ હોય તો તેને ખુદાની ફરમાંબરદારીમાં દેખાડો અને જો કમજોરી દેખાડવી હોય તો ગુનાહ વખતે દેખાડો.

**(૩૮૪) દુનિયાદારી જહાલત (અજ્ઞાનતા) છે :**

દુનિયાની પરિસ્થતિ જોયા પછી પણ તેના પ્રતિ વલણ અને આકર્ષણ જહાલત છે અને સવાબનું યકીન હોવા પછી પણ નેક અમલમાં આળસ કરવી નુકસાન છે. ઈમ્તેહાનની પહેલાં દરેક પર ભરોસો કરી લેવો લાચારી અને કમજોરી છે.

**(૩૮૫) દુનિયાની તુચ્છતા :**

ખુદાની નજરમાં દુનિયાની તુચ્છતા માટે એટલું જ પૂરતું છે કે તેના ગુનાહ આ દુનિયામાં જ થાય છે અને તેની અસલી નેઅમતો તેને છોડ્યા વગર પ્રાપ્ત નથી થતી.

**(૩૮૬) જે ગોતે એને જડે :**

જે કોઈ કોઈ ચીજ મેળવવા માગતો હોય છે તે પૂરી અથવા અધૂરી, હર હાલતમાં મેળવી લે છે.

**(૩૮૭) ભલાઈ અને બૂરાઈ :**

એ ભલાઈ ભલાઈ નથી કે જેનું પરિણામ જહન્નમ હોય અને એ બૂરાઈ બૂરાઈ નથી કે જેનો અંત જન્નત હોય. જન્નત સિવાયની દરેક નેઅમત તુચ્છ છે અને જહન્નમથી બચી જવા પછી દરેક સંકટ આરામ છે. *



*બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ*


**અલ - ઈમાન ટૂર**

**AL- EMAN TOUR**

**(હજ, ઉમ્રહ, ઝિયારત)** **Haj-Umrah-Ziyarat Organiser**

**અસ્સલામુન અલયકુમ !**

**અલ્લાહના ફઝલો કરમથી, મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદની ભલી દુઆઓથી છેલ્લા દસ વર્ષથી હજ, ઉમ્રહ અને ઝિયારતના અનુભવ સાથે અલ-ઈમાન ટૂરનું આયોજન કરેલ છે. આ વર્ષે અલ-ઈમાન તરફથી ઝિયારતની ટૂરનું આયોજન ઈન્શાઅલ્લાહ મોહર્રમ માસમાં કરેલ છે. રસ ધરાવનાર મોમિન ભાઈ-બહેનોએ નીચેના નંબર્સ પર સંપર્ક કરવા વિનંતી.**

**મો.મોહંમદહુસૈન વલીભાઈ ભુરા (ઉસ્તાદ - ઈલોલ તલાવ)**

મો.૯૮૭૯૫૫૮૬૭૦, ૯૪૨૯૭૫૬૧૪૩, (રહેઠાણ) ૦૨૭૭૨ ૨૨૭૫૫૩